દૈનિક મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૩ વર્ષ
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 119 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ વૈશાખ વદ - ૯ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 21 May 2025, Wednesday ■ REGD.No. MCS/058/2018-20
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
બુધવાર, ૨૧ મે ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ | ઈન્ટરવલ પૂર્તિ
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# વક્ફ સુધારો: અરજીની સુનાવણી સીમિત રાખવાની કેન્દ્રની સુપ્રીમને વિનંતી

નવી દિલ્હીઃ વક્ફ સુધારા કાયદાની યોગ્યતાને પડકારતી અરજીની સુનાવણી કોર્ટ દ્વારા વક્ફ જાહેર કરવામાં આવેલી પ્રોપર્ટીને ડિનોટિફાય કરવા સહિત વક્ફ બાય યુઝર્સ કે વક્ફ બાય ડીડ એમ ત્રણ મુદ્દા પૂરતી સીમિત રાખવાની કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટને મંગળવારે વિનંતી કરી હતી.

કેન્દ્ર સરકાર વતી હાજર રહેલા સોલિસિટર જનરલ તુષાર મહેતાએ મુખ્ય ન્યાયાધીશ બી. આર. ગવઈ અને ન્યાયાધીશ ઑગસ્ટિન જ્યોર્જ મસિહની બનેલી ખંડપીઠને આ વિનંતી કરી હતી.

અગાઉની ખંડપીઠે પણ સુનાવણી માટે આ ત્રણ મુદ્દાને મુખ્ય લેખાવ્યા હોવાનું જણાવતાં તેમણે કહ્યું હતું કે આ ત્રણ મુદ્દે પ્રતિક્રિયા આપતું સોગંદનામું અમે દાખલ કર્યું છે.

વક્ફ સુધારા કાયદાની યોગ્યતાને પડકારતી અરજીની સુનાવણી આ ત્રણ મુદ્દા પૂરતી સીમિત રાખવાની મારી વિનંતી છે, એમ તેમણે કહ્યું હતું.

જોકે તુષાર મહેતાએ કરેલી રજૂઆતનો અરજકર્તા વતી ઉપસ્થિત રહેલા વરિષ્ઠ વકીલ કપિલ સિબ્બલ અને અભિષેક સિંઘવીએ એમ કહીને વિરોધ કર્યો હતો કે અરજીની ટુકડે ટુકડે સુનાવણી ન થઈ શકે. અરજકર્તા દ્વારા ઉપાડી લેવામાં આવેલો બીજો મુદ્દો સ્ટેટ વક્ફ બૉર્ડ અને સેન્ટ્રલ વક્ફ કાઉન્સિલની રચના સંબંધિત છે જેમાં તેમણે દલીલ કરી છે કે બૉર્ડનું સંચાલન માત્ર મુસ્લિમ સભ્યો જ કરી શકે.

ત્રીજો મુદ્દો એ સંબંધિત છે કે પ્રોપર્ટી સરકારી જમીન છે કે નહીંતેની ખાતરી કરવા કલેક્ટર તપાસ હાથ ધરે ત્યારે વક્ફની પ્રોપર્ટીને વક્ફની ગણવામાં નહીં આવે. સિબલે કહ્યું હતું કે અગાઉ ૧૭ એપ્રિલે કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટને બાંયધરી આપી હતી કે સરકાર પાંચમી મે સુધી વક્ફ બાય યઝર્સ સહિતની વક્ફ પ્રોપર્ટીને ડિનોટિફાય નહીં કરે તેમ જ સેન્ટ્રલ વક્ફ કાઉન્સિલ અને બૉર્ડમાં કોઈ નિમણૂક પણ નહીં કરે. વક્ફ બાય યુઝર્સ સહિતની વક્ફ પ્રોપટીના ડિનોટિફિકેશન અને સેન્ટ્રલ વકફ કાઉન્સિલ અને બૉર્ડમાં બિનમુસ્લિમની નિમણૂક કરવાની પરવાનગી આપતી જોગવાઈ પર સ્ટે આપવાને મામલે વચગાળાનો આદેશ આપવાના સુપ્રીમ કોર્ટના પ્રસ્તાવનો કેન્દ્ર સરકારે વિરોધ કર્યો હતો. પાંચ એપ્રિલે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ મંજૂરી આપ્યા બાદ કેન્દ્ર સરકારે ગયા મહિને વક્ફ સુધારા કાયદો ૨૦૨૫ નોટિફાય કર્યો હતો. વક્ફ અમેન્ડમેન્ટ બિલને લોકસભામાં ૨૮૮ વિરુદ્ધ ૨૩૨ અને રાજ્યસભામાં ૧૨૮ વિરુદ્ધ ૯૫ મતથી મંજૂરી આપવામાં આવી હતી. પચીસ એપ્રિલે કેન્દ્રના લઘુમતી બાબતોના ખાતાએ સુધારિત વક્ફ ઍક્ટ ૨૦૨૫નો બચાવ કરતું ૧,૩૩૨ પાનાનું પ્રાથમિક સોગંદનામું દાખલ કર્યું હતું. (એજન્સી)■

## સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાની ચૂંટણીઓ પહેલાં: છગન ભુજબળનો પ્રધાનમંડળમાં સમાવેશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્ર સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણીઓ આગામી દિવસોમાં કરવાની રાજ્ય સરકારને ફરજ પડી છે ત્યારે એક આશ્ચર્યજનક ઘટનાક્રમમાં અનુભવી ઓબીસી દિગ્ગજ નેતા અને એનસીપીના છગન ભુજબળને મહાયુતિ સરકારમાં કેબિનેટ પ્રધાન તરીકે સ્થાન આપવામાં આવ્યું હતું. રાજ્યમાં ઓબીસી વસ્તીને ધ્યાનમાં રાખીને તેમને મનાવવાના પ્રયાસ થયા હોવાનું માનવામાં આવી રહ્યું છે.

'જેનો અંત સારો થાય છે તે બધું સારું છે,' એવા શબ્દોમાં ભૂતપૂર્વ નાયબ મુખ્ય પ્રધાન અને સૌથી અનુભવી રાજકારણીઓમાંના એક ભુજબળે સરકારમાં સામેલ થવા પર પોતાની પ્રતિક્રિયા આપી હતી.

માળી-ઓબીસી સમુદાયમાંથી આવતા ૭૭ વર્ષીય ભુજબળને પુનરાગમન કરનાર વ્યક્તિ તરીકે (જુઓ પાનું ૨) ▸▸

## આઈપીએલની ફાઈનલ અમદાવાદમાં

### પ્લે-ઑફની બે મૅચ પંજાબના મુલ્લાંપુરમાં અને બાકીની બે અમદાવાદમાં

નવી દિલ્હીઃ આઇપીએલ-૨૦૨૫ની મંગળવાર, ૨૭મી મેએ છેલ્લી લીગ મૅચ રમાઈ ગયા બાદ ગુરુવાર, ૨૯મી મેએ ચાર મૅચનો પ્લે-ઑફ રાઉન્ડ શરૂ થશે અને એ પ્લે-ઑફ રાઉન્ડનું બાકી રહેલું શેડ્યૂલ જાહેર થઈ ગયું છે. અમદાવાદીઓને ખુશ કરી દે એવી ખાસ ખબર એ છે કે આ વખતની આઇપીએલની ત્રીજી જૂનની ફાઇનલ અમદાવાદમાં રમાશે.

સુધારેલા શેડ્યૂલ મુજબ બીસીસીઆઇએ પ્લે-ઑફની ચાર મૅચ માટે ન્યૂ ચંડીગઢનું મુલ્લાંપુર અને અમદાવાદ નક્કી કરી દીધા છે.

ફાઇનલ મૂળ તો કોલકાતામાં તેમ જ એ પહેલાંની બે પ્લે-ઑફ હૈદરાબાદમાં (જુઓ પાનું ૨) ▸▸

## અમેરિકાની જેમ પાકિસ્તાને પણ આતંકવાદીઓની સોંપણી ભારતને કરવી જોઈએઃ ભારતીય રાજદૂત

જેરુસલેમઃ અમેરિકાએ જેમ ૨૬/૧૧ મુંબઈ આતંકવાદી હુમલાના માસ્ટર માઈન્ડ તહવ્વુર રાણાની ભારતને સોંપણી કરી હતી તે જ રીતે પાકિસ્તાને પણ હાફિઝ સઈદ, સાજિદ મીર અને ઝકી-ઉર રહેમાન લકવી જેવા ચાવીરૂપ આતંકવાદીઓની ભારતને સોંપણી કરવી જોઈએ, એમ ઈઝરાયલસ્થિત ભારતીય રાજદૂત જે.પી. સિંહે કહ્યું હતું.

આતંકવાદ વૈશ્વિક દૂષણ છે એમ જણાવી સિંહે આતંકવાદ વિરુદ્ધની લડત માટે આંતરરાષ્ટ્રીય મોરચાની રચના કરવાની હાકલ કરી હતી.

ઈઝરાયલની ટીવી ચેનલને આપેલી મુલાકાતમાં સિંહે ભારપૂર્વક કહ્યું હતું કે પાકિસ્તાન સામેનું 'ઑપરેશન સિંદૂર' અટકાવવામાં આવ્યું છે, પૂરું નથી થયું. પહલગામ આતંકવાદી હુમલાના ભારતે આપેલા વળતા જવાબ અંગે સિંહે કહ્યું હતું કે આ કાર્યવાહી (જુઓ પાનું ૨) ▸▸

## બેંગલૂરુમાં ભારે વરસાદથી તબાહી, પાંચ લોકોનાં મોત

બેંગલૂરુઃ કર્ણાટકના બેંગલૂરુમાં છેલ્લા ૩૬ કલાકથી વરસી રહેલા ભારે વરસાદને કારણે જનજીવન પ્રભાવિત થયું હતું. ભારે વરસાદના કારણે અનેક રસ્તાઓ પાણીમાં ડૂબી ગયા હતા. જેના કારણે ઘણી જગ્યાએ વાહનવ્યવહાર ખોરવાઈ ગયો હતો, જ્યારે રાજ્યમાં વરસાદ સંબંધિત ઘટનાઓમાં મૃત્યુઆંક વધીને પાંચ થયો હતો. અધિકારીઓએ આ માહિતી આપી હતી.

ભારે વરસાદને કારણે શહેરના સાઈ લેઆઉટમાં ટાપુ જેવી સ્થિતિ સર્જાઈ છે અને અહીંનાં ઘરોના નીચેના માળ અડધા (જુઓ પાનું ૨) ▸▸

**રાહત કામગીરીઃ** બેંગલૂરુમાં મંગળવારે ભારે વરસાદ બાદ અનેક વિસ્તારમાં પાણી ભરાઈ જતાં રાહત કામગીરી હાથ ધરવામાં આવી હતી. (એજન્સી)





**અકસ્માતઃ** પશ્ચિમ બંગાળના નાદિયા જિલ્લામાં કૃષ્ણનગર-કરીમપુર રોડ પર મંગળવારે એક કાર અને બસ વચ્ચે થયેલા અકસ્માત બાદ જોવા મળી રહેલો કાટમાળ. આ દુર્ઘટનામાં ઓછામાં ઓછા છ જણનાં મોત થયાં હતાં. (એજન્સી)

## ઉત્તર પ્રદેશના હરદોઈમાં રાજધાની એક્સપ્રેસ સહિત બે ટ્રેનોને પાટા પરથી ઉથલાવવાનો પ્રયાસ નિષ્ફળ

હરદોઈ (ઉત્તર પ્રદેશ)ઃ ઉત્તર પ્રદેશના હરદોઈ જિલ્લામાં લોકો પાયલટ્સની સતર્કતાને કારણે રાજધાની એક્સપ્રેસ સહિત બે ટ્રેનોને પાટા પરથી ઉથલાવવાનો પ્રયાસ નિષ્ફળ બનાવવામાં આવ્યો હતો. પોલીસે મંગળવારે આ માહિતી આપી હતી. પોલીસે દાવો કર્યો છે કે સોમવારે સાંજે અજાણ્યા બદમાશોએ દલેલનગર અને ઉમરતાલી સ્ટેશન વચ્ચેના ટ્રેક પર અર્થિંગ વાયરનો ઉપયોગ કરીને લાકડાનો બ્લોક બાંધ્યો હતો.

પોલીસે જણાવ્યું હતું કે દિલ્હીથી આસામના દિબ્રુગઢ જઈ રહેલી રાજધાની એક્સપ્રેસના લોકો પાયલટે અવરોધ જોયા પછી ઇમરજન્સી બ્રેક લગાવી હતી. લોકો પાયલટે અવરોધને હટાવ્યો અને રેલવે અધિકારીઓને જાણ કરી હતી. રાજધાની એક્સપ્રેસ પછી કાઠગોદામ એક્સપ્રેસને પાટા પરથી ઉતારવાનો બીજો પ્રયાસ કરવામાં આવ્યો હતો. પોલીસે જણાવ્યું હતું કે લોકો પાયલટની સતર્કતાને કારણે અકસ્માત ટળી ગયો હતો અને કોઈ અનિચ્છનીય ઘટના બની નહોતી.

સોમવારે સાંજે પોલીસ અધિક્ષક નીરજ કુમાર જાદૌને ઘટનાસ્થળની મુલાકાત લીધી હતી અને જરૂરી સૂચનાઓ આપી હતી. તેમણે પુષ્ટિ કરી હતી કે રેલવે પોલીસ, રેલવે પ્રોટેક્શન ફોર્સ અને સ્થાનિક પોલીસની ટીમો ઘટનાની તપાસ કરી રહી છે. ■

## તમિળનાડુમાં પથ્થરની ખાણમાં ખડકો ધસી પડતાં પાંચનાં મોત, બે ઘાયલ

શિવગંગાઃ મંગળવારે શિવગંગા જિલ્લામાં એક પથ્થરની ખાણમાં ખડકો ધસી પડતાં પાંચ લોકોનાં મોત થયાં હતાં અને બે ઘાયલ થયા હતા, એમ પોલીસે જણાવ્યું હતું. જિલ્લાના સિંઘમપુનારી નજીક મલ્લાકોટ્ટાઈમાં ખાણમાં કાટમાળ નીચે જેમાં મોટાભાગના કામદારો હતા, ફસાયા હતા. પથ્થરો સાફ કર્યા પછી પોલીસ, ફાયર વિભાગ અને બચાવ સેવાના કર્મચારીઓ દ્વારા ત્રણ વ્યક્તિના મૃતદેહ બહાર કાઢવામાં આવ્યા હતા. પોલીસે ઉમેર્યું હતું કે, બે વ્યક્તિનું હોસ્પિટલ લઈ જતા રસ્તામાં મૃત્યુ થયું હતું જ્યારે ગંભીર રીતે ઘાયલ થયેલા બે વ્યક્તિને મદુરાઈની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. રાતોરાત વરસાદ કે કામદારો દ્વારા ઉપયોગમાં લેવાયેલા વિસ્ફોટકોના કારણે આ ભૂસ્ખલન થયું હતું કે કેમ તેની તપાસ ચાલી રહી છે.■

## એનઆઈએ, આઈબી દ્વારા પાકિસ્તાન માટે જાસૂસી કરનાર યુટ્યૂબરની ઊલટતપાસઃ પોલીસ

ચંદીગઢઃ પાકિસ્તાન માટે જાસૂસી કરવાના આરોપમાં ધરપકડ કરવામાં આવેલી હરિયાણાની યુટ્યૂબર જ્યોતિ મલ્હોત્રાની રાષ્ટ્રીય તપાસ એજન્સી, ગુપ્તચર બ્યૂરો અને લશ્કરના ગુપ્તચર અધિકારીઓ પૂછપરછ કરી રહ્યા છે, એમ પોલીસે મંગળવારે જણાવ્યું હતું.

તેના નાણાકીય વ્યવહારો અને મુસાફરીની વિગતોની પણ તપાસ ચાલી રહી છે, એમ તેમણે જણાવ્યું હતું.હિસારસ્થિત જ્યોતિ (૩૩), જે 'ટ્રાવેલ વિથ જેઓ' નામની યુટ્યૂબ ચેનલ ચલાવતી હતી, તેની ૧૬ મેના રોજ ન્યૂ અગરસેન એક્સટેન્શનમાંથી ધરપકડ કરવામાં આવી હતી.

પોલીસે જણાવ્યું હતું કે, તેના પર સત્તાવાર ગુપ્તચર અધિનિયમ અને બીએનએસની સંબંધિત કલમો હેઠળ કેસ દાખલ કરવામાં આવ્યો હતો.

જ્યોતિ છેલ્લા બે અઠવાડિયામાં જાસૂસીના આરોપમાં પંજાબ, હરિયાણા અને ઉત્તર પ્રદેશમાંથી ધરપકડ કરાયેલા ૧૨ લોકોમાં સામેલ છે.

મંગળવારે હિસારમાં હરિયાણા પોલીસના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે કેન્દ્રીય એજન્સીઓ અને લશ્કરી ગુપ્તચર અધિકારીઓ તેની મુસાફરીની વિગતોની પણ તપાસ કરી રહ્યા છે, કારણ કે તેણે પાકિસ્તાન, ચીન અને કેટલાક અન્ય દેશોની મુલાકાત લીધી હોવાના અહેવાલ છે.

અધિકારીએ જણાવ્યું હતું કે, તેણે કયા દેશોની મુલાકાત લીધી અને કયા ક્રમમાં, તે જોવા માટે ઘટનાઓની સંપૂર્ણ સાંકળ દોરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

અગાઉ, પોલીસે કહ્યું હતું કે તેની આવકના જાણીતા સ્રોતો તેની વિદેશ યાત્રાઓને વાજબી ઠેરવતા નથી અને ઉમેર્યું હતું કે તેના નાણાકીય વ્યવહારો પણ તપાસ હેઠળ છે. પોલીસે જણાવ્યું હતું કે જ્યોતિના લેપટોપનું ફોરેન્સિક વિશ્લેષણ ચાલી રહ્યું છે અને ઉમેર્યું હતું કે તેઓ તેના સંપર્કમાં રહેલા લોકોની પણ પૂછપરછ કરશે. ■

## પશ્ચિમ બંગાળમાં નાદિયામાં ભીષણ અકસ્માત, બસ-કારની ટક્કરમાં છનાં મોત

કોલકાતાઃ પશ્ચિમ બંગાળના નાદિયા જિલ્લામાં મંગળવારે એક કાર અને બસ વચ્ચે ટક્કર થતાં ઓછામાં ઓછા છ લોકોનાં મોત થયા છે. પોલીસે આ માહિતી આપી હતી. એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે સવારે લગભગ ૭ વાગ્યે કૃષ્ણનગર-કરીમપુર સ્ટેટ હાઇવે પર છ લોકોને લઈ જતી એક કાર સામેથી આવતી બસ સાથે અથડાઈ હતી. તેમણે કહ્યું કે કારમાં સવાર તમામ છ લોકોનાં મોત થયા હતા. કૃષ્ણનગર પોલીસ અધિકારીએ જણાવ્યું કે મૃતકોની ઓળખ હજુ સુધી થઈ નથી. અધિકારીએ કહ્યું હતું કે ''અકસ્માત સમયે ખાનગી કાર કૃષ્ણનગરથી કોલકાતા જઈ રહી હતી. તેમણે કહ્યું હતું કે અકસ્માત એટલો ભયાનક હતો કે કારમાંથી મૃતદેહોને બહાર કાઢવા માટે કટરનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. ■

## સરકારે આઈબી ચીફ તપનકુમારની મુદત ફરી લંબાવી

નવી દિલ્હીઃ સરકારે ઈન્ટેલિજન્સ બ્યૂરોના ચીફ તપનકુમાર ડેકાની મુદત ફરી એક વર્ષ માટે લંબાવી જૂન ૨૦૨૬ સુધીની કરી છે. સરકારે આતંકવાદવિરોધી નિષ્ણાત તપનકુમાર ડેકાને આઈબીના ચીફ તરીકે વધુ એક વર્ષની મુદત આપવાનો મંગળવારે નિર્ણય લીધો હતો. આ સાથે જ તપનકુમાર ડેકાને બીજીવાર મુદત લંબાવી આપવામાં આવી છે. પહલગામ આતંકવાદી હુમલાની પ્રતિક્રિયાના ભાગરૂપ સાતમી મેએ પાકિસ્તાન અને પીઓકે સ્થિત આતંકવાદી માળખાને તોડી પાડવા ભારતે કરેલા હુમલા બાદ નિર્માણ પામેલી સુરક્ષાની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો છે.

૬૨ વર્ષના ડેકા હિમાચલ પ્રદેશ કેડરના ૧૯૮૮ બેચના આઈપીએસ અધિકારી છે અને જૂન ૨૦૨૨માં તેમની બે વર્ષ માટે આઈબીના ચીફ તરીકે નિમણૂક કરાઈ હતી. મોદીના વડપણ હેઠળની ધ એપોઈન્ટમેન્ટ કમિટી ઑફ ધ કેબિનેટે આઈબીના ચીફ તરીકે ડેકાની મુદત ૩૦ જૂન ૨૦૨૫થી આગળ વધુ એક વર્ષ એટલે કે જૂન ૨૦૨૬ સુધી લંબાવવાને મંજૂરી આપી હોવાનું પર્સનલ મિનિસ્ટ્રી દ્વારા બહાર પાડવામાં આવેલા આદેશમાં જણાવવામાં આવ્યું હતું.

## અઠવાડિયાના અંતમાં ચોમાસું કેરળ પહોંચવાની શક્યતાઃ આઇએમડી

નવી દિલ્હીઃ દક્ષિણ પશ્ચિમ ચોમાસું આગામી ચાર-પાંચ દિવસમાં કેરળ પહોંચવાની શક્યતા છે, જે સામાન્ય તારીખ એક જૂન કરતાં ઘણું વહેલું છે, એમ ભારતીય હવામાન વિભાગ (આઇએમડી) એ મંગળવારે જણાવ્યું હતું.હવામાન વિભાગે અગાઉ આગાહી કરી હતી કે ચોમાસું ૨૭ મે સુધીમાં કેરળમાં શરૂ થશે.

આઇએમડી ના ડેટા અનુસારજો અપેક્ષા મુજબ ચોમાસુ કેરળમાં આવે છે, તો ૨૦૦૯ પછી ભારતીય મુખ્ય ભૂમિ પર આ સૌથી વહેલું આગમન હશે, જ્યારે તે ૨૩ મેના રોજ શરૂ થયું હતું. ■



**સજ્જતાઃ** જમ્મુ-કાશ્મીરના પૂંચ જિલ્લા નજીક એલઓસી પાસે સજ્જ ભારતીય સેનાના જવાનો. (એજન્સી)

એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# માયાવતીને ભત્રીજા સિવાય બીજાને કમાન સોંપવી ના પરવડે

**બહુજન** સમાજ પાર્ટી (BSP)નાં સર્વેસર્વા માયાવતીએ પોતાના ભત્રીજા આકાશ આનંદને બહુજન સમાજ પાર્ટી (BSP)ના ચીફ નેશનલ કો-ઓર્ડિનેટર નીમતાં ઉત્તર પ્રદેશમાં લાંબા સમયથી ચાલી રહેલા માયાવતી મેડમના ફેમિલી ડ્રામામાં અંતે ઘીના ઠામમાં ઘી પડી ગયું. અઢી મહિના પહેલાં બસપાનાં સર્વેસર્વા માયાવતીએ આકાશ આનંદ પાસેથી બસપાની બધી જવાબદારીઓ છિનવી લઈને નેશનલ કો-ઓર્ડિનેટર પદેથી તગેડી મૂક્યા હતા.

માયાવતીએ એલાન કરેલું કે, આકાશ હવે મારો રાજકીય વારસ નથી અને પોતે હવે કોઈને પણ રાજકીય વારસ નહીં બનાવે. માયાવતીએ આકાશ આનંદની પક્ષવિરોધી હરકતો માટે આકાશના સસરા અશોક સિદ્ધાર્થ અને તેની પત્ની ડૉ. પ્રજ્ઞા પર દોષનો ટોપલો ઢોળીને સિદ્ધાર્થ અને ડૉ. પ્રજ્ઞાને આડે હાથ લઈ લીધા હતા.

એકાદ મહિના પહેલાં માયાવતીએ આકાશ આનંદને પાછો બહુજન સમાજ પાર્ટી (બસપા)માં લેવાની જાહેરાત કરી હતી અને મહિના પછી હવે આકાશ આનંદના હાથમાં બસપાની કમાન સોંપી દીધી છે. સંગઠનાત્મક સુધારાના ભાગ રૂપે માયાવતીએ આખા દેશના સંગઠને ત્રણ ઝોનમાં વિભાજિત કરીને ત્રણેય ઝોન માટે અલગ અલગ ટીમોની રચના કરવાનો આદેશ આપ્યો છે. દરેક ઝોન માટે એક નેશનલ કો-ઓર્ડિનેટર નીમવામાં આવ્યા છે. રામજી ગૌતમ, રણધીર બેનિવાલ અને રાજારામ એ ત્રણ નેશનલ -કો-ઓર્ડિનેટર છે.

માયાવતીએ આકાશ આનંદને દૂર કર્યા ત્યારે તેમના સ્થાને જે બે નવા નેશનલ કો-ઓર્ડિનેટરની નિમણૂક કરી તેમાં એક તેમના સગા ભાઈ અને આકાશના પિતા આનંદ કુમાર હતા જ્યારે બીજા નેશનલ કો-ઓર્ડિનેટર રાજ્યસભા સાંસદ રામજી ગૌતમ હતા. પછીથી માયાવતીએ આનંદ કુમારને દૂર કરીને રણધીર બેનિવાલને નેશનલ કો-ઓર્ડિનેટર બનાવેલા ને ગયા મહિને રાજારામને નેશનલ કો-ઓર્ડિનેટર બનાવેલા. આકાશ આનંદ ચીફ નેશનલ કો-ઓર્ડિનેટર બનતાં ત્રણેય ઝોનલ કો-ઓર્ડિનેટર સીધા આકાશ આનંદને રિપોર્ટ કરશે. મતલબ કે, આકાશ આનંદ હવે બસપામાં પાછા માયાવતી પછી નંબર ટુ બની ગયા છે.

માયાવતીએ સત્તાવાર રીતે જાહેરાત ભલે ન કરી પણ આકાશ આનંદ માયાવતીના રાજકીય વારસ અને બસપાના ભાવિ સર્વેસર્વા છે એ સ્પષ્ટ છે. આકાશ આનંદને સત્તાવાર રીતે સમગ્ર ભારતમાં પાર્ટી પ્રવૃત્તિઓ અને સંકલનને સુવ્યવસ્થિત કરવાની જવાબદારી સોંપવામાં આવી છે તેનો મતલબ એ થયો કે, તમામ પ્રાદેશિક એકમોએ આકાશ આનંદને જવાબ આપવાનો રહેશે.

માયાવતીની બસપા આમ તો ડૂબતું વહાણ છે તેથી બસપામાં થતા ફેરફારોથી રાષ્ટ્રીય રાજકારણમાં કે બસપાનો સૌથી વધારે પ્રભાવ છે એ ઉત્તર પ્રદેશમાં પણ બહુ ફરક ના પડે છતાં માયાવતીએ લીધેલા નિર્ણયે ચર્ચા જગાવી છે. તેનું કારણ એ કે, યુપીમાં હજુ બસપા પાસે દસેક ટકાની મતબેંક છે. યુપીમાં ૨૦૨૭ના માર્ચ-એપ્રિલમાં વિધાનસભાની ચૂંટણી છે તેમાં આ ૧૦ ટકાની મતબેંક નિર્ણાયક સાબિત થવાની છે તેથી બસપા હવે પછી કઈ તરફ વળે છે એ મહત્ત્વનું છે.

માયાવતી સર્વેસર્વા હતાં ત્યારે તો સવાલ જ નહોતો કેમ કે માયાવતીએ બસપાને ભાજપની બી ટીમ બનાવી દીધી છે પણ આકાશ આનંદ બસપાને ફરી બેઠી કરવા મથી રહ્યા છે. આ સંજોગોમાં માયાવતી અને આકાશ આનંદ વચ્ચે ફરી ટકરાવ થશે કે આકાશ આનંદ સાવ શરણાગતિ સ્વીકારીને ભાજપને ફાયદો કરાવવાની માયાવતીની વ્યૂહરચનાને વળગી રહેશે તેના પર સૌની નજર છે.

માયાવતી અને આકાશ વચ્ચે ભૂતકાળમાં થયેલા ટકરાવનું કારણ માયાવતીની ભાજપ તરફી નીતિઓ છે. માયાવતીએ પોતાની પાસે સત્તા હતી ત્યારે બેફામ ભ્રષ્ટાચાર કર્યો તેથી તેમની સામે સખ્યાબંધ કેસો થયા છે. આ કેસોના કારણે માયાવતીને મોદી સરકાર ગમે ત્યારે ઉઠાવીને જેલમાં નાખી શકે છે પણ મોદી સરકાર માયાવતીને કશું કરતી નથી કેમ કે માયાવતીએ ભાજપ સામે શરણાગતિ સ્વીકારી લીધી છે. માયાવતી ઉત્તર પ્રદેશ અને બીજાં હિદીભાષી રાજ્યોમાં ભાજપ વિરોધી મતો તોડીને ભાજપને ફાયદો કરાવે છે તેથી માયાવતીના ભ્રષ્ટાચારને રાષ્ટ્રીય મુદ્દો બનાવનારો ભાજપ હવે માયાવતીના ભ્રષ્ટાચાર સામે ચૂપ છે કે કોઈ કાર્યવાહી પણ કરાતી નથી.

માયાવતી ભાજપને ફાયદો કરાવે તેના બદલામાં ભાજપની સરકાર ભ્રષ્ટાચારના કેસમાં કશું ના કરે એવો વણલખ્યો નિયમ બંને પાળી રહ્યાં છે પણ આકાશ આનંદ આક્રમક બનીને બોલે છે. આકાશ ઉત્તર પ્રદેશની યોગી આદિત્યનાથ સરકાર અને કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકાર બંને સામે આકરા પ્રહારો કરે છે અને યુપીમાં દલિતો પર થતા અત્યાચારના મુદ્દાને વારંવાર ચગાવે છે. આ કારણે ભાજપ અસહજતા અનુભવે છે. યુપીની ચૂંટણીને બે વર્ષની વાર છે પણ આકાશ આનંદ આ જ રણનીતિ અપનાવે તો ફરી ટકરાવ થઈ શકે છે.

જો કે રાજકીય વિશ્લેષકો માને છે કે, આકાશ આનંદનું હવે પછીનું લક્ષ્ય બસપા પર સંપૂર્ણ કબજો કરવાનું છે તેથી એ માયાવતીના કહ્યાગરા બનીને વર્તશે. આકાશ આનંદની રાજકીય કારકિર્દી બહુ લાંબી છે તેથી અત્યારથી સંઘર્ષ કરવાના બદલે એ તકની રાહ જોવાનું પસંદ કરશે. આકાશ આનંદ પાસે પૂરતો સમય પણ છે અને માયાવતી લાંબો સમય ખેંચી પણ નહીં શકે કેમ કે માયાવતી ૬૯ વર્ષનાં છે. માયાવતી ચાર વાર ઉત્તર પ્રદેશનાં મુખ્યમંત્રી રહી ચૂક્યાં છે અને લગભગ ૩૫ વર્ષથી સતત સાંસદ કે ધારાસભ્ય તરીકે ચૂંટાય છે તેથી તેમને હવે કોઈ રાજકીય મહત્ત્વાકાંક્ષા નથી. બીજી તરફ જ્યારે આકાશ ૩૦ વર્ષનો છે. આકાશ રાજકારણમાં હજુ પા-પા પગલી માંડી રહ્યો છે ને પોતાની રાજકીય કારકિર્દી બનાવવા તેની પાસે પૂરતાં વરસો છે તેથી માયાવતી સાથે બગાડવાનું જોખમ એ નહીં લે.

આકાશે પહેલાં પોતાના સસરા અશોક સિદ્ધાર્થની મદદથી બસપા પર કબજો કરવાના પ્રયત્ન શરૂ કર્યા તેમાં તેનો વારો પડી ગયો હતો. બસપામાં લાંબા સમયથી અશોક સિદ્ધાર્થ અને રામજી ગૌતમનાં જૂથો વચ્ચે જંગ ચાલે છે. યંગસ્ટર્સ ડૉ. સિદ્ધાર્થ સાથે છે જ્યારે માયાવતીની નજીક મનાતા સતિષ મિશ્રા સહિતના જૂના જોગીઓના રામજી ગૌતમને આશીર્વાદ છે તેથી મિશ્રા સહિતના દિગ્ગજોએ માયાવતીને સિદ્ધાર્થ સામે પગલાં લેવડાવી ઘરભેગા કરાવી દીધેલા. હવે બસપામાં આકાશ આનંદ એકલા છે તેથી તેમણે પહેલાં પોતાનું જૂથ જમાવવું પડશે એ જોતાં સંઘર્ષના બદલે શાણપણનો માર્ગ અપનાવશે એવું લાગે છે.

માયાવતી પણ એવું જ ઈચ્છતાં હશે કેમ કે બસપાનો કબજો પરિવાર પાસે રહે એ માયાવતીના ફાયદામાં છે. બસપામાં પોતાના પરિવાર સિવાય બીજા કોઈને પણ બેસાડે તો એ બસપાને ફરી બેઠી કરવા આક્રમક તેવર બતાવશે તેથી જેલમાં જવાનો ખતરો તો ઊભો જ રહેશે. આકાશ ભત્રીજો છે તેથી તેને ઈમોશનલ બ્લેકમેઈલ કરીને પણ કાબૂમાં રાખી શકાય તેથી માયાવતી આકાશ આનંદને જ સર્વેસર્વા બનાવશે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ – સૌર ગ્રીષ્મઋતુ, બુધવાર, તા. ૨૧-૫-૨૦૨૫, પંચક.
- ભારતીય દિનાંક ૩૧, માહે વૈશાખ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૭, વૈશાખ વદ -૯
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે વૈશાખ, તિથિ વદ-૯
- પારસી શહેનશાહી રોજ ૧૦મો આવા, માહે ૧૦મો દએ, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૧૦મો આવા, માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૨જો બેહમન, માહે ૪થો તીર, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૨૨મો, માહે ૧૧મો જિલ્કાદ, સને ૧૪૪૬
- મીસરી રોજ ૨૪મો, માહે ૧૧મો જિલ્કાદ, સને ૧૪૪૬
- નક્ષત્ર શતભિષા સાંજે ક. ૧૮-૫૭ સુધી, પછી પૂર્વાભાદ્રપદા
- ચંદ્ર કુંભમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ કુંભ (ગ, સ, શ, ષ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૦૪, અમદાવાદ ક. ૦૫ મિ. ૫૮, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૦૬, અમદાવાદ ક. ૧૯ મિ. ૧૪, સ્ટા. ટા.
- મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ
- ભરતીઃ સાંજે ક. ૧૮-૩૦
- ઓટઃ સવારે ક. ૧૧-૫૬, મધ્યરાત્રિ પછી ક. ૦૧-૨૨ (તા. ૨૨)

વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, વૈશાખ કૃષ્ણ – નવમી. પંચક.

શુભાશુભ દ્દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.

- મુહૂર્ત વિશેષઃ બુધ-રાહુ ગ્રહદેવતાનું પૂજન, વરુણદેવતાનું પૂજન, રાહુ દેવતાનું પૂજન, કદંબનું વૃક્ષ વાવવું, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, શ્રી ગણેશપૂજન, શ્રી સત્યનારાયણદેવતાનું પૂજન કથા વાંચન, તુલસીપૂજા, શ્રી વિષ્ણુ સહસ્રનામ સ્તોત્ર પાઠ વાંચન, શ્રી સુક્ત, પુરુસુક્ત, શ્રી ગણેશ અથર્વશીર્ષમ્ અભિષેક, બગીચાના કામકાજ, પાટ-અભિષેક પૂજા, ધજા-કળશ-પતાકા ચઢાવવી, ધાન્ય વેંચવું.
- આચમનઃ ચંદ્ર-મંગળ ચતુષ્કોણ પરિવારમાં ખટપટ કરવાનો સ્વભાવ.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-મંગળ ચતુષ્કોણ બુધ કૃતિકા પ્રવેશ.

ગ્રહગોચરઃ સૂર્ય-વૃષભ, મંગળ-કર્ક, બુધ-મેષ, ગુરુ-મિથુન, શુક્ર-મીન, શનિ-મીન, રાહુ-મીન, કેતુ-કન્યા, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચૂન-મીન, વક્રી પ્લુટો-મકર. ■

# ભારતે પીઓકેની લીપા વેલીનું લશ્કરી માળખું જ ધ્વસ્ત કરી નાખ્યું

તંગધર (જમ્મુ અને કાશ્મીર) : ભારતીય લશ્કરની ચિનાર કોરે પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીરની લીપા ઘાટીમાં રહેલા પાકિસ્તાની લશ્કરી માળખાને સંપૂર્ણપણે નષ્ટ કરી નાખ્યું છે, એવી માહિતી લશ્કરી અધિકારીઓએ આપી હતી.

ભારતીય લશ્કરનો અંદાજ છે કે પાકિસ્તાનને આ માળખું ફરી બાંધવા માટે આઠથી ૧૨ મહિના લાગશે.

એજન્સીના સંવાદદાતાએ જમ્મુ અને કાશ્મીરના કુપવાડાના આગળના ગામ તંગધરની મુલાકાત લીધી હતી. મેના બીજા અઠવાડિયાના ઓપરેશન સિંદૂર દરમિયાન પાકિસ્તાને કરેલા યુદ્ધવિરામના ભંગના જવાબમાં ભારતે પાકિસ્તાનના લશ્કરી માળખાને ક્ષતિગ્રસ્ત કર્યું હતું એ નજરે પડતું હતું.

ભારતીય લશ્કરના એક સિનિયર અધિકારીએ સમાચાર સંસ્થાને જણાવ્યું હતું કે અમે ઓછામાં ઓછી ત્રણ ચોકી, દારૂગોળાનો એક ડેપો, ઈંધણ સંગ્રહ કરવાની ક્ષમતા અને તોપખાનાને લક્ષ્ય બનાવીને એને સંપૂણ નષ્ટ કર્યા હતા. આને ફરી બાંધવામાં પાકિસ્તાનને આઠથી ૧૨ મહિના લાગશે. આનાથી વધારે સમય પણ લાગી શકે.

બીજા એક અધિકારીએ કહ્યું હતું કે પાકિસ્તાને હવાઈ મંચ ઉપરાંત ભારે હથિયારો ત્યાં રાખ્યા હતા. પાકિસ્તાને ભારતની ચોકીઓ પર હુમલો કર્યો હતો. જોકે ભારતને કોઈ નુકસાન થયું નહોતું. આપણા દેશી બનાવટના આકાશદીપ રડાર સિસ્ટમે ઉત્કૃષ્ટ કામગીરી બજાવી હતી. આપણી એર ડિફેન્સ ગને પાકિસ્તાનના એરીયલ પ્લેટફોર્મનો ખુરદો બોલાવી દીધો હતો. આપણું લશ્કરી માળખું અકબંધ રહ્યું હતું, જ્યારે દુશ્મનનું માળખું નષ્ટ પામ્યું હતું.

અધિકારીઓએ એવી નોંધ લીધી હતી કે લીપા વેલીમાં અનેક ખાલી લશ્કરી માળખાં હતાં, પરંતુ ભારતે જ્યાં મોટું નુકસાન થાય એવા જ માળખાં પર હુમલા કર્યા હતા.

વિવિધ સૂત્રોએ આપેલી માહિતી પ્રમાણે ચિનાર કોરની જવાબી કાર્યવાહીમાં પાકિસ્તાનના ઓછામાં ઓછા ૬૪ જવાન મરણ પામ્યા હતા અને બીજા ૯૬ ઘાયલ થયા હતા.

અધિકારીએ કહ્યું હતું કે અમારો સંદેશો સાફ હતો કે અમે ૧ :૩ના ગુણોત્તરનું પાલન કર્યું હતું એટલે કે પાકિસ્તાન યુદ્ધવિરામનો ભંગ કરીને હુમલો કરે તો ભારતીય લશ્કર ત્રણ ગણા હુમલા કરશે.

સાત મેના ઓપરેશન સિંદૂર દરમિયાન ભારતે આતંકવાદી હુમલાનો જવાબ આપતો એવો સંકલિત હુમલો કર્યો હતો કે પીઓકેની ૭૫મી ઈન્ફન્ટ્રિ બ્રિગેડના કેપ્ટને જવાનનોને કહ્યું હતું કે મથકને સાચવવા કરતા જાન બચાવવાને પ્રાથમિકતા આપો, પાકિસ્તાન લશ્કરના કમાન્ડરે મસ્જિદમાં સંતાઈને જવાનોને જાન બચાવવાની કોશીશ કરવાનું કહ્યું હતું. ઓફિસરે કહ્યું હતં કે ઓફિસ તો પછી ખુલી જશે. આ સંદેશાને આંતરવામાં આવ્યો હતો. (એજન્સી) ■

# તાઈવાનમાં ટ્રાફિક સિગ્નલ તોડી બેકાબૂ કારે રાહદારીઓને કચડ્યા, ત્રણ લોકોનાં મોત

તાઇપેઇઃ તાઇવાનમાં એક બેકાબૂ કારે ટ્રાફિક સિગ્નલ પર રાહદારીઓને કચડ્યા હતા. જેમાં બે ૧૨ વર્ષની છોકરીઓ સહિત ત્રણ લોકોનાં મોત થયાં હતાં. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, આરોપી (૭૮ વર્ષીય) કાર ડ્રાઈવર અકસ્માત બાદથી કોમામાં છે. આ અકસ્માતમાં પાંચ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે, જેમની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. પોલીસે જણાવ્યું કે એક ચાર રસ્તા પર ટ્રાફિક સિગ્નલ પર રેડ લાઇટ હતી તેમ છતાં આરોપી ડ્રાઇવરે પૂરઝડપે કાર દોડાવી હતી.

દરમિયાન કારે ત્રણ સ્કૂટર અને એક સાઈકલ સવારને ટક્કર મારી હતી.

આ પછી કાર ડિવાઇડર સાથે અથડાઈ અને અટકી ગઈ હતી. આ ઘટના રાજધાની તાઈપેઈમાં બની હતી. સેન્ટ્રલ ન્યૂઝ એજન્સી દ્વારા ઓનલાઈન પોસ્ટ કરાયેલા વીડિયોમાં જોઇ શકાય છે કે ઘાયલો રસ્તા પર તડપતા હતા. કેટલાક લોકો તેને સીપીઆર આપવાનો પ્રયાસ કરી રહ્યા છે. વીડિયોમાં ચાર રસ્તા પર કાટમાળ વિખેરાયેલો જોઇ શકાય છે. ■

# 'ઓપરેશન સિંદૂર' પર સર્વપક્ષીય પ્રતિનિધિમંડળમાં અભિષેક બેનર્જી કરશે ટીએમસીનું પ્રતિનિધિત્વ

નવી દિલ્હીઃ તૃણમૂલ કૉંગ્રેસના રાષ્ટ્રીય મહાસચિવ અને પાર્ટી સાંસદ અભિષેક બેનર્જી 'ઓપરેશન સિંદૂર' પર સંસદીય પ્રતિનિધિમંડળમાં પાર્ટીનું પ્રતિનિધિત્વ કરશે. સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ પ્રતિનિધિત્વ અંગે ચર્ચા કરવા માટે ટીએમસીનાં વડા મમતા બેનર્જીનો સંપર્ક કર્યા પછી આ નિર્ણય લેવામાં આવ્યો હતો.

ટીએમસીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પર લખ્યું હતું કે ''અમને જણાવતા આનંદ થાય છે કે અમારા અધ્યક્ષ મમતા બેનર્જીએ આતંકવાદ સામે ભારતના વૈશ્વિક સંપર્ક માટે સર્વપક્ષીય પ્રતિનિધિમંડળમાં તૃણમૂલ કૉંગ્રેસનું પ્રતિનિધિત્વ કરવા માટે રાષ્ટ્રીય મહાસચિવ અભિષેક બેનર્જીને નામાંકિત કર્યા છે.

તૃણમૂલ કૉંગ્રેસે વધુમાં જણાવ્યું હતું કે, એવા સમયમાં જ્યારે આતંકવાદના વધતા ખતરાનો સામનો કરવા માટે વિશ્વને એક થવું પડશે, ત્યારે અભિષેક બેનર્જીનું પ્રતિનિધિમંડળમાં જોડાવાથી દ્રઢ વિશ્વાસ અને સ્પષ્ટતા બંને મળે છે. તેમની હાજરી આતંકવાદ સામે બંગાળના મક્કમ વલણને પ્રતિબિંબિત કરશે. સાથે વૈશ્વિક મંચ પર ભારતનો સામૂહિક અવાજ પણ મજબૂત કરશે.

અગાઉ કેન્દ્ર સરકારે ટીએમસીના સાંસદ સુદીપ બંદોપાધ્યાય અને યુસુફ પઠાણનો આ પ્રતિનિધિમંડળમાં સમાવેશ કર્યો હતો, પરંતુ બંનેએ અલગ અલગ કારણોસર પોતાના નામ પાછા ખેંચી લીધા હતા. આ પ્રતિનિધિમંડળ આતંકવાદ પર ભારતના વલણને સમજાવવા અને ઓપરેશન સિંદૂરની પૃષ્ઠભૂમિ સામે પાકિસ્તાનની નાપાક હરકતોનો દુનિયા સામે ખુલાસો કરવા માટે વિવિધ દેશોમાં જશે. અગાઉ મમતા બેનર્જીએ કહ્યું કે કેન્દ્ર સરકારે નિર્ણય ના કરવો જોઇએ કે પક્ષ કોને પ્રતિનિધિમંડળમાં સામેલ કરે. મમતા બેનર્જીના મતને સમર્થન આપતા અભિષેકે કહ્યું હતું કે પક્ષના નેતૃત્વએ પાકિસ્તાન પ્રાયોજિત આતંકવાદનો સામનો કરવા માટે રાજદ્વારી મિશન માટે તેના પ્રતિનિધિઓના નામ નક્કી કરવા જોઈએ. ■

પાકિસ્તાનનું નવું તરકટ

# લશ્કરના વડા અસીમ મુનીરને ફિલ્ડ માર્શલ બનાવ્યા

ઈસ્લામાબાદ : ભારત સાથેના લશ્કરી સંઘર્ષ દરમિયાન સંરક્ષણ દળોનું 'યશસ્વી' નેતૃત્વ કરવા બદલ પાકિસ્તાન લશ્કરના વડા અસીફ મુનીરને મંગળવારે ફિલ્ડ માર્શલ તરીકે બઢતી આપી હતી, એવી માહિતી સરકાર દ્વારા સંચાલિત ટીવીએ આપી હતી. વડા પ્રધાન શાહબાઝ શરીફના અધ્યક્ષપદે ભરાયેલી પ્રધાનમંડળની બેઠકમાં ઉક્ત નિર્ણય લેવામાં આવ્યો છે. સરકારી પીટીવીએ અહેવાલ આપ્યો હતો કે પ્રધાનમંડળે મુનીરને ફિલ્ડ માર્શલ નીમવાનો નિર્ણય લીધો હતો. અહેવાલમાં વધુમા જણાવ્યું હતું કે ભારત સાથેના લશ્કરી સંઘર્ષ દરમિયાન સંરક્ષણ દળોને 'યશસ્વી' નેતૃત્વ કરવા બદલ પાકિસ્તાન લશ્કરના વડા અસીફ મુનીરને મંગળવારે ફિલ્ડ માર્શલ તરીકે બઢતી આપી હતી. ■

# નેપાળમાં ૪.૭ ની તીવ્રતાનો ભૂકંપ

કાઠમંડુ : પશ્ચિમ નેપાળના કાસ્કી જિલ્લામાં મંગળવારે બપોરે ૪.૭ ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો.

રાષ્ટ્રીય ભૂકંપ દેખરેખ અને સંશોધન કેન્દ્ર અનુસાર, કાઠમંડુથી લગભગ ૨૫૦ કિલોમીટર દૂર કાસ્કી જિલ્લાના સિનુવા વિસ્તારમાં કેન્દ્રબિંદુ ધરાવતો ભૂકંપ બપોરે ૧.૫૯ વાગ્યે નોંધાયો હતો.

તનાહુ, પર્વત અને બાગલંગ સહિતના પડોશી જિલ્લાઓમાં પણ ભૂકંપના આંચકા અનુભવાયા હતા.

ભૂકંપને કારણે કોઈ નુકસાન થયું હોવાના તાત્કાલિક અહેવાલ નથી. અગાઉ ૧૪ મેના રોજ, પૂર્વી નેપાળના સોલુકુંભુ જિલ્લાના છેસકામ વિસ્તારમાં ૪.૬ ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. ■

## પહેલા પાનાનું ચાલુ

### છગન ભુજબળનો

ઓળખવામાં આવે છે અને ડિસેમ્બર ૨૦૨૪માં જ્યારે તેમને કેબિનેટમાં સામેલ કરવામાં આવ્યા ન હતા ત્યારે તેઓ નારાજ થયા હતા, ત્યારબાદ તેઓ ફરીથી પાછા ફર્યા છે.

મહારાષ્ટ્રના રાજ્યપાલ સી. પી. રાધાકૃષ્ણને મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ અને નાયબ મુખ્ય પ્રધાનો એકનાથ શિંદે અને અજિત પવારની હાજરીમાં ભુજબળને પદ અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા.

શપથ ગ્રહણ સમારોહમાં વિધાનસભાના અધ્યક્ષ રાહુલ નાર્વેકર, વિધાન પરિષદના અધ્યક્ષ પ્રોફેસર રામ શિંદે, કેબિનેટ પ્રધાનો દાદાજી ભુસે, ચંદ્રકાંત પાટીલ, ચંદ્રશેખર બાવનકુળે, હસન મુશ્રીફ, નરહરિ ઝિરવાલ, રાધાકૃષ્ણ વિખે પાટીલ, ઉદય સામંત, સંજય શિરસાટ, સંજય રાઠોડ, અને દત્તાત્રય ભરણે, સાંસદ પ્રફુલ પટેલ અને સુનિલ તટકરે, પોલીસ કમિશનર દેવેન ભારતી, રાજ્યપાલના સચિવ ડો. પ્રશાંત નરનવારે, વરિષ્ઠ સરકારી અધિકારીઓ અને ભુજબળના પરિવારના સભ્યો હાજર હતા.

અખિલ ભારતીય મહાત્મા ફૂલે સમતા પરિષદના સ્થાપક-પ્રમુખ ભુજબળ એવા લોકોમાંના એક છે જેમણે જાતિ આધારિત વસ્તી ગણતરી માટે ઉગ્ર ઝુંબેશ ચલાવી હતી.

માર્ચ ૨૦૨૫માં એનસીપીના ધનંજય મુંડેએ રાજીનામું આપ્યા બાદ ભુજબળનો કેબિનેટમાં સમાવેશ થયો છે. મુંડેને થોડા મહિના પહેલા અન્ન, નાગરી પુરવઠા અને ગ્રાહક સુરક્ષા ખાતાના પ્રધાન પદેથી રાજીનામું આપવું પડ્યું હતું. મુંડેના નજીકના સાથી વાલ્મીક કરાડની મસ્સાજોગ ગામના સરપંચ સંતોષ દેશમુખ સાથે સંકળાયેલી હત્યાના કેસમાં ધરપકડ થયા બાદ તેમનું રાજીનામું લેવામાં આવ્યું હતું. બીજી તરફ એમવીએ સરકારમાં આ ખાતાના તેઓ જ પ્રધાન હતા એટલે આ વખતે તેમને ફરી આ ખાતાની જવાબદારી સોંપવામાં આવે એવી શક્યતા છે.

સાત વખત વિધાનસભ્ય બનેલા ભુજબળે નાયબ મુખ્ય પ્રધાન ઉપરાંત નગર વિકાસ, ગૃહ, પર્યટન, અન્ન અને નાગરી પુરવઠા જેવી અનેક ખાતાની જવાબદારીઓ નિભાવી છે. ■

### આઈપીએલની

રમાવાની હતી, પણ વિવિધ શહેરોમાં વરસાદ શરૂ થઈ ગયો હોવાથી ખાસ કરીને ફાઇનલ માટે અમદાવાદનાં

નામ પર મહોર લાગી ગઈ છે. ફાઇનલ માટે મુંબઈનું નામ પણ બોલાતું હતું, પણ અમદાવાદ પર કળશ ઢોળવામાં આવ્યો છે.

૨૯મી મેની પ્રથમ પ્લે-ઑફ મૅચ (ક્વૉલિફાયર-વન) મુલ્લાંપુરમાં રમાશે. પછીના દિવસની (૩૦મી મેની) બીજી પ્લે-ઑફ મૅચ (એલિમિનેટર) પણ મુલ્લાંપુરમાં જ રમાશે.

આ બે મૅચ બાદ આખા ક્રિકેટ જગતનું ધ્યાન અમદાવાદ તરફ ખેંચાશે, કારણ કે પ્લે-ઑફની છેલ્લી બન્ને મૅચ અમદાવાદમાં ક્રિકેટજગતના સૌથી મોટા નરેન્દ્ર મોદી સ્ટેડિયમને આપવામાં આવી છે. આ સ્ટેડિયમમાં એક લાખ કરતાં પણ વધુ પ્રેક્ષકો બેસી શકે એટલી સીટ છે.

પ્લે-ઑફની અંતિમ બે મૅચ એટલે કે ક્વૉલિફાયર-ટૂ અને ફાઇનલ. આ બન્ને મૅચ અમદાવાદમાં રમાશે.

ક્વૉલિફાયર-ટૂ રવિવાર, પહેલી જૂને રમાશે, જ્યારે ફાઇનલ મંગળવાર, ત્રીજી જૂને રમાવાની છે.

ગુજરાત, બેંગલૂરુ અને પંજાબની ટીમ પ્લે-ઑફમાં પહોંચી ગઈ છે. ચોથા અને આખરી સ્થાન માટે મુંબઈ અને દિલ્હી વચ્ચે હરીફાઈ થશે. મુંબઈ-દિલ્હી વચ્ચે બુધવાર, ૨૧મી મેએ વાનખેડે સ્ટેડિયમમાં નિર્ણાયક મુકાબલો થશે. ચેન્નઈ, હૈદરાબાદ, રાજસ્થાન, કોલકાતા અને લખનઊની ટીમ પ્લે-ઑફની રેસની બહાર થઈ ગઈ છે. ■

### બેંગલૂરુમાં

પાણીમાં ડૂબી ગયા છે, જેના કારણે લોકો પોતાના ઘરમાંથી બહાર નીકળી શકતા નથી. અધિકારીઓએ જણાવ્યું હતું કે સોમવારે લગભગ ૧૫૦ લોકોને સુરક્ષિત સ્થળોએ ખસેડવામાં આવ્યા હતા. બૃહદ બેંગલૂરુ મહાનગર પાલિકાએ સાઈ લેઆઉટમાં લોકો માટે જમવા અને પાણીની વ્યવસ્થા કરી હતી. રહેવાસીઓએ ફરિયાદ કરી છે કે મ્યુનિસિપલ એજન્સીઓને સાઈ લેઆઉટમાં રહેતા લોકોની સમસ્યાઓની કોઈ ચિંતા નથી.

ભારે વરસાદને કારણે શહેરના હેનૂર વિસ્તારમાં આવેલા એક અનાથાશ્રમમાં પણ પાણી ભરાઈ ગયાં હતાં. ફાયર ફાઇટર્સ અને બચાવ વિભાગે ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ સાથે મળીને અનાથાશ્રમમાં હાજર લોકોને બચાવ્યા હતા. માન્યતા ટેક પાર્ક અને સિલ્ક બોર્ડ જંકશન જેવા ઘણા વિસ્તારોમાં પાણી ભરાઈ જવાને કારણે લોકોને ત્યાં આવવા-જવામાં ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો.

પાણી ભરાવાના કારણે ઘણા વાહનો રસ્તાઓ પર બંધ પડી ગયાં હતાં જેનાં કારણે શહેરના ઘણા ભાગોમાં વાહનવ્યવહાર ખોરવાઈ ગયો હતો. પોલીસે મંગળવારે જણાવ્યું હતું કે, શહેરના એક એપાર્ટમેન્ટમાં ઘૂસી ગયેલાં વરસાદી પાણીને બહાર કાઢવાનો પ્રયાસ કરતી વખતે ૧૨ વર્ષના છોકરા સહિત બે લોકોનું વીજળીના કરંટથી મૃત્યુ થયું હતું. માઈકો લેઆઉટ પોલીસના જણાવ્યા અનુસાર, બીટીએમ સેકન્ડ સ્ટેજ નજીક એનએસ પાલ્યામાં મધુવન એપાર્ટમેન્ટના રહેવાસી મનમોહન કામત (૬૩) એ સોમવારે સાંજે પોતાના ઘરમાંથી પાણી કાઢવા માટે મોટરથી ચાલતા પંપનો ઉપયોગ કરવાનો પ્રયાસ કર્યો હતો.

આ ઘટનાની તપાસમાં સામેલ એક પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે, ''જ્યારે તેમણે પંપને ઇલેક્ટ્રિક બોર્ડ સાથે જોડ્યો, ત્યારે શોર્ટ સર્કિટ થઈ અને કરંટ લાગવાથી તેમનું મોત થયું હતું. કામત પાસે ઊભેલા એપાર્ટમેન્ટ કોમ્પ્લેક્સમાં કામ કરતા નેપાળી વ્યક્તિના પુત્ર દિનેશ (૧૨)નું પણ ઇલેક્ટ્રિક શોકથી મૃત્યુ થયું હતું, એમ પોલીસે જણાવ્યું હતું. એસએચઓએ પુષ્ટી કરી હતી કે હૉસ્પિટલના ડોકટરોએ બંનેને મૃત જાહેર કર્યા છે અને બંને કેસમાં અકુદરતી મૃત્યુનો રિપોર્ટ દાખલ કરવામાં આવશે. સોમવારે મહાદેવપુરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં એક કંપનીમાં સફાઈ કરતી વખતે શશિકલા (૩૫) પર ઇમારતની દીવાલ તૂટી પડતાં તેનું મૃત્યુ થયું હતું. અધિકારીઓએ જણાવ્યું હતું કે રાયચુર અને કારવારમાં વીજળી પડવાથી બે લોકોનાં મોત થયાં છે. ભારતીય હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, છેલ્લા ૨૪ કલાકમાં બેંગલૂરુમાં લગભગ ૩૦ મીમી વરસાદ પડ્યો છે. ■

### અમેરિકાની જેમ

પાકિસ્તાનસ્થિત આતંકવાદી જૂથ વિરુદ્ધની હતી. આતંકવાદીઓએ ધર્મને આધારે ૨૬ નિર્દોષ લોકોની હત્યા કરી હતી. હત્યા કરતાં પહેલાં આતંકવાદીઓએ લોકોને તેમનો ધર્મ પૂછ્યો હતો. ભારતે પાકિસ્તાનસ્થિત આતંકવાદી ગ્રૂપ, તેમની છાવણીઓ અને તાલીમ કેન્દ્રો પર હુમલો કર્યો હતો જેના જવાબમાં પાકિસ્તાને ભારતના સૈન્ય મથકો પર હુમલો કર્યો હતો, એમ તેમણે કહ્યું હતું.

ભારતમાં કરવામાં આવેલા પાક પ્રેરિત આતંકવાદી હુમલાની લાંબી યાદીને ટાંકતાં સિંહે કહ્યું હતું કે લશ્કરે તૈયબા અને જૈશ-એ- મોહમ્મદ જેવાં આતંકવાદી ગ્રૂપ જ આતંકવાદનું મૂળ છે.

અનેક યહૂદીઓનાં મોતનું કારણ બનેલા મુંબઈ આતંકવાદી હુમલા પાછળ જેનો હાથ હતો એ લશ્કરે તૈયબાના નેતા હજુ પણ મુક્ત ફરી રહ્યા છે એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે આ તમામ આતંકવાદીઓની પાકિસ્તાને ભારતને સોંપણી કરી દેવી જોઈએ.

૧૦મી મેએ ભારતે પાકિસ્તાનના નૂર ખાન ઍરબેઝ પર કરેલા હુમલાને તેમણે ગૅમચેન્જર લેખાવ્યો હતો. (એજન્સી) ■




# આજે મુંબઈ જીતે તો પ્લે-ઑફમાં અને હારી જાય તો...

## દિલ્હી સામેના વાનખેડેના મુકાબલામાં વરસાદ બાજી બગાડી શકે

મુંબઈ: વાનખેડે સ્ટેડિયમમાં બુધવાર, ૨૧મી મેએ (સાંજે ૭.૩૦ વાગ્યાથી) દિલ્હી કૅપિટલ્સ (ડીસી) સામે રમાનારી અત્યંત મહત્ત્વની અને પોતાની અંતિમ લીગ મૅચ જીતીને મુંબઈ ઇન્ડિયન્સ (એમઆઇ)ની ટીમ સીધી પ્લે-ઑફમાં પહોંચી જશે. જોકે મંગળવારે શહેરમાં અનેક સ્થળે વરસાદ પડ્યો હોવાથી બુધવારે પણ પડી શકે અને એ સ્થિતિમાં જો મૅચ અનિર્ણીત રહેશે અને બન્ને ટીમને એક-એક પૉઇન્ટ મળશે તો મુંબઈએ પ્લે-ઑફ માટે થોડી રાહ જોવી પડશે.

ગુજરાત (૧૮ પૉઇન્ટ), બેંગલૂરુ (૧૭) અને પંજાબ (૧૭)ની ટીમ પ્લે-ઑફમાં પહોંચી ગઈ છે. મુંબઈ (૧૪) અને દિલ્હી (૧૩) બેમાંથી એક જ ટીમને પ્લે-ઑફમાં જવાનો મોકો છે. જો બુધવારે મેઘરાજા મહેરબાન થશે અને બન્ને ટીમને એક-એક પૉઇન્ટ આપી દેવાના સંજોગો ઊભા થશે તો મુંબઈના ૧૫ પૉઇન્ટ અને દિલ્હીના ૧૪ પૉઇન્ટ થશે. દિલ્હીની ત્યાર બાદ પંજાબ સામેની શનિવાર, ૨૪મી મેની મૅચના પરિણામ પર મુંબઈએ મદાર રાખવો પડશે.

બુધવારે જો મુંબઈ ૧૫ પૉઇન્ટ પર રહ્યું હોય અને દિલ્હી જો શનિવારે પંજાબ સામે જીતી જશે તો ૧૬ પૉઇન્ટ સાથે પ્લે-ઑફમાં પહોંચી જશે. જો દિલ્હી એ દિવસે કોઈ કારણસર એક પૉઇન્ટ મેળવશે તો એના ૧૫ પૉઇન્ટ થશે, પરંતુ એ સ્થિતિમાં મુંબઈને ૧૫ પૉઇન્ટ તથા +૧.૧૫૬ના રનરેટ સાથે પ્લે-ઑફમાં જવા મળશે. જો દિલ્હી શનિવારે પંજાબ સામે હારી જશે તો મુંબઈને લાસ્ટ-ફોરમાં જવાનો સીધો રસ્તો મળી જશે. ચેન્નઈ, હૈદરાબાદ, રાજસ્થાન, કોલકાતા અને લખનઊની ટીમ પ્લે-ઑફની રેસની બહાર થઈ ગઈ છે. મુંબઈની ટીમ પાંચ વખત ટાઇટલ જીતી છે, જ્યારે દિલ્હીને હજી સુધી ટાઇટલ નથી જીતવા મળ્યું.


ટેસ્ટની નિવૃત્તિ બાદ રોહિત પહેલી વાર રમતો જોવા મળશે. (બીસીસીઆઈ)

રોહિત શર્માએ ટેસ્ટમાંથી નિવૃત્તિ જાહેર કરી ત્યાર પછીની તે પહેલી વાર રમતો જોવા મળશે. બીજું, વાનખેડેમાં એક સ્ટૅન્ડને તેનું નામ અપાયું છે અને તે પોતાના જ નામવાળા સ્ટૅન્ડ સામે રમીને અનેરો ગર્વ અનુભવશે. ■

# અમદાવાદમાં અગાઉ બે ફાઈનલ રમાઈ છે

## ત્રીજી જૂને આઈપીએલ-૨૦૨૫ની નિર્ણાયક મૅચ આ જ સ્થળે રમાશે

અમદાવાદ: આઇપીએલની ૧૮મી સીઝનનો પ્લે-ઑફ રાઉન્ડ નજીક આવી રહ્યો છે ત્યારે એ નિર્ણાયક રાઉન્ડની મૅચોના સ્થળો પણ નક્કી થઈ ગયા છે જેમાં ખાસ કરીને અમદાવાદનું નરેન્દ્ર મોદી સ્ટેડિયમ મેદાન મારી ગયું છે. મૂળ સમયપત્રક મુજબ પચીસમી મેની ફાઇનલ કોલકાતાના ઈડન ગાર્ડન્સમાં રમાવાની હતી, પણ ભારત-પાકિસ્તાન જંગને કારણે શેડ્યૂલ બદલાઈ ગયું અને ફાઇનલ હવે ત્રીજી જૂને રમાશે અને આ માટે અમદાવાદના મેદાનને પસંદ કરવામાં આવ્યું છે એ જોતાં આપણે આ મેદાનના આઇપીએલ સંબંધિત ઇતિહાસ પર તથા અન્ય રસપ્રદ આંકડા પર નજર કરી લઈએ.

પ્લે-ઑફની પહેલી બે મૅચ ન્યૂ ચંડીગઢના મુલ્લાંપુરમાં અને બાકીની બે મૅચ અમદાવાદમાં રમાશે. ક્રિકેટજગતનું સૌથી મોટું અમદાવાદનું નરેન્દ્ર મોદી સ્ટેડિયમ અગાઉ સરદાર પટેલ સ્ટેડિયમના નામે ઓળખાતું હતું.

અમદાવાદના આ સ્ટેડિયમમાં કુલ ૧,૦૦,૦૦૦થી પણ વધુ પ્રેક્ષકો બેસી શકે એટલી સીટ છે. આ સ્ટેડિયમના મેદાન પર અત્યાર સુધીમાં કુલ સાત ટી-૨૦ આંતરરાષ્ટ્રીય મૅચ રમાઈ છે જેમાંથી ચાર મૅચમાં પ્રથમ બૅટિંગ કરનારી ટીમનો અને ત્રણ મૅચમાં સેકન્ડ બૅટિંગ કરનારી ટીમનો વિજય થયો છે. આ સ્થળે આંતરરાષ્ટ્રીય સ્તરે ૨૩૪ રનનો સ્કોર હાઇએસ્ટ છે જે ૨૦૨૩ની સાલમાં ભારતે ઇંગ્લૅન્ડ સામે નોંધાવ્યો હતો. અહીં સૌથી નીચો ૬૬ રનનો સ્કોર ન્યૂ ઝીલૅન્ડના નામે છે.

અમદાવાદમાં આઇપીએલની ૪૦ મૅચ રમાઈ છે જેમાંથી ૨૧ મૅચમાં લક્ષ્યાંક ચેઝ કરનારી ટીમનો અને ૧૯ મૅચમાં પ્રથમ બૅટિંગ કરનારી ટીમનો વિજય થયો છે. આ મેદાન પર આઇપીએલમાં સૌથી મોટો ૨૪૩ રનનો ટીમ-સ્કોર પંજાબ કિંગ્સના નામે છે. વર્તમાન સીઝનમાં ગુજરાત ટાઇટન્સ સામે પંજાબે ૨૪૩ રન કર્યા હતા. આ જ સ્થળે ગુજરાત ટાઇટન્સની ટીમ ૨૦૪ રનનો લક્ષ્યાંક ચેઝ કરી ચૂકી છે.

નરેન્દ્ર મોદી સ્ટેડિયમની પિચ બૅટ્સમેનોને વધુ મદદકર્તા રહી છે. શરૂઆતમાં ફાસ્ટ બોલર્સ નવા બૉલથી ઘાતક સાબિત થઈ શકે છે. જોકે બૉલ જૂનો થાય એમ બોલર્સ પર બૅટ્સમેનો હાવી થતા જાય છે.

આ વખતની આઇપીએલમાં પાંચ મૅચ રમાઈ છે જેમાં છ ઇનિંગ્સમાં ૨૦૦થી વધુ ટીમ-સ્કોર નોંધાયો છે. આ વખતે પાંચમાંથી ચાર મૅચમાં પ્રથમ બૅટિંગ કરનારી ટીમ જીતી છે.

અમદાવાદમાં નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં અગાઉ બે વાર ફાઇનલ રમાઈ છે. ૨૦૨૨ની ફાઇનલમાં ગુજરાત ટાઇટન્સે ડેબ્યૂના એ વર્ષમાં રાજસ્થાનને સાત વિકેટે હરાવીને ટ્રોફી જીતી લીધી હતી. ૨૦૨૩ની ફાઇનલ પણ આ જ સ્થળે રમાઈ હતી જેમાં ગુજરાતને પાંચ વિકેટે હરાવીને ચેન્નઈએ પાંચમું ટાઇટલ જીતી લીધું હતું. ■

# કાર્લસને ૧,૪૩,૦૦૦ હરીફો સામેની વિક્રમી ગેમ ડ્રૉ કરવી પડી!



બર્લિન (જર્મની): નૉર્વેનો વર્લ્ડ નંબર-વન ચેસ ખેલાડી મૅગ્નસ કાર્લસન ઑનલાઇન ચેસની એક ગેમમાં એકસાથે ૧,૪૩,૦૦૦ ખેલાડીઓ સામે એકલા હાથે લડ્યો અને છેવટે એ દોઢ લાખ જેટલા હરીફોએ તેને ગેમ ડ્રૉમાં લઈ જવાની ફરજ પાડી હતી. કાર્લસન હારતાં બચી ગયો હતો. કાર્લસન વિરુદ્ધ ૧,૪૩,૦૦૦ ખેલાડીઓની આ ગેમ સાથે નવો વિશ્વવિક્રમ રચાયો છે. ૧૯૯૯માં ગૅરી કાસ્પારોવ માઇક્રોસૉફ્ટ નેટવર્ક પર એકસાથે ૫૦,૦૦૦ હરીફો સામે રમ્યા હતા અને ચાર મહિનાને અંતે કાસ્પારોવ એ મુકાબલો જીતી ગયા હતા. ગયા વર્ષે ભારતનો વિશ્વનાથન આનંદ ઑનલાઇન ઍપ પર એકસાથે ૭૦,૦૦૦ ખેલાડીઓ સામે ગેમ રમ્યો હતો અને જીતી ગયો હતો. ગ્રૅન્ડમાસ્ટર કાર્લસન અને ૧,૪૩,૦૦૦ હરીફો વચ્ચેની આ મૅચ 'મૅગ્નસ કાર્લસન વિરુદ્ધ ધ વર્લ્ડ' તરીકે ઓળખાતી હતી. ચેસ ડૉટકૉમ પરની એ ગેમ ચોથી એપ્રિલે શરૂ થઈ હતી. આ ઑનલાઇન ફ્રીસ્ટાઇલ ગેમ હતી. ટીમ વર્લ્ડ તરફથી કાર્લસનના કિંગને ત્રીજી વાર ચેકમેટ કરવામાં આવ્યો એને પગલે ગેમને ડ્રૉ જાહેર કરવામાં આવી હતી. ■

# ૧૪ વર્ષના સૂર્યવંશીએ ૧૪મી મૅચને ચાર ચાંદ લગાવ્યા

## રાજસ્થાને ચેન્નઈ સામે જીતીને તળિયે રહેવાનું ટાળ્યું

નવી દિલ્હી: પ્લે-ઑફ રાઉન્ડની બહાર થઈ ચૂકેલી રાજસ્થાનની ટીમે અહીં પોતાની ૧૪મી અને અંતિમ લીગ મૅચમાં ચેન્નઈને ૧૭ બૉલ બાકી રાખીને છ વિકેટથી હરાવીને પૉઇન્ટ્સ-ટેબલમાં (કુલ આઠ પૉઇન્ટ મેળવીને) સાવ તળિયે જવાનું ટાળ્યું હતું. રાજસ્થાને ૧૮૮ રનનો લક્ષ્યાંક ૧૭.૧ ઓવરમાં ચાર વિકેટના ભોગે ૧૮૮/૪ના સ્કોર સાથે મેળવી લીધો હતો.

૧૪ વર્ષના વૈભવ સૂર્યવંશી (૫૭ રન, ૩૩ બૉલ, ચાર સિક્સર, ચાર ફોર)એ યશસ્વી (૩૬ રન, ૧૯ બૉલ, બે સિક્સર, પાંચ ફોર) સાથે ૩૭ રનની અને પછી કૅપ્ટન સૅમસન (૪૧ રન, ૩૧ બૉલ, બે સિક્સર, ત્રણ ફોર) સાથે ૯૮ રનની શાનદાર ભાગીદારી કરી હતી. જોકે અશ્વિને સૅમસન અને વૈભવ બન્નેની વિકેટ લીધી હતી. છેલ્લી પળોમાં ધ્રુવ જુરેલ (૩૧ અણનમ, ૧૨ બૉલ, ત્રણ સિક્સર, બે ફોર) અને હેટમાયર (૧૨ અણનમ, પાંચ બૉલ, એક સિક્સર, એક ફોર)ની જોડીએ કુલ પાંચ બૉલમાં ત્રણ સિક્સર અને એક ફોરની મદદથી ૨૩ રન ખડકીને રાજસ્થાનને વહેલી જીત અપાવી હતી.

એ પહેલાં, ચેન્નઈએ બૅટિંગ મળ્યા બાદ ૧૮૭/૮નો સ્કોર નોંધાવ્યો હતો. આયુષ મ્હાત્રે (૪૩ રન), બ્રેવિસ (૪૨ રન) અને શિવમ દુબે (૩૯ રન) હાફ સેન્ચુરી ચૂકી ગયા હતા. રાજસ્થાન વતી રમતા જમ્મુના બોલર યુધવીર સિંહે ૪૭ રનમાં ત્રણ વિકેટ તથા ઉત્તરાખંડના રુડકીના આકાશ મઢવાલે ૨૯ રનમાં ત્રણ વિકેટ લીધી હતી. ■

# હૈદરાબાદના ખેલાડીઓને લખનઊમાં જ રહેવા છેલ્લી ઘડીએ સૂચના

લખનઊ: ભારત-પાકિસ્તાન વચ્ચેના જંગને કારણે આઇપીએલની ૧૮મી સીઝનનું મુખ્ય શેડ્યૂલ ખોરવાઈ ગયું અને હવે મેઘરાજા પીછો જ નથી છોડતા જેને લીધે બીસીસીઆઇએ સમયપત્રકમાં વધુ ફેરફાર જાહેર કરવા પડ્યા છે જે મુજબ સનરાઇઝર્સ હૈદરાબાદ (એસઆરએચ) અને રૉયલ ચૅલેન્જર્સ બેંગલૂરુ (આરસીબી) વચ્ચેની શુક્રવાર, ૨૩મી મેની મૅચ જે મૂળ શેડ્યૂલ પ્રમાણે બેંગલૂરુમાં રમાવાની હતી એ હવે એ જ દિવસે લખનઊમાં રમાશે. નવાઈની વાત એ છે કે હૈદરાબાદના ખેલાડીઓ મંગળવારે સાંજે લખનઊથી બેંગલૂરુ જવા રવાના થવાના હતા, પણ તેમને સૂચના અપાઈ હતી કે લખનઊમાં જ રહેજો કારણકે તમારી શુક્રવારની મૅચ લખનઊમાં જ રમાશે.

બેંગલૂરુમાં વરસાદનો માહોલ જામી ગયો હોવાથી બેંગલૂરુ ખાતેની આગામી બન્ને મૅચ લખનઊને અપાઈ છે. બેંગલૂરુમાં વેધશાળાએ મુશળધાર વરસાદની સંભાવનાને ધ્યાનમાં રાખીને 'યલો અલર્ટ' જાહેર કર્યું છે.

બેંગલૂરુમાં ભારે વરસાદ ગુરુવાર સુધી પડતો રહેશે એવી આગાહી પણ વેધશાળાએ કરી હતી. ૨૭મી મેની લખનઊ સામેની બેંગલૂરુની મૅચ પણ લખનઊ શહેરમાં જ રમાવાની છે. હૈદરાબાદના ખેલાડીઓ લખનઊમાં સોમવારે લખનઊ સુપર જાયન્ટ્સ (એલએસજી) સામે રમ્યા હતા અને ૧૦ બૉલ બાકી રાખીને છ વિકેટના માર્જિનથી જીતી ગયા હતા. હવે પૅટ કમિન્સના નેતૃત્વમાં હૈદરાબાદની ટીમ શુક્રવારે લખનઊમાં બેંગલૂરુ સામે રમશે. ■


લખનઊના દિગ્વેશ રાઠી (ડાબે)ને ત્રીજા ગેરવર્તન બદલ એક મૅચ માટે સસ્પેન્ડ કરાયો છે અને ૫૦% મૅચ ફી કપાઈ ગઈ છે. અભિષેક (જમણે)ને ૨૫% દંડ કરવામાં આવ્યો છે. (બીસીસીઆઈ)

# અઝરબૈજાનની મહિલા ઍથ્લીટ પર આજીવન પ્રતિબંધ



બાકુ: અઝરબૈજાન નામનો દેશ ભારતના દુશ્મન દેશ પાકિસ્તાનને ભારત વિરુદ્ધ મદદ કરી રહ્યો હોવાથી થોડા દિવસથી ભારતીયોમાં ખૂબ ચર્ચામાં છે, પરંતુ આ એક એવી ઘટના છે જેની વિશ્વભરમાં ચર્ચા થઈ રહી છે. વાત એવી છે કે અઝરબૈજાનની એક મહિલા ઍથ્લીટે પોતે અંધ હોવાનું સર્ટિફિકેટ આપીને ૨૦૨૦ની ટોક્યો પૅરાલિમ્પિક્સની જુડોની સ્પર્ધામાં ભાગ લીધો હતો અને ગોલ્ડ જીતી હતી, પરંતુ તે હવે વિવાદાસ્પદ થઈ ગઈ છે.

શયાના હાજિયેવા નામની આ જુડોકાએ ૪૮ કિલો વર્ગની સ્પર્ધામાં ભાગ લીધો હતો. તે ૨૦૨૩ની યુરોપિયન પૅરા ચૅમ્પિયનશિપમાં પણ ગોલ્ડ જીતી હતી.

પૅરાલિમ્પિક્સમાં કે પૅરા તરીકે ઓળખાતી કોઈ પણ ખેલકૂદ સ્પર્ધામાં એવા ઍથ્લીટો-ખેલાડીઓ ભાગ લઈ શકે છે જેઓ સંપૂર્ણપણે કે આંશિક રીતે જોઈ ન શકતા હોય કે તેમને બીજી કોઈ શારીરિક ખોડખાપણ હોય.

૨૪ વર્ષની શયાના ગયા વર્ષે પૅરિસ પૅરાલિમ્પિક્સ ચૂકી ગઈ હતી, પરંતુ તાજેતરમાં તેણે કઝાખસ્તાનની પૅરા જુડો ચૅમ્પિયનશિપમાં ભાગ લીધો હતો. જોકે પોતે આંશિક રીતે જોઈ નથી શકતી એવું જે સર્ટિફિકેટ તેણે સ્પર્ધાની શરૂઆત પહેલાં આયોજકોને આપ્યું હતું એની ચકાસણી થતાં જાણવા મળ્યું હતું કે તે આંશિક રીતે જોઈ ન શકતા ઍથ્લીટોના વર્ગની સ્પર્ધક ન કહેવાય. તે પૅરાલિમ્પિક્સમાં ભાગ લેવાને પાત્ર હતી જ નહીં. શયાના જે-ટૂ કૅટેગરીમાં હતી અને આ વર્ગ માટે અગાઉ જે નિયમો હતા એમાં ફેરફાર થયા છે. અગાઉ જે-ટૂ કૅટેગરીમાં આંખને લગતી જે બીમારીઓ હતી એ હવે જે-ટૂ કૅટેગરીમાંથી કાઢી નાખવામાં આવી છે. શયાનાને આંખની જે ક્ષતિ છે એ હવે પૅરા ગેમ્સ માટેની જે-ટૂ કૅટેગરીમાં ન આવતી હોવાથી તે હવે પૅરા ગેમ્સમાં ભાગ નહીં લઈ શકે. ■



# અમદાવાદના ચંડોળા તળાવ વિસ્તારમાં ડિમોલિશન ૨.૦ શરૂ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરના ચંડોળા તળાવ વિસ્તારમાં ફેઝ-૨ ડિમોલિશનની કામગીરી મંગળવારે વહેલી સવારે ૬:૩૦ વાગ્યાથી શરૂ થઈ ગઈ હતી. ચંડોળા તળાવના મેગા ડિમોલિશનના પહેલા તબક્કામાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને પોલીસ દ્વારા બડા તળાવની આસપાસનાં દબાણો દૂર કરવામાં આવ્યાં હતાં. હવે બીજા તબક્કામાં છોટા તળાવની આસપાસનાં દબાણોને દૂર કરવાની શરૂઆત કરવામાં આવી છે. સૂર્યનગર પોલીસચોકીથી શાહઆલમ તરફનો ભાગ છોટા તળાવ વિસ્તાર કહેવાય છે. આ વિસ્તારમાં સૌથી વધારે દબાણો તોડી પાડવામાં આવ્યાં છે. સવારે ૧૧.૩૦ વાગ્યા સુધીમાં ૪૫ ટકા કામગીરી પૂર્ણ થઈ ગઈ હતી. કાટમાળ હટાવી ત્યાં દીવાલ બનાવાશે તથા બે દિવસમાં જ સંપૂર્ણ ડિમોલિશન કામગીરી પૂર્ણ કરાશે. બાદમાં સાત ફેઝમાં કાંકરિયાની જેમ ચંડોળા તળાવને ડેવલપ કરાશે.

ફેઝ-૨ની કામગીરી માટે પોલીસ દ્વારા ૩૦૦૦ પોલીસ ઓફિસર અને કર્મચારીઓનો બંદોબસ્ત ફાળવવામાં આવ્યો છે. ૨૫ એસઆરપી કંપની પણ બંદોબસ્તમાં જોડાયા હતા. પોલીસ કમિશનરના જણાવ્યા મુજબ ડિમોલીશનની ફેઝ-૨ની કામગીરીમાં ચંડોળા તળાવ વિસ્તારમાં ૨.૫૦ લાખ ચોરસ મીટરથી વધારે જગ્યા પરથી ગેરકાયદે દબાણો દૂર કરવામાં આવશે.


**કાર્યવાહી:** અમદાવાદના ચંડોળા લેક નજીક મંગળવારે હાથ ધરવામાં આવેલી અતિક્રમણવિરોધી કાર્યવાહી દરમિયાન ગેરકાયદે માળખાઓને તોડી પાડવા ઍક્સક્વેટરનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. (એજન્સી)

૨૦ મે પહેલાં ચંડોળા તળાવ વોટર બોડીમાં રહેતા લોકોને મકાન ખાલી કરી દેવા માટે છેલ્લા ત્રણ દિવસથી ગાડી ફેરવી માઈકથી જાણ કરવામાં આવી હતી. જે લોકો વર્ષ ૨૦૧૦ પહેલાં રહેતા હોય તેમને શરતોને આધીન ઈડબલ્યુએસ આવાસ યોજનાના મકાન મળવાપાત્ર હોવાથી દાણીલીમડા ખાતે આવેલી વોર્ડ ઓફિસથી ફોર્મ મેળવી લે એવી પણ જાહેરાત કરવામાં આવી હતી. ■

# મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટના ૩૦૦ કિમી લાંબા પુલનું કામ પૂર્ણ: રેલવે પ્રધાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટનું પુરજોશમાં કામ આગળ વધી રહ્યું છે. આ પ્રોજેક્ટની પ્રગતિ અંગે રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે માહિતી શેર કરી હતી. જેમાં કહેવામાં આવ્યું હતું કે, બુલેટ ટ્રેન પ્રોજેક્ટના ૩૦૦ કિમી લાંબા પુલનું (વાઇડકટ) બાંધકામ પૂર્ણ થઈ ગયું છે. ભારતમાં પ્રથમ વખત તેના બાંધકામ માટે ફુલ સ્પાન લોન્ચિંગ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ અગાઉ એડવાન્સ્ડ ટ્રેક સ્લેબ લેઇંગ કારનો ઉપયોગ કરીને હાઇ-સ્પીડ ટ્રેન કામગીરી માટે પ્રીકાસ્ટ ટ્રેક સ્લેબ સ્થાપિત કરવામાં આવ્યા હતા.

વડોદરામાં બુલેટ ટ્રેન સ્ટેશનનું નિર્માણ કાર્ય પણ સતત ચાલી રહ્યું છે. હાલના રેલવે સ્ટેશન અને સેન્ટ્રલ બસ ડેપોની નજીક સ્થિત આ સ્ટેશન અનેક પ્રકારની પરિવહન સુવિધાથી સજ્જ હશે. જેના લીધે કનેક્ટિવિટી અને મુસાફરોની સુવિધામાં વધારો કરશે. આ ઉપરાંત બુલેટ ટ્રેનના મૂળ સ્ટેશન, મુંબઈના બીકેસી સ્ટેશન પર કામ પણ ઝડપી ગતિએ ચાલી રહ્યું છે, તેમાં ૩ ભોંયરાઓ છે. એક વિશ્વ કક્ષાનું સ્ટેશન બની રહ્યું છે. તેની ટનલનું કામ પણ ઝડપથી ચાલી રહ્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, મુંબઈ-અમદાવાદ વચ્ચે ૫૦૮ કિમી લાંબા ટ્રેક પર એક લાખ કરોડ રૂપિયાથી વધુના રોકાણ સાથે દેશની પ્રથમ બુલેટ ટ્રેનનું કામ ઝડપથી ચાલી રહ્યું છે. આ પ્રોજેક્ટ માટેના સ્ટીલ પુલો મેક ઇન ઇન્ડિયા હેઠળ ૩૨૦ કિમી પ્રતિ કલાકની ઝડપે દોડવા ડિઝાઇન અને નિર્મિત કરવામાં આવ્યા છે. આ ટ્રેન રૂટ મુજબ મુંબઈના બાંદ્રા કુર્લા કોમ્પ્લેક્સથી ઉપડીને થાણે, વિરાર, બોઈસર, વાપી, બીલીમોરા, સુરત, ભરૂચ, વડોદરા, આણંદ, અમદાવાદ જેવાં ૧૦ સ્ટેશન પર રોકાશે અને સાબરમતી સ્ટેશન ખાતે સમાપ્ત થશે. ■

# ગુજરાત કૉંગ્રેસ આગામી ૧૦ દિવસમાં જિલ્લા અને શહેર પ્રમુખોની નિયુક્તિ કરશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાત કૉંગ્રેસમાં સંગઠનાત્મક સ્તરે મોટા ફેરફારના એંધાણ વર્તાઈ રહ્યા છે. પ્રદેશ કૉંગ્રેસ સમિતિ દ્વારા જિલ્લા અને શહેર સ્તરના સંગઠનને વધુ મજબૂત બનાવવા માટે નવા પ્રમુખોની નિયુક્તિ પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. આ પ્રક્રિયાના ભાગરૂપે કેટલાક મહત્ત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવ્યા છે, જે આગામી દિવસોમાં ગુજરાત કૉંગ્રેસનું ચિત્ર બદલી શકે છે.

મળતી માહિતી મુજબ, ગુજરાત કૉંગ્રેસે સ્પષ્ટ નીતિ અપનાવી છે કે, જે જિલ્લા કે શહેર પ્રમુખોએ પોતાની બીજી ટર્મ (કાર્યકાળ) પૂર્ણ કરી લીધી છે, તેમને તે જ પદ પર ફરીથી રિપીટ કરવામાં આવશે નહીં. રાજ્યમાં નવા જિલ્લા અને શહેર પ્રમુખોની નિયુક્તિની પ્રક્રિયા અંતિમ તબક્કામાં છે. પ્રદેશ કૉંગ્રેસ દ્વારા નિરીક્ષકોને વિવિધ જિલ્લાઓ અને શહેરોમાં મોકલીને તેમનો રિપોર્ટ મંગાવવામાં આવ્યો હતો. આ નિરીક્ષકોના રિપોર્ટના આધારે હાલમાં સંભવિત નામોને શોર્ટલિસ્ટ કરવાની પ્રક્રિયા ચાલી રહી છે. અપેક્ષા રાખવામાં આવે છે કે, આગામી ૧૦ દિવસની અંદર ગુજરાત કૉંગ્રેસના નવા જિલ્લા અને શહેર પ્રમુખોના નામ સત્તાવાર રીતે જાહેર કરી દેવામાં આવશે. સંગઠનમાં પરિવર્તનના ભાગ રૂપે, એવી સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે કે, નવા નિયુક્ત થનારા જિલ્લા અને શહેર પ્રમુખો પૈકી આશરે ૬૦ ટકા જેટલા પદાધિકારીઓ નવા ચહેરા હશે. આ દર્શાવે છે કે, યુવા અને સંગઠનમાં ઓછો અનુભવ ધરાવતા (પરંતુ સક્રિય) કાર્યકરોને મહત્ત્વપૂર્ણ જવાબદારી સોંપવામાં આવી શકે છે.

જોકે, બીજી ટર્મ પૂર્ણ કરનાર પ્રમુખોને રિપીટ નહિ કરવાની નીતિ હોવા છતાં, એવી પણ શક્યતા છે કે, જે જિલ્લા કે શહેર પ્રમુખોએ પોતાના કાર્યકાળ દરમિયાન સારું પ્રદર્શન કર્યું છે અને સંગઠનને મજબૂત બનાવ્યું છે, તેમને કોઈ અન્ય મહત્ત્વપૂર્ણ પદ કે જવાબદારી સોંપીને ફરીથી સંગઠનમાં તક આપવામાં આવી શકે છે. આ નિર્ણય સંગઠનમાં સારું કામ કરનારાઓને પ્રોત્સાહિત કરવાનો ઉદ્દેશ્ય ધરાવે છે. ■

# બચુ ખાબડની ખુરશી જોખમમાં, પ્રધાનપદેથી રાજીનામું લેવાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: દાહોદ જિલ્લામાં મનરેગા કૌભાંડની તપાસમાં પોલીસે ગુજરાતના પંચાયતરાજ પ્રધાન બચુ ખાબડના નાના દીકરા કિરણની પોલીસે ધરપકડ કરી હતી. શનિવારે બળવંત ખાબડની ધરપકડ બાદ સોમવારે કિરણ ખાબડની ધરપકડ કરવામાં આવી હતી. પોલીસે કિરણ ખાબડને વડોદરા-હાલોલ હાઈવે પરથી ઝડપી પાડ્યો હતો. દાહોદ જિલ્લામાં ગરીબ મજૂરોને રોજગારી આપતી મનરેગા યોજનામાં ૧૦૦ કરોડ રૂપિયા કરતા પણ વધુનો ભ્રષ્ટાચાર કરનારા પ્રધાનના પુત્રોની ધરપકડ બાદ બચુ ખાબડ સંપર્ક વિહોણા થયા છે. કરોડો રૂપિયાના કૌભાંડનો પર્દાફાશ થતાં હવે તેમનું પ્રધાન પદેથી રાજીનામું લેવાશે તેવી અટકળો વહેતી થઈ છે.

સૂત્રોના જણાવ્યા મુજબ સચિવાલયમાં મંત્રી કાર્યાલયમાં પણ બચુ ખાબડે આવવાનું બંધ કર્યું છે. પુત્રોના કારસ્તાનને પગલે પ્રધાને સરકારી કાર્યક્રમમાં જવાનું પણ બંધ કર્યું છે. આ જ મહિનાના અંતમાં વડા પ્રધાન મોદી દાહોદની મુલાકાતે આવી રહ્યા છે. તેની પુરજોશમાં તૈયારીઓ ચાલી રહી છે ત્યારે સમગ્ર કાર્યક્રમમાં બચુ ખાબડની બાદબાકી કરાઈ હોવાનું પણ જાણવા મળ્યું છે.

દાહોદ જિલ્લામાં ધાનપુર-દેવગઢ બારિયા તાલુકાની સાથે સાથે સંજેલી, ફતેપુરા, ઝાલોદ સહિત સમગ્ર જિલ્લામાં 'નલ સે જલ યોજના'માં મોટા પ્રમાણમાં કૌભાંડ આચરવામાં આવ્યું હતું. આ કૌભાંડમાં કામ ન હોવા છતાં નાણાંની હેરફેર અને ખોટા દસ્તાવેજો દ્વારા ફંડનો દુરુપયોગ કરાયો હોવાનો આક્ષેપ છે.

વિધાનસભા વિપક્ષના નેતા અમિત ચાવડાએ સવાલ ઉઠાવ્યો હતો કે, દાહોદ જિલ્લામાં મનરેગા યોજનામાં ૧૦૦ કરોડ રૂપિયાથી વધુનો ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો છે ત્યારે મંત્રીના નિવાસસ્થાને ઈડી-આઈટી ક્યારે દરોડા પાડશે? તેમણે માગ કરી છે કે, સમગ્ર કૌભાંડની તટસ્થ તપાસ થાય તે માટે પ્રમાણિક અધિકારીના વડપણ હેઠળ સીટની રચના કરવામાં આવે. આ ઉપરાંત તટસ્થ તપાસ થાય ત્યાં સુધી બચુ ખાબડને પ્રધાન પદેથી દૂર કરવામાં આવે. એટલું જ નહીં, દાહોદ જિલ્લામાં છેલ્લાં ૧૦ વર્ષમાં થયેલાં મનરેગાનાં કામોની તપાસ પણ કરાવવામાં આવે. સરકારી તિજોરીને કરોડોનો ચૂનો લગાડનાર કૌભાંડીઓનો વરઘોડો કાઢશો કે નહીં? તેવા સવાલો પણ ઊઠ્યા છે. ■

## સંસ્થા સમાચાર

### યુવા માટે કૌશલ્ય વિકાસ સેમિનાર

યુવાનોને નોકરીની તક આપવા માટે કપોળવાડી, ગીતાનગર ભાયંદર (વેસ્ટ)માં વિવિધ કૌશલ્ય વિકાસ અભ્યાસક્રમો માટે માર્ગદર્શન આપવામાં આવશે. શ્રી વિલેપાર્લે કપોળ ઉત્કર્ષ મંડળ દ્વારા ઓલ ઈન્ડિયા પ્લાસ્ટિક મેન્યુફેક્ચરર્સ અસોસિએશન મુંબઈના સથવારે ૨૪ મેના શનિવારે સાંજે ૪થી ૬ દરમ્યાન આયોજન કરવામાં આવ્યું છે. આ સેમિનારમાં દહીંસરથી વિરાર વચ્ચે રહેતાં કપોળ તથા અન્ય જ્ઞાતિના દસમું અને બારમું પાસ વિદ્યાર્થીઓ ભાગ લઈ શકશે.

# લોકલમાં પુરુષ પ્રવાસીએ કરી મહિલાની મારપીટ, વીડિયો વાયરલ

મુંબઈ: હાલમાં સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહેલાં એક વીડિયોમાં જનરલ કોચમાં પુરુષ પ્રવાસી મહિલા પ્રવાસી સાથે મારપીટ કરતો જોવા મળી રહ્યો છે. આ વીડિયોને પગલે લોકલ ટ્રેનમાં મહિલા પ્રવાસીઓની સુરક્ષા સામે સવાલ ઉપસ્થિત થયો છે. મળતી માહિતી અનુસાર આ ઘટના સીએસએમટીથી અંબરનાથ માટે રવાના થનારી લોકલ ટ્રેનમાં આ ઘટના બની હતી. જનરલ કોચમાં સીટ મુદ્દે થયેલો ઝઘડો મારામારી સુધી પહોંચી ગયો હતો. આ ટ્રેન કેટલા વાગ્યાની હતી એ અંગે કે આ ઘટના કયા દિવસે બની હતી એની કોઈ ચોક્કસ માહિતી સામે આવી રહી નથી. જનરલ કોચમાં એક પુરુષ પ્રવાસી એક મહિલા પ્રવાસી સાથે મારપીટ કરી રહ્યો છે. વીડિયોમાં જોવા મળી રહ્યું છે કે વિન્ડોસીટમાં પરિવારના બેઠેલા સદસ્યને મહિલા પ્રવાસીએ ગાળ આપતા પુરુષ પ્રવાસીને હેન્ડ બેગથી મારપીટ કરી હતી.

# એસટીની બસે બાઈક્સને ટક્કર મારતાં બેનાં મોત

મુંબઈ: પૂરપાટ વેગે દોડતી સ્ટેટ ટ્રાન્સપોર્ટ (એસટી)ની બસે બે બાઈકને ટક્કર મારતાં બે જણનાં મોત નીપજ્યાં હોવાની ઘટના જળગાંવમાં બની હતી.

પોલીસના જણાવ્યા મુજબ ઘટના મંગળવારની સવારે ૧૧.૩૦ વાગ્યાની આસપાસ જળગાંવના ચોપડા શહેરમાં એક મસ્જિદ નજીક બની હતી. સ્પીડમાં દોડતી બસની બ્રેક ફેલ થતાં ડ્રાઈવરે સ્ટિયરિંગ પરનો કાબૂ ગુમાવ્યો હતો. બસ બે બાઈક સાથે ટકરાઈ હતી. અકસ્માતને કારણે બન્ને બાઈક પરથી જમીન પર પટકાયેલા યુવાનો બસના આગલા ટાયર નીચે આવી ગયા હતા, જેને કારણે બન્નેનાં ઘટનાસ્થળે જ મોત નીપજ્યાં હતાં. પોલીસે ઘટનાની નોંધ કરી વધુ કાર્યવાહી હાથ ધરી હતી. (પીટીઆઈ)

### ટ્રેન સાથે ભેંસ અથડાઈ

# મધ્ય રેલવેમાં ટ્રેન વ્યવહાર ખોરવાયો

મુંબઈ: મુમ્બ્રા-થાણે વચ્ચે રેલવેના પાટા પર ભેંસને લોકલ ટ્રેને ટક્કર મારતા મધ્ય રેલવેની લોકલ ટ્રેનસેવા પર ગંભીર અસર થઈ હતી. પીક અવર્સમાં લોકલ ટ્રેનો કલાકો સુધી મોડી દોડવાને કારણે પ્રવાસીઓને ટ્રેનમાં ટ્રાવેલ કરવામાં હાલાકી પડી હતી. મધ્ય રેલવેમાં મુમ્બ્રા અને થાણે વચ્ચે આ બનાવ બન્યો હતો. રેલવે ટ્રેક પર ઘાસ ચરતી ભેંસ લોકલ ટ્રેન સાથે ટકરાતા વ્હિલમાં ફસાઈ ગઈ હતી. લોકલ ટ્રેનના મોટરમેને ટ્રેનને ઈમર્જન્સી બ્રેક મારીને રોકી લીધી હતી, પરંતુ તેને કારણે લોકલ ટ્રેનસેવા પર અસર થઈ હતી. સવારના સાડા દસ વાગ્યાના સુમારે આ બનાવ બન્યો હતો. મુમ્બ્રા રેલવે સ્ટેશન નજીક કલ્યાણ જનારી ફાસ્ટ લોકલ ટ્રેન સાથે ભેંસ ટકરાઈ હતી, એમ રેલવેએ જણાવ્યું હતું.

આ બનાવને કારણે મુંબઈથી કલ્યાણ અને કલ્યાણથી મુંબઈ જનારી લોકલ ટ્રેનની સેવા પર અસર થઈ હતી. ભેંસને કાઢવામાં વિલંબ થયો હતો. સવારના સાડા અગિયાર વાગ્યા સુધીમાં ટ્રેનવ્યવહાર શરૂ કર્યો હતો.

નવમા પાનાનું ચાલુ

### ચોથા માળનો

ઈમારતમાં લોકો રહેતા હતા. ફાયરબ્રિગેડના અધિકારીના જણાવ્યાં મુજબ બિલ્ડિંગના ચોથા માળ પરના પરિવાર દ્વારા ઘરમાં સમારકામ કરવામાં આવી રહ્યું હતું. એ દરમ્યાન અચાનક ઘરનો સ્લેબ તૂટીને ત્રીજા, બીજા અને પહેલા માળ પર તૂટતો ગયો હતો. એકબીજા ભારથી નીચેના માળાના સ્લેબ તૂટીને ગ્રાઉન્ડ ફ્લોર પર પડયો હતો અને તેની સાથે જ દરેક માળા પર રહેલા ઘરના લોકો કાટમાળ હેઠળ દબાઈ ગયા હતા અને લોકોએ બચાવવા માટે બૂમાબૂમ કરી મૂકી હતી. બિલ્ડિંગના અન્ય રહેવાસીઓ અને આજુબાજુના લોકો બચાવ માટે દોડી આવ્યા હતા. પરંતુ ઘરના સ્લેબ તૂટી પડયા હોવાથી બચાવ કામગીરીમાં તેમને અડચણો આવી હતી. આ દરમ્યાન ફાયરબ્રિગેડ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી.

ફાયરબ્રિગેડના અન્ય અધિકારીના જણાવ્યા મુજબ બચાવ કામગીરી દરમ્યાન કાટમાળ હટાવવા સમયે અનેક લોકો કાટમાળ હેઠળ દબાયા હોવાની શંકા હતી. ધીમે ધીમે કાટમાળ હટાવ્યા બાદ એક પછી એક લોકોને બહાર કાઢવામાં આવ્યા હતા અને તેમને હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

મૃતકોમાં પહેલા માળે રૂમ નંબર એકમાં રહેતા બે વર્ષનો બાળક નમસ્વી શ્રીકાંત શેલાર સહિત બીજા માળા પર રૂમ નંબર ૨૦૧માં રહેતી ૩૮ વર્ષની સુનીતા નીલાંચલ સાહુ અને તેના ઘરમાં આવેલી અને મુલુંડમાં રહેતી ૫૬ વર્ષની પ્રમિલા કાલીચરણ સાહુ, સહિત ૭૮ વર્ષના સુશીલા નારાયણ ગુજર, ૪૨ વર્ષના વ્યંકટ ભીમા ચવ્હાણ અને ૩૮ વર્ષન સુજાતા મનોજ વાડીનો સમાવેશ થાય છે. તો જખમીઓમાં ચાર વર્ષના વિનાયક મનોજ પાધી અને ચાર વર્ષના શર્વિલ શ્રીકાંત શેલાર પર આશીર્વાદ હૉસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. જખમીમાં ૨૬ વર્ષના નિખિલ ચંદ્રશેખર ખરાત પર ચૈતન્ય હૉસ્પિટલ અને અરુણા વીર નારાયણ પર અમેય હૉસ્પિટલમાં સારવાર ચાલી રહી છે.

### ભુજબળ ઓબીસીનો

કરવા અંગે પૂછવામાં આવ્યું ત્યારે મુખ્ય પ્રધાને પત્રકારોને જણાવ્યું હતું.

અજિત પવારની આગેવાની હેઠળની રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (એનસીપી)એ ભુજબળની સિનિયોરીટી અને મહારાષ્ટ્ર સદન કેસમાં કોર્ટ દ્વારા આપવામાં આવેલી 'ક્લીનચીટ'નો હવાલો આપ્યો હતો.

'યેવલા (ભુજબળનો મતવિસ્તાર)ના લોકોએ ભુજબળને પ્રચંડ જનાદેશથી ચૂંટ્યા હતા. તેઓ એનસીપીના એક વરિષ્ઠ નેતા છે જે દેશભરમાં ઓબીસીના અધિકારો માટે લડી રહ્યા છે. લોકો તેમના કેબિનેટમાં પ્રવેશની ઉજવણી કરશે એ સ્પષ્ટ છે,' એમ પક્ષના પ્રવક્તા આનંદ પરાંજપેએ મીડિયાને જણાવ્યું હતું.

નાસિક જિલ્લાના વતની ભુજબળને સાથે રાખીને ઉત્તર મહારાષ્ટ્ર જિલ્લાના પાલક પ્રધાન કોણ બનશે તે અંગેનો પેન્ડિંગ મુદ્દો ફરી ઉગ્ર બને તેવી શક્યતા જોવાઈ રહી છે, કારણ કે ભાજપ અને એકનાથ શિંદેના નેતૃત્વ હેઠળની શિવસેના વચ્ચે મતભેદો છે.

'એનસીપીનું વલણ પહેલા દિવસથી સ્પષ્ટ છે. પાલક પ્રધાનોની નિમણૂંક એ મુખ્ય પ્રધાનનો વિશેષાધિકાર છે. આ મુદ્દે ફડણવીસ જે પણ નિર્ણય લેશે તેનું અમે સન્માન કરીશું,' એમ પણ પરાંજપેએ ઉમેર્યું હતું.

### મુંબઈ ધોધમાર

ઓફિસેથી ઘરે પાછા ફરી રહેલા લોકોને ભીંજાવાનો વખત આવ્યો હતો. વરસાદની તીવ્રતા વધારે હોવાને કારણે થોડા સમય માટે નીચાણવાળા વિસ્તારમાં પાણી પણ ભરાઈ ગયા હતા. જોકે વરસાદ થમી જતા પાણી ઓસરી ગયા હતા. ડિઝાસ્ટર મેનેજમેન્ટે આપેલા આંકડા મુજબ સાંજના સાતથી આઠ વાગ્યા દરમ્યાન પશ્ચિમ ઉપનગરમાં જોગેશ્વરીમાં ૬૩ મિ.મી. (સવા બે ઈંચ) માલપા ડોંગરી વિસ્તારમાં ૫૭ મિ.મી., મરોલમાં ૨૯ મિ.મી., સાંતાક્રુઝમાં ૨૩ મિ.મી. વિલે પાર્લેમાં ૨૧ મિ.મી. , ખારદંડામાં ૧૯ મિ.મી. અને દિંડોશીમાં ૧૮ મિ.મી. વરસાદ નોંધાયો હતો.

તો પૂર્વ ઉપનગરમાં પવઈમાં ૩૮ મિ.મી., ભાંડુપમાં ૨૭ મિ.મી. જેટલો વરસાદ નોંધાયો હતો.

હવામાન ખાતાએ મંગળવારે રાતના આઠ વાગે મુંબઈ, થાણે, રાયગઢ અને પાલઘર જિલ્લા માટે ભારે વરસાદની ચેતવણી જાહેર કરી હતી, જેમાં વીજળીના કડાકા સાથે વાવાઝોડું અને મધ્યમથી ભારે વરસાદની આગાહી કરવામાં આવી હતી. એ સાથે જ ૫૦થી ૬૦ કિલોમીટરની ઝડપે પવન ફૂંકાવાની પણ ચેતવણી આપીને કામ વગર બહાર નહીં નીકળવાની સલાહ આપી હતી.

### આઈપીએસ ઑફિસર

પૂરાં કર્યા નહોતાં. એ સિવાય ગુજરાત પોલીસે ગયા મહિને છેતરપિંડીના કેસમાં ચવાણની ધરપકડ કરી હતી.

અગાઉ આઇપીએસ ઓફિસર રશ્મી કરંદીકરની ઇઓડબ્લ્યુએ પૂછપરછ કરી હતી. ઇઓડબ્લ્યુના અધિકારીઓએ ચવાણના ખાનગી બેંકના ખાતામાંથી કથિત રીતે મળેલા ત્રણ કરોડ રૂપિયાની વિગતો અંગે કરંદીકરની પૂછપરછ કરી હતી. અત્યાર સુધી આ કેસમાં કરંદીકરનું નામ આરોપી તરીકે આપવામાં આવ્યું નથી.

### ગઢચિરોલીમાં

બિનાગુંડા ગામમાં કૉમ્બિંગ ઑપરેશન હાથ ધર્યું હતું.

કમાન્ડો અને જવાનોએ સોમવારે ગામને ઘેરી લીધું હતું. ગામમાં રહેવાસીઓ હોવાથી તેમને કોઈ પ્રકારનું નુકસાન ન પહોંચે એ રીતે આ ઑપરેશન પાર પડાયું હતું. પોલીસે ગોળીબાર કર્યા વિના નક્સલવાદીઓને પકડી પાડ્યા હતા. બાકીના નક્સલવાદી જંગલ તરફ નાસી છૂટવામાં સફળ રહ્યા હતા.

ઘટનાસ્થળેથી પોલીસે એક એસએલઆર રાઈફલ, એક પૉઈન્ટ ૩૦૩ રાઈફલ, ત્રણ સિંગલ શૉટ રાઈફલ, બે ભરમાર બંદૂક જેવાં શસ્ત્રો સાથે વૉકીટૉકી અને અન્ય સાધનો જપ્ત કર્યાં હતાં. પકડાયેલી ઉંગી પ્લાટૂન-૩૨ની ડિવિઝનલ કમિટી મેમ્બર છે અને તેના પર સરકારે ૧૬ લાખ રૂપિયાનું ઇનામ જાહેર કર્યું હતું. પ્લાટૂન પાર્ટી કમિટી મેમ્બર પલ્લવીને માથે આઠ લાખ અને પ્લાટૂનની મેમ્બર દેવેના માથે ચાર લાખનું ઇનામ હતું. પકડાયેલા બન્ને સગીર પર આઠ લાખ રૂપિયાનું ઇનામ જાહેર કરાયું હતું, એમ અધિકારીએ જણાવ્યું હતું.

### મહારાષ્ટ્ર સ્થાનિક

ચૂંટણીઓ આ વર્ષના અંત સુધીમાં યોજાઈ શકે છે,' એમ રાજ્ય ચૂંટણી પંચના કમિશનર દિનેશ વાઘમારેએ જણાવ્યું હતું. તમામ ૨૯ મ્યુનિસિપલ કોર્પોરેશનો, ૨૪૮ નગર પરિષદો, ૪૨ નગર પંચાયતો, ૩૨ જિલ્લા પરિષદો અને ૩૩૬ પંચાયત સમિતિઓનો કાર્યકાળ સમાપ્ત થઈ ગયો છે અને આ હાલમાં વહીવટકર્તાઓ હેઠળ છે. ૨૭ મ્યુનિસિપલ કોર્પોરેશનોનો કાર્યકાળ ૨૦૨૦-૨૦૨૩ની વચ્ચે પૂરો થયો હતો. ઇચલકરંજી અને જાલના નવી બનેલી મ્યુનિસિપલ કોર્પોરેશનો છે. 'ચૂંટણીઓ ઘણા કારણોસર મોડી પડી હતી, જેમાં ઓબીસી અનામત, વોર્ડ રચના, સ્થાનિક સંસ્થાઓમાં સભ્યોની સંખ્યા, સરકાર દ્વારા લેવામાં આવેલી વોર્ડ રચનાની સત્તા સંબંધિત અરજીઓ સામેલ છે,' એમ વાઘમારેએ જણાવ્યું હતું. મુંબઈ વિશે બોલતાં વાઘમારેએ કહ્યું હતું કે બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીઓ હાલની ૨૨૭ બેઠકો માટે હશે, ૨૩૬ બેઠકો માટે નહીં. રાજકીય નિરીક્ષકો આ ચૂંટણીઓને 'મીની વિધાનસભા' તરીકે જોઈ રહ્યા છે.

### ભુજબળે રાજકારણમાં

૧૯૯૦થી ૧૯૯૧ સુધી મુંબઈના મેયર તરીકે સેવા આપી હતી, વક્તા તરીકે પ્રતિષ્ઠા બનાવી, અને શિવસેનાના સ્થાપક બાળ ઠાકરે પ્રત્યેની તેમની પ્રારંભિક વફાદારીએ પક્ષમાં તેમનો ઉદય થયો હતો.

શિવસેનાના નેતા તરીકે તેમણે મુંબઈમાં મહાત્મા ગાંધીની હત્યાના મુખ્ય આરોપી નથુરામ ગોડસેની પ્રતિમા બનાવવાની માગણી કરી હતી.

ભુજબળે ૧૯૯૧માં શિવસેના છોડી દીધી હતી, કારણ કે તેમણે મંડળ કમિશનની ભલામણોના અમલ સામે ઠાકરેના કથિત વિરોધનો ઉલ્લેખ કર્યો હતો અને ૧૯૯૯ સુધીમાં તેઓ શરદ પવારની રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (એનસીપી) સાથે જોડાણ કર્યું હતું.

તેમણે ૧૯૯૯થી ૨૦૦૩ સુધી મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન તરીકે સેવા આપી હતી, જેમાં તેમણે ઓબીસી મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રીત કર્યું હતું. એનસીપીમાં તેમના સ્થળાંતરથી ઓબીસીમાં તેમનો પ્રભાવ મજબૂત થયો હતો, જોકે ભૂતપૂર્વ સાથી પક્ષો તરફથી તેની ટીકા થઈ હતી.

૨૦૦૦ના દાયકાની શરૂઆતમાં તેલગી સ્ટેમ્પ પેપર કૌભાંડને કારણે ૨૦૦૩માં ભુજબળે નાયબ મુખ્ય પ્રધાનપદેથી રાજીનામું આપ્યું હતું. તે સમયે, તેમણે એવો દાવો કર્યો હતો કે પવારે કોઈ ઔપચારિક આરોપો ન હોવા છતાં તેમના પર પદ છોડવાનું દબાણ કર્યું હતું.

આ વિવાદે પવાર સાથેના તેમના સંબંધોમાં તણાવ પેદા કર્યો હતો, જેના કારણે તેઓ પાછળથી અજિત પવારના જૂથમાં જોડાયા હતા.

જોકે, ૨૦૧૩માં ભુજબળની કારકિર્દી નીચે ગઈ હતી, જ્યારે ભાજપના નેતા કિરીટ સોમૈયાએ નવી દિલ્હીમાં મહારાષ્ટ્ર સદનના બાંધકામમાં ભ્રષ્ટાચારના આરોપો લગાવ્યા અને મહારાષ્ટ્ર ભ્રષ્ટાચાર વિરોધી બ્યુરોમાં ફરિયાદ નોંધાવી હતી.

### 'મારું ઘર

કેન્દ્રિત કરે છે. તેમણે કહ્યું કે આ નીતિ ઓછી આવક ધરાવતા જૂથો, વરિષ્ઠ નાગરિકો, મહિલાઓ, ઔદ્યોગિક કામદારો અને વિદ્યાર્થીઓને પ્રાથમિકતા આપે છે.

આ નીતિમાં ઝૂંપડપટ્ટી પુનર્વસનથી લઈને પુનર્વિકાસ સુધીનો વ્યાપક કાર્યક્રમ શામેલ છે, જેમાં ૭૦,૦૦૦ કરોડ રૂપિયાનું રોકાણ થશે.

મુખ્ય પ્રધાને કહ્યું કે કામ કરતી મહિલાઓ, વરિષ્ઠ નાગરિકો અને વિદ્યાર્થીઓ માટે સસ્તા અને સર્વ સમાવિષ્ટ આવાસો પર વિચાર કરવામાં આવ્યો છે, અને ભાડાના મકાનો અને લૅન્ડ બેંક બનાવવાના મુદ્દાઓ પર ધ્યાન આપવામાં આવ્યું છે.

બધા હિસ્સેદારો અને યોજનાઓને એક જ પોર્ટલ, 'મહા આવાસ' પર લાવવામાં આવશે. સરકારી જમીનના નકશા તૈયાર કરવામાં આવશે અને તેને રહેઠાણ માટે ઉપલબ્ધ કરાવવામાં આવશે. રહેઠાણમાં ટકાઉપણું એક મહત્વપૂર્ણ પરિબળ હશે અને તેને આધુનિક ટેકનોલોજી સાથે લાવવામાં આવશે. ૨૦૦૭ પછી એક વ્યાપક અને ગતિશીલ સર્વસમાવેશક નીતિ ઘડવામાં આવી છે, એમ તેમણે કહ્યું હતું.

### પવઈમાં ઠલવાતા

આવી છે. પવઈ તળાવનું પાણી ક્ષારયુક્ત હોવાથી તે પીવાને યોગ્ય ન હોવાથી તેનો ઉપયોગ આરે કૉલોની અને આજુબાજુની કંપનીઓમાં કમર્શિયલ કામ માટે કરવામાં આવે છે. તેમ જ દર વર્ષે ગણેશોત્સવ દરમ્યાન અહીં ગણપતિની મૂર્તિઓનું વિસર્જન કરવામાં આવે છે. પવઈ તળાવની આજુબાજુ બિલ્ડિંગ, હૉટલ, ઝૂંપડપટ્ટી ઊભા થઈ ગયા હોવાથી નિર્માણ થનારા ગંદા પાણીને પવઈ તળાવમાં ઠાલવવામાં આવે છે, તેથી તળાવ પ્રદૂષિત થાય છે અને તેને કારણે ઝડપથી વનસ્પતિ પણ ઊગી રહી છે.

આ વનસ્પતિને રોકવા પાલિકાએ લાખો રૂપિયા ખર્ચી નાખ્યા બાદ પણ તેનું પ્રમાણ ઘટવાને બદલે વધી રહ્યું છે. તેથી હવે કાયમીસ્વરૂપે ઉપાયયોજના અંતર્ગત તળાવમાં ઠલવાતા ૧૮ મિલ્યન લિટર ગંદા પાણીને રોકીને પાઈપલાઈન અન્ય જગ્યાએ વાળશે અને ગંદા પાણી પર પ્રક્રિયા કરશે. આ બંને કામ માટે અલગ અલગ ટેન્ડર બહાર પાડવામાં આવ્યા છે.

તળાવમાં ઠલવાતા ૧૮ મિલ્યન ગંદા પાણીમાંથી આઠ મિલ્યન લિટર માટે હાલ બંધ રહેલા પવઈ પમ્પિંગ સ્ટેશનનો વિચાર ચાલી રહ્યો છે. અહીં સ્યુજ વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ ઊભો કરીને આઠ મિલ્યન લિટર પાણી પર પ્રક્રિયા કરીને તેને ફરી પવઈ તળાવમાં જ ઠલવાશે. બાકીનું આઠ મિલ્યન લિટર પાણી આદિ શંકરાચાર્ય રોડ પર રહેલી પાઈલાઈન મારફત ભાંડુપમાં આવેલા સ્યુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં વાળવવામાં આવશે અને બાકીના બે મિલ્યન લિટર પાણીને પેરુ બાગમાં આવેલા પમ્પિંગ સ્ટેશન તરફ વાળીને સ્યુએજ લાઈન મારફત મીઠી નદી પરના નવ મિલ્યન લિટર ક્ષમતા સ્યુએજ વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં વાળવામાં આવશે. તેથી પવઈમાં ઠલવાતા ગંદા પાણીને રોકવામાં મદદ મળશે. ટેન્ડર બહાર પાડીને તમામ કામ પૂરા કરવા માટે ૧૮ મહિનાની મુદત નક્કી કરવામાં આવી હોવાનું પાલિકાના એડિશનલ કમિશનર અભિજિત બાંગરે જણાવ્યું હતું.

### ચોમાસામાં કટોકટીને

પાલિકા પ્રશાસને આપ્યો છે.

મુંબઈમાં સમય કરતા ચોમાસાનું આગમન જલદી થવાની શક્યતા વચ્ચે કોઈ પણ કટોકટીની પરિસ્થિતિને પહોંચી વળવા માટે સજ્જ થઈ ગઈ છે. ચોમાસા પહેલાની તૈયારીના ભાગરૂપે મુંબઈ મહાનગરપાલિકાએ મંગળવારે એમએમઆરડીએ, મુંબઈ પોલીસ, ટ્રાફિક પોલીસ, બેસ્ટ, રેલવે, ભારતીય હવામાન વિભાગ, નેવી, આર્મી, નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ(એનડીઆરએફ), મ્હાડા, સાર્વજનિક બાંધકામ વિભાગ, એસઆરએ, ટાટા પાવર સહિત જુદી જુદી સરકારી એજન્સીઓ સાથે બેઠક કરી હતી.

બેઠકમાં એજન્સીઓ સાથે ચર્ચા કર્યા બાદ મુંબઈમાં ચોમાસામાં માટે ખાસ (એનડીઆરએફ)ને તહેનાત કરવાનો તથા દરમ્યાન કોઈ કટોકટી સર્જાય તો ટ્રાફિક પોલીસે એનડીઆરએફ માટે ખાસ ગ્રીન કોરિડોર તૈયાર કરવાનો નિર્દેશ પાલિકા પ્રશાસને આપ્યો હતો. શહેર, પૂર્વ ઉપનગર અને પશ્ચિમ ઉપનગરમાં એનડીઆરએફની ટુકડીઓ તહેનાત રહેશે, જેથી નાગિરકોને રાહત થઈ રહેશે એવો દાવો પાલિકાએ કર્યો હતો. ચોમાસામાં પાણી ભરાય નહીં તે માટે પાલિકાના ડેપ્યુટી કમિશનર તથા આસિસ્ટન્ટ કમિશનરોને સ્ટોર્મ વોટર ડ્રેનેજ ડિપાર્ટમેન્ટ સાથે સમન્વય સાધીને અને ડિઝલ જનરેટર પંપ બેસાડવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો. તેમ જ ભારે વરસાદ દરમ્યાન ભરાઈ ગયેલા પાણીનો નિકાલ કરવા માટે નાગરિકો મૅનહોલના ઢાંકણા ખોલી ના મૂકે તેના પર ખાસ ધ્યાન આપવાની સૂચના પણ સંબંધિત અધિકારીઓને આપવામાં આવી છે. રેલવે પરિસરમાં પાણી ભરાઈને રેલવે લાઈન ઠપ થાય નહીં તે માટે રેલવેને સ્ટોર્મવોટર ડ્રેનેજ ડિપાર્ટમેન્ટ સાથે સંયુક્ત રીતે કામ કરવાનો નિર્દેશ પણ આ સમયે આપવામાં આવ્યો હતો.

### હૉર્ડિંગ અને મોબાઈલ ટાવરના સ્ટ્રક્ચરલ ઑડિટ ફરજિયાત

મુંબઈમાં ગયા વર્ષે મે મહિનામાં અચાનક આવી પડેલા વરસાદને કારણે ઘાટકોપરમાં પેટ્રોલ પંપના પરિસરમાં વિશાળ હૉર્ડિંગ તૂટી પડયું હતું, જેમાં ૧૭નાં મોત થયા હતા. આ દુર્ઘટનાને ધ્યાનમાં રાખીને મંગળવારની બેઠકમાં પાલિકા દ્વારા મુંબઈના જુદા જુદા વિસ્તારમાં જુદી જુદી એજન્સીઓના અખત્યાર હેઠળની જગ્યામાં બેસાડેલા હૉર્ડિંગ્સ બોર્ડના સ્ટ્રક્ચરલ ઑડિટ થયા છે કે નહીં તેની તપાસ કરવાનો નિર્દેશ પાલિકાએ આપ્યો હતો. સાથે જ જે હૉર્ડિંગ્સ બોર્ડ માટે સ્ટ્રક્ચરલ ઑડિટ થયા હોવાના સર્ટિફિકેટ મળ્યા નથી તેવા હૉર્ડિંગ્સના લાઈસન્સ રદ કરવાનો નિર્દેશ પાલિકાના એડિશનર કમિશનર વિપીન શર્માએ આપ્યો હતો.

## હિન્દુ મરણ

**કોળી પટેલ**

ગામ ગણદેવી, અમલસાડ હાલ મલાડ નિવાસી રમણભાઈ મગનભાઈ મિસ્ત્રી (ઉં. વ. ૭૭) તા. ૧૨-૫-૨૫ ના રોજ દેવલોક પામ્યા છે. તેઓ સ્વ. ભારતીબેનના પતિ, પાર્થના પિતા, કાન્તાબેન, ભૂપેન્દ્રભાઈ, ઠાકોરભાઈના ભાઈ, સ્વ. પાર્વતીબેનના જમાઈ, તેમનું બારમું ગુરુવાર તા. ૨૨-૫-૨૫ સવારે ૧૦ થી ૧૨. બેસણું બપોરે ૨.૦૦ થી ૩.૦૦ અને પૂચ્છપાણી બપોરે ૩.૦૦ થી ૫.૦૦ તેમના નિવાસસ્થાને રાખવામાં આવેલ છે. ઠે. ૧૦૩, વિનસ પેરેડાઇઝ, સેન્ટ જોર્જ હાઈસ્કૂલ નજીક, (ડી. ટી. એસ. એસ. કોલેજ સુધી), કુરાર વિલેજ, મલાડ પૂર્વ.

**ઈડર ઔદીચ્ય ૨૭ જ્ઞાતિ બ્રાહ્મણ**

ગામ કપોડા, ગં.સ્વ. સુમિત્રાબેન વ્યાસ (ઉં.વ.૭૯) (ચક્ષુદાતા) તે સ્વ. કાંતિલાલ વ્યાસના ધર્મપત્ની. સ્વ. આશિષ અને નિમેષના માતુશ્રી. અલકા, ટીનાના સાસુ. ભવ્ય, અવની અને વીરના દાદી. સ્વ. જેઠાલાલ ગૌરીશંકર દવેના દીકરી. ભદ્રકભાઈ અને ચંદ્રિકાબેનના બેન. તા. ૧૭.૦૫.૨૦૨૫ને શનિવારના ચિત્રોડા મુકામે દેવલોક પામેલ છે. સદગતની સાદડી તા.૨૨.૦૫.૨૦૨૫ને ગુરુવારે ૫ થી ૭. ઠે. શ્રી ઇડર ઔદીચ્ય ૨૭ જ્ઞાતિ હોલ, સિદ્ધાર્થ ટાવર્સ, કસ્તુર પાર્ક, બોરીવલી વેસ્ટ. પિયર પક્ષની સાદડી સાથે જ રાખેલ છે. ઉત્તરક્રિયા ધર્મ સ્થાને છે.

**ભટ્ટ મેવાડા બ્રાહ્મણ**

કાનપુર નિવાસી (હાલ મીરા રોડ), અરવિંદભાઈ ગણપતલાલ જોષી (ઉં. વ. ૬૭) તા. ૧૪-૫-૨૫ને બુધવારે એકલિંગજીશરણ થયા છે. તે બીનાબેનના પતિ. હિરલ ને ડૉ. જયના પિતાશ્રી. રાહુલ અને તીર્થાના સસરા. સ્વ. કાંતાબેન, સ્વ. જશોદાબેન તથા વિષ્ણુપ્રસાદ અને ડૉ. હર્ષદભાઈના ભાઈ. સાસરી પક્ષ: જાદર નિવાસી અનિરુધ્ધ ત્રિવેદી અને સંજય અનિરુધ્ધ ત્રિવેદી. પ્રાર્થનાસભા તા. ૨૩-૫-૨૫ને શુક્રવારે ૪ થી ૬. પ્રાર્થનાસભા સ્થળ: શ્રી સ્વામિનારાયણ મંદિર (બીએપીએસ), સેક્ટર નં. ૧૦, શાંતિનગર, મીરા રોડ-પૂર્વ, થાણે:૪૦૧૧૦૭. સાડલા તથા રોકડ પ્રથા બંધ છે.

**લુહાર-સુથાર**

રાજુલા નિવાસી હાલ કાંદિવલી, ભગવાનદાસ કેશવજી કવાના ધર્મપત્ની વિમળાબેન (ઉં. વ. ૭૧) તા. ૧૯-૫-૨૫ના સોમવારે અક્ષરનિવાસી થયેલ છે. તે લીલાબેન પ્રવીણભાઈના દેરાણી, સ્વ. ઈલાબેન નટુભાઈના જેઠાણી. સ્વ. માણેકબેન ભાણજીભાઈ, ગં.સ્વ. લાભુબેન જીવરાજભાઈ, સ્વ. દયાબેન મગનભાઈના ભાભી. બીનાબેન સુરેશકુમાર લાડુમોર, સંગીતાબેન પંકજકુમાર પરમાર, હીનાબેન, જીગ્નેશભાઈ, પીન્ટુભાઈના માતુશ્રી. પિયરપક્ષ સમરતબેન ધનજીભાઈ ચુડાસમા હાલ સાવરકુંડલાના સુપુત્રી. તેમની પ્રાર્થનાસભા તા. ૨૨-૫-૨૫, ગુરુવારના ૫ થી ૭. સ્થળ: લુહાર સુથાર જ્ઞાતિ વેલફેર સેન્ટર, દત્તપાડા રોડ, કાર્ટર રોડ નં.૩, બોરીવલી (ઈસ્ટ).

**ઈડર ઔદીચ્ય સત્તાવિશ જ્ઞાતિ**

રૂદરડી નિવાસી હાલ કાંદીવલી, કોદરલાલ મુલજીભાઈ પુરોહિત (ઉં. વ. ૯૬) તા. ૧૯-૫-૨૫, સોમવારના કૈલાશવાસ પામ્યા છે. તે સ્વ. પ્રભાબેન પુરોહિતના પતિ. ભાઈ બીપીન, હિતેશ, ભાવનાબેનના પિતાશ્રી. સાધના, દર્શના, હરીશ વ્યાસના સસરાજી. સ્વ. માણેકશ્વર ભટ્ટ ગામ ચિત્રોડાના જમાઈ. ઈન્દૂબેન પંડ્યા, જશવંતભાઈ ભટ્ટના બનેવી. ધ્વની, સુચી, વિનીતના દાદાજી. લૌકિક વ્યવહાર તથા પ્રાર્થનાસભા બંધ રાખેલ છે.

**હાલાઈ લોહાણા**

રાજકોટ નિવાસી હાલ માટુંગા ઈસ્ટ, સ્વ. સુશીલાબેન તથા સ્વ. શાંતિલાલ જીવરાજ ખખ્ખરના સુપુત્રી હસમુખબેન (કુકુબેન) તે સોમવાર તા. ૧૯-૫-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. ભાઈ-ભાભી: સ્વ. દીલીપભાઈ-શોભનાબેન ખખ્ખર. બહેન-બનેવી: શોભાબેન-સ્વ. રમેશભાઈ મજીઠીયા, અરૂણાબેન-પંકજભાઈ અનારકટ, પન્નાબેન-સ્વ. કુમારભાઈ શાહ. ભત્રીજી-ભત્રીજી જમાઈ: સલોની-મયૂર કોટક, નિરાલી-નિશીત મહેતા. પ્રાર્થના તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**

દેલવાડાવાળા હાલ મુંબઈ, મીનાક્ષીબેન કૃષ્ણકાંત ગોરડીયા (ઉં. વ. ૭૧) તા. ૧૮-૫-૨૫, રવિવારના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. દમયંતીબેન, સ્વ. વૈદ્યરાજ રતીલાલ હરકીશનદાસ ગોરડીયાના પુત્રવધૂ. અ.સૌ. નીશા રાકેશ, અ.સૌ. ચિત્રા પ્રેમલ, સિદ્ધી ગોરડીયા, અ.સૌ. નેહા પુલકીતના માતુશ્રી. ગં.સ્વ. નિર્મળાબેન-સ્વ.ગુલાબભાઈ, સ્વ. જ્યોત્સનાબેન-સ્વ. હસમુખભાઈ, સ્વ. ભાનુમતી-રમેશચંદ્રના દેરાણી. પિયરપક્ષે સ્વ. મણીબેન નાગરદાસ, ગીરધરલાલ મોદીના સુપુત્રી. સ્વ. કપીલાબેન અરૂણકુમાર, સ્વ. દિનેશભાઈ-ગં.સ્વ. શકુંતલાબેન, સ્વ. ભારતીબેન શરદભાઈ, સ્વ. અજયભાઈ તથા ધર્મેશભાઈ, અ.સૌ. ભાવનાબેનના બહેન. તેમની પ્રાર્થનાસભા તા. ૨૩-૫-૨૫, શુક્રવારે ૫ થી ૭. શ્રી માધવબાગ વાડી એ.સી.હોલ, શ્રી લક્ષ્મીનારાયણ મંદિર, સી.પી. ટેંક રોડ, મુંબઈ-૪૦૦૦૦૪.

**કપોળ**

મહુવાવાળા હાલ ચેમ્બુર, તિલક નગર, સ્વ. વસંતરાય અમરશી પારેખ તથા સ્વ. દીનતાબેનના પુત્ર અજય (ઉં. વ. ૬૮) તા. ૧૯-૫-૨૫ના સોમવારે શ્રીજીચરણ પામેલ છે. ગં.સ્વ. દિપીકાબેનના પતિ. દેવાંગ અને ચાર્મીના પિતાશ્રી. જીનલ તથા જય ચેતનભાઈ મહેતાના સસરા. જનકભાઈ તથા સ્વ. ભારતીબેન મહેન્દ્રકુમાર મહેતા તથા સ્વ. હર્ષના ભાઈ. મહુવાવાળા સ્વ. ઈન્દિરાબેન તથા ભુપતરાય મોહનલાલ મહેતાના જમાઈ. પ્રાર્થનાસભા રાખવામાં આવેલ નથી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કપોળ**

ડો. શશીકાંત મેહતા (ઉં. વ. ૮૨) તા.૧૨.૦૫.૨૫ના સોમવારે જલગાંવ ખાતે શ્રીજીચરણ પામ્યા છે. સ્વ. સાવિત્રીબેન અને સ્વ. હરિકૃષ્ણદાસ મહેતાના સુપુત્ર. સ્વ. ડોલરબેનના પતિ. ભક્તિ જીગરભાઈ પટેલ અને અનિકેતના પિતાશ્રી. સરોજબેન, રજનીભાઈ, રેખાબેન, અનિલભાઈ, અતુલભાઈના ભાઈ. સર્વે લૌકિક પ્રથા બંધ છે.

**કપોળ**

અમરેલી નિવાસી, હાલ વિલેપાર્લે, સ્વ. સુરેશભાઈ મગનલાલ ગાંધીના ધર્મપત્ની ગં.સ્વ. નયનાબેન (ઉં. વ. ૭૨) તા. ૧૯-૫-૨૫ને સોમવારના શ્રીજીચરણ પામ્યા છે. તે પાયલના માતુશ્રી. સ્વ. ગંભીરદાસ, સ્વ. ચીમનભાઈ, સ્વ. દિનેશભાઈ, સ્વ. મધુભાઈ, સ્વ. રણજીતભાઈ, સ્વ. વસુમતીબેન, સ્વ. ઉર્મિલાબેનના ભાઈના પત્ની. સિહોરવાળા સ્વ. મણિલાલ ભગવાનદાસ મહેતાની દીકરી. લાલદાસભાઈ તથા ચંપકભાઈ મુળજીભાઈ કાચરિયાની ભાણેજ. સર્વે લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**હાલાઈ લોહાણા**

મૂળગામ રાજકોટ હાલ કાંદીવલી, શાંતિલાલ દયાળજી ત્રિભુવનદાસ શિંગાળા (ઉં. વ.૮૫) તા.૧૯-૫-૨૫ના શ્રીજીશરણ પામેલછે. શોભનાબેનના પતિ. સ્વ મોહનલાલ લીલાધર મજીઠીયા ના જમાઈ. સ્વ મગનભાઇ, સ્વ નાનુભાઈ તથા સ્વ જયંતીભાઈના ભાઈ. નિર્મલ, નીના, હિમાંશુના પિતા. ક્ષિતિજ, પૂજા તથા શીતલના સસરા. તેમની બંને પક્ષની પ્રાર્થનાસભા તા.૨૨-૫-૨૦૨૫ ગુરુવારના ૫ થી ૭. હાલાઈ લોહાણા મહાજનવાડી, બીજે માળે, શંકરમંદિર પાસે, એસ. વી. રોડ, કાંદિવલી (વે).

**કપોળ**

દેલવાળા નિવાસી, ગં. સ્વ સરસ્વતીબેન મહેતા તથા સ્વ. રસિકલાલ ગંગાદાસ મહેતાના પુત્ર શિરીષ (ઉં. વ.૬૮) તે વૈશાલી (વર્ષા)ના પતિ. અંકિતના પિતા. સ્વ. દમયંતીબેન હિંમતલાલ પ્રાણજીવનદાસ મહેતાના જમાઈ. ભરતભાઈ, સુધાબેન, વર્ષાબેન તથા જાગૃતિબેનના ભાઈ. અરૂણાબેનના દિયર, ૧૯/૫/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**લુહાર સુથાર**

ગામ પાલીતાણા, મનુભાઇ પરમાર (ઉં. વ. ૮૦) તા.૧૬/૦૫/૨૫ના પાલીતાણા શ્રીજીચરણ પામેલ છે. તે ધરમશીભાઇના સુપુત્ર, તથા જયંતીભાઇ પરમાર, સ્વ.ચાંપાબેન જગુભાઇ પીઠવાના નાનાભાઇ, નિતેશભાઇ, બકુલભાઇ, જયંતીભાઈ, બીનાબેન મનસુખભાઇ મકવાણાના કાકા. તેમની પ્રાર્થનાસભા ગુરૂવાર તા.૨૨-૦૫-૨૦૨૫ના ૫ થી ૭. આઈ બી આઈ એસ ટાવર, પીપ બેંકવેટ હોલ, મહાવીરનગર, ન્યુ લિંક રોડ, કાંદિવલી (વેસ્ટ)

**નાથળિયા ઉનેવાળ બ્રાહમણ**

ગામ ડુંગર હાલ કલમ્બોલી નવી મુંબઈ, સૌ. જીજ્ઞાબેન વોરા (ઉં. વ.૫૬) તા.૧૮-૦૫-૨૫ના રવિવારે કૈલાસવાસી થયા છે. તે મનોજ વોરાના ધર્મપત્ની. તપન હિરલબેનના માતુશ્રી. યશવી તપન વોરાના સાસુ. સ્વ. રામશંકર (બાબુભાઈ ) નારણજી વોરાના પુત્રવધૂ. જેશંકર શિવશંકર રાજ્યગોર ગામ સીમરના દિકરી, કોકિલાબેન જયસુખભાઈ જોષી અને કેયુરીબેન ભાસ્કર મહેતાના ભાભી. પ્રાર્થનાસભા તા.૨૧.૫.૨૫ને બુધવાર ૪ થી ૬. બી એ પી એસ, સ્વામિનારાયણ સંસ્કાર કેન્દ્ર, તન્વી ડાયમોડા, બી ૩૦૨, ડાયમંડ ઇન્ડસ્ટ્રીઅલ એસ્ટેટ, દહિસર પેટ્રોલ પંપ પાસે, એસ વિ રોડ, દહિસર ઈસ્ટ.

## પારસી મરણ

ગઈ કાલે ડુંગરવાડી પર કોઇ પણ પારસી મરણ નોંધાયું નથીજી.

## જૈન મરણ

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

ભાવનગર નિવાસી હાલ સિક્કાનગર-મુંબઈ, પુષ્પાબેન ધીરજલાલ શાહના સુપુત્ર બિપીનભાઈ (ઉં. વ. ૭૭) તે વિણાબેનના પતિ. ચિરાગ, હેમલના પિતાશ્રી. અમી, વિરાના સસરાજી. સ્વ. દિલીપભાઈ, રમેશભાઈ, અલકા પંકજભાઈ મહેતા, શિલ્પા દિલીપભાઈ શાહના ભાઈ. લીલાવતીબેન હીરાલાલ સોમચંદ શાહ ખંભાતવાળાના જમાઈ. શુક્રવાર તા. ૧૬-૫-૨૫ના અરિહંતશરણ પામેલ છે. ચક્ષુદાન કરેલ છે. (લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે)

**દશાશ્રીમાળી સ્થાનકવાસી જૈન**

કાલાવાડ નિવાસી હાલ ખાર, ગં.સ્વ. સવિતાબેન કાંતીભાઈ કોઠારી (ઉં. વ. ૯૨) તે સ્વ. બીનાબેન મહેન્દ્રભાઈ, સોનલબેન કુમારભાઈ, લતાબેન શ્રીપાલભાઈ, છાયાબેન અતુલભાઈના માતુશ્રી. સ્વ. મણીબેન ગોકુળદાસ મહેતાના પુત્રી. નીતાબેન દિનેશભાઈ, સ્વ. મીનાબેન રમેશભાઈ, સ્વ. કંચનબેન વિનયકાંત, લલિતાબેન યશવંતરાયના ભાભી. ફાલ્ગુની-ધર્મીત, સ્વ. હાર્દિક-મમતા, પુજા ધવલના દાદી સાસુ. દિવીત, દિવીજ, આરવ, આઈરા અને આરહાનના પરદાદી તા. ૧૯-૫-૨૫ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર અને પ્રાર્થનાસભા રાખેલ નથી.

**સુરત વિશા ઓસવાલ મુર્તિપૂજક જૈન**

સ્મિતાબેન નીતિનભાઈ જવેરી (ઉં. વ. ૭૦) તા. ૨૦-૫-૨૫, મંગળવારના અરિહંતશરણ પામેલ છે. તે પાયલ, પારસ તથા પ્રતિકના માતુશ્રી. કાર્તિકભાઈ તથા દીપાબેનના સાસુ. જયેન્દ્રભાઈ, લીનાબેન તથા યોગીનભાઈના બેન. રીતિકા, નીયાન તથા નીવાનના દાદી. પ્રાર્થનાસભા: ગુરુવાર, તા. ૨૨-૫-૨૫ના ૧૦ થી ૧૨. ભારતીય વિદ્યા ભવન, કે.એમ. મુન્શી માર્ગ, ચોપાટી, મુંબઈ-૭.

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

દામનગર નિવાસી હાલ મીરારોડ, સ્વ. કાંતાબેન પોપટલાલ જોબાલિયાના પુત્ર મનહરલાલ (ઉં. વ.૮૬) તે સુધાબેનના પતિ. કલ્પેશ, દિવ્યાના પિતા. કિંજલ, નિમીષકુમાર મડિયાના સસરા. સ્વ. અનંતરાય, ભોગીભાઈ, સ્વ. વસંતભાઈ, કનુભાઈ, સ્વ. લલીતભાઈ, હર્ષદભાઈ, અનસુયાબેન ચીમનલાલ ઘેલાણી, ભારતી દિલીપકુમાર ગાંઠાણીના ભાઈ. શ્વસુર પક્ષે સ્વ. છોટાલાલ પોપટલાલ દોશીના જમાઈ. તા. ૨૦-૫-૨૫ના અરિહંતશરણ પામ્યા છે. પ્રાર્થનાસભા ગુરુવાર તા.૨૨-૫-૨૫ના ૧૦ થી ૧૨. મીરા રોડ વર્ધમાન સ્થાનકવાસી જૈન ઉપાશ્રય, સેક્ટર ૬, ગુરુદ્વારાની સામે, મીરારોડ (પૂ).

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

લાખાપર હાલે પત્રીના માતુશ્રી ભાનુમતી વલ્લભજી મારૂ (ઉં. વ. ૮૦) તા. ૧૯-૫-૨૦૨૫ના અરિહંત શરણ પામ્યા છે. વલ્લભજીભાઇના ધર્મપત્ની. માતુશ્રી જખીબાઇ દેવશી (કાકુ) મણશી મારૂના પુત્રવધુ. ગામ : લુણીના માતુશ્રી લક્ષ્મીબેન ભવાનજી દામજી ગલીયાના સુપુત્રી. હીના, લીના, દિપેનના માતુશ્રી. વિનોદ, તારા, સરલા, મહેન્દ્રના બહેન. પ્રા. શ્રી વ.સ્થા.જૈન શ્રા. સંઘ કરસન લધુભાઇ નિસર હોલ, દાદર (વેસ્ટ), ટા. ૨ થી ૩.૩૦. નિવાસ સ્થાન : દિપેન મારૂ, બી-૫૦૪, સીલ્વર રેસીડેન્સી, વાલાજાનુ રેસ્ટોરન્ટની બાજુમાં, એલ.આઇ.સી. કોલોની, બોરીવલી (વેસ્ટ).

ફરાદીના ભવાનજી રામજી માલશી ગાલા (તંત્રી-કચ્છ રચના) (ઉં. વ. ૮૭) તા.૧૮-૫-૨૫ ના અવસાન પામેલ છે. મેઘબાઈ રામજીના સુપુત્ર. ઝવેરબેનના પતિ. મયુર, પ્રીતિના પિતા. શામજી, પુરબાઈ, ભચીબેન, જયાબેન, સુશીલાના ભાઈ. મોટી ખાખર ભચીબેન/સાકરબેન મેગજી વોરાના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિવાસ : મયુર ગાલા, ૪૨, ધર્મરાજ નગર સોસાયટી, શાયોના સીટી પાસે, આર.સી. ટેકનીકલ રોડ, ઘાટલોડીયા, અમદાવાદ.

મોટા કપાયાના માતુશ્રી મણીબેન ઉમરશી ભેદા (ઉં. વ. ૭૬) તા. ૧૮-૫-૨૫ના અરિહંત શરણ પામેલ છે. લક્ષ્મીબેન ખેતશીના પુત્રવધુ. ઉમરશીના પત્ની. કેતન, ભુપેન (પીંટુ)ના માતા. બારોઇના તેજબાઇ પ્રેમજી દેવજી કેનિયાના સુપુત્રી. હરખચંદ, મનસુખ, પાનબાઇ/હીરબાઇ, લક્ષ્મીબેન, કસ્તુરના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. ઉમરશી ભેદા, ૨૦૧, કસ્તુરી ટાવર, દીપ જય દીપ સોસાયટી, સેક્ટર-૮, ઐરોલી, નવી મુંબઇ-૪૦૦૭૦૮.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

કવર સ્ટોરી_
નિલેશ વાઘેલા
feedback@bombaysamachar.com

## શું હૉસ્પિટાલિટી ઉદ્યોગ હૉસ્પિટલ ભેગો?

### સરહદની સર્જિકલ સ્ટ્રાઇકથી હોટલ ઉદ્યોગને કરોડોનો ફટકો, સીઝફાયર મલમનું કામ કરે એવો આશાવાદ!



સરહદે નાપાક શત્રુને કારણે થયેલી લશ્કરી અથડામણોની સૌથી પહેલી અને ખરાબ અસર હોસ્પિટાલિટી ઉદ્યોગ પર પડી છે. વાસ્તવમાં પહલગામમાં બનેલી આતંકવાદી ઘટના પછીથી જ આ ઉદ્યોગની કમબખ્તી બેસી ગઇ હતી. જોકે, આ બાબત માત્ર કાશ્મીર પર્યટન સુધી જ સીમિત ના રહેતા સમગ્ર દેશના ઉદ્યોગને લાગુ થઇ છે. ભારત-પાકિસ્તાન તણાવથી દેશના આતિથ્ય ક્ષેત્રના ઉદ્યોગોને ભારે અસર થઈ છે. અલબત્ત હાલ સીઝ ફાયર એટલે કે યુદ્ધ વિરામ જાહેર થયું હોવાથી ઉદ્યોગને થોડી રાહત મળી છે, પરંતુ દેશની સરહદે હજુ પણ તોળાઇ રહેલી શત્રુ દેશોના તોપગોળા જોતાં પરિસ્થિતિમાં ઝડપી સુધારાની આશા નથી.

એક અંદાજ અનુસાર મે મહિનામાં ૫૦ ટકાથી વધુ બુકિંગ રદ થવાની અને ૪૦ ટકા વ્યવસાયમાં ઘટાડો થવાની ધારણા છે. હોટેલોને દૈનિક આવકમાં નુકસાન, રદ કરાયેલા કાર્યક્રમો અને આઇપીએલ સસ્પેન્શનની ભારે નકારાત્મક અસરનો સામનો કરવો પડશે. વર્તમાન પરિસ્થિતિમાં તાત્કાલિક ઉપાયરૂપે હોટલ કંપનીઓ ઘટતા જતા વ્યવસાય અને વધતી અનિશ્ચિતતાને નિયંત્રિત કરવા માટે ખર્ચ ઘટાડવાના પગલાં અમલમાં મૂકી રહી છે.

ભારત અને પાકિસ્તાન વચ્ચેના સંઘર્ષના સૌથી મોટા નુકસાનમાં હોસ્પિટાલિટી ક્ષેત્ર એક બની ગયું છે. હોટેલ ચેઇન્સ વ્યવસાયિક મંદીનો સામનો કરી રહી છે, મે મહિનાના પહેલા જ અઠવાડિયામાં મુંબઈ, દિલ્હી, બેંગ્લોર અને ચેન્નઈમાં ૫૦ ટકાથી વધુ બુકિંગ રદ થયા હોવાના અહેવાલ છે, કારણ કે અનેક કંપનીઓએ ટ્રાવેલ એડવાઇઝરી જારી કરી છે.

બુકિંગ કેન્સેલેશન અને નવા રૂમ બુકિંગમાં ઘટાડાના પરિણામે, મે મહિનામાં હોટેલના બિઝનેસમાં ચાલીસ ટકા સુધીનો ફટકો પડવાની સંભાવના હોવાનું જણાવતાં હોસ્પિટાલિટી એક્ઝિક્યુટિવ્સે કહ્યું હતું કે, આંતરરાષ્ટ્રીય પ્રવાસન, વિદેશથી આવતા પર્યટકો મારફત થતી આવક દેશની ટોચની હોટલ ચેઇનની કુલ આવકમાં લગભગ દસ ટકા હિસ્સો અને લકઝરી હોસ્પિટાલિટી (વેન્ટિવ) સેગમેન્ટમાં લગભગ ૧૫ ટકા હિસ્સો ધરાવે છે. ઉપરોક્ત એક્ઝિક્યુટિવે કહ્યું કે, અમારી ગણતરી મુજબ, બાકીની બધી બાબતો સમાન હોવા છતાં, હોટેલ્સને વ્યાજ અને કરવેરા પહેલાની ગણતરીને આધારે દરરોજ લગભગ દોઢેક કરોડ રૂપિયાનું નુકસાન થઈ શકે છે અને વેન્ટિવ હોસ્પિટાલિટીને ઇનબાઉન્ડ આંતરરાષ્ટ્રીય પ્રવાસનના નુકસાન પર દરરોજ રૂ. ૫૦ લાખનું નુકસાન થઈ શકે છે.

મે મહિનાના બીજા અઠવાડિયા દરમિયાન, એચડીએફસી બેંક, એક્સિસ બેંક અને ટાટા કમ્યુનિકેશન્સ જેવી કંપનીઓએ સ્થાનિક મુસાફરી પર ચેતવણી અને પ્રતિબંધ જાહેર કરતી ટ્રાવેલ એડવાઇઝરી જારી કરી છે.

આ સંદર્ભના પ્રશ્નોના જવાબમાં એક ટોચની હોટલના પ્રવકતાએ જણાવ્યું કે, અમારા મહેમાનો અને સહયોગીઓની સલામતી અમારા માટે ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. આ એક બદલાતી પરિસ્થિતિ છે અને અમે વિકાસ અને વ્યવસાયિક અસર પર નજર રાખી રહ્યા છીએ, મર્યાદિત લીઝર અને કોર્પોરેટ મુસાફરીને કારણે રૂમ બુકિંગ રદ કરવા ઉપરાંત, મીટિંગ્સ અને કોન્ફરન્સ પણ રદ કરવામાં આવ્યા હોવાને કારણે હોટલ વ્યવસાયને નુકસાન થયું છે. એક સમગ્ર ભારતમાં ફાઇવ સ્ટાર હોટેલ ચેઇન ધરાવતી ચેન્નઇ સ્થિત કંપનીમાં ઉક્ત સમયગાળા દરમિયાન એક જ અઠવાડિયામાં એક ઇવેન્ટ માટે બુક કરાયેલા ૧૦૦ રૂમના બુકિંગ રદ કરવામાં આવ્યા હતા. મુંબઈના જુહુ વિસ્તારમાં અન્ય ફાઇવ સ્ટાર હોટેલમાં ઇવેન્ટ રદ કરવામાં આવી હતી, જેના કારણે માત્ર બે દિવસમાં એક કરોડ રૂપિયાનો વ્યવસાય ગુમાવવો પડ્યો હતો.

**યુદ્ધવિરામ રાહતદાયક, પણ કળ વળતાં વાર લાગશે!**

ભારત-પાકિસ્તાન તણાવથી દેશના આતિથ્ય ક્ષેત્રના ઉદ્યોગોને ભારે અસર થઈ છે. અલબત્ત હાલ સીઝ ફાયર એટલે કે યુદ્ધ વિરામ જાહેર થયું હોવાથી ઉદ્યોગને થોડી રાહત મળી છે, પરંતુ દેશની સરહદે હજુ પણ તોળાઇ રહેલા શત્રુ દેશોના તોપગોળા જોતાં પરિસ્થિતિમાં ઝડપી સુધારાની આશા નથી.

હોસ્પિટાલિટી કન્સલ્ટન્સીના પ્રવકતાએ જણાવ્યું હતું કે, કોર્પોરેટ ટ્રાવેલ અને માઇસ (મીટિંગ્સ, ઇન્સેન્ટિવ્સ, કોન્ફરન્સ અને એક્ઝિબિશન) પણ સરહદની સર્જિકલ સ્ટ્રાઇકની નકારાત્મક અસર અનુભવી રહ્યા છે, કંપનીઓ બિનઆવશ્યક મુસાફરીને પ્રતિબંધિત કરી રહી છે, રિમોટ વર્કને પ્રોત્સાહન આપી રહી છે અને કર્મચારીઓની સલામતી સુનિશ્ચિત કરવા માટે ઇવેન્ટ્સનું સમયપત્રક ફરીથી ગોઠવી રહી છે.

હોટલ ઉદ્યોગ માટે એક બાબતમાં રાહત થઇ છે. ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (બીસીસીઆઇ) દ્વારા ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ)ને કામચલાઉ સ્થગિત કરવાથી પરિસ્થિતિ વધુ ખરાબ થઈ ગઈ હતી. જોકે, હવે નવી તારીખો આવવા સાથે મેચ શરૂ ગઇ છે અને એક સપ્તાહ મુલતવી રહેલી મેચો એક વધુ સપ્તાહ સુધી વિસ્તારાઇ હોવાથી હોટલોને મોટી રાહત થઇ છે. વાસ્તવમાં આ અપવાદ મામલામાં લાભ પણ થયો છે.

નોંધવું રહ્યું કે ઉક્ત બોર્ડ અઢી મહિનાની ટુર્નામેન્ટ દરમિયાન ટીમ, ક્રૂ અને કોમેન્ટ્રેટરના રહેવા માટે ત્રીસથી વધુ હાઇએન્ડ હોટલોનો કરાર કરે છે. બીસીસીઆઇ પાસે ઇન્ડિયન હોટેલ્સ, ટ્રાઇડેન્ટ ઓબેરોય અને આઇટીસી જેવી ચેઇન સાથે કરાર છે.

કુલ ૭૪ મેચની આ ટુર્નામેન્ટ ૧૩ સ્થળોએ યોજાવાની હતી, જેમાં મુંબઈ, અમદાવાદ, હૈદરાબાદ, વિશાખાપટ્ટનમ, ચંદીગઢ, દિલ્હી, બેંગલુરુ, ગુવાહાટી, જયપુર, લખનઊ, ચેન્નઈ, કોલકાતા અને ધર્મશાલાનો સમાવેશ છે.

આમાંથી ધર્મશાલા પડતું મુકવું પડ્યું હતું. પાકિસ્તાન સાથેના યુદ્ધને કારણે ધર્મશાલામાં યોજાનારી પંજાબ કિંગ્સ અને દિલ્હી કેપિટલ વચ્ચેની મેચ રદ કરવામાં આવી હતી. બાદમાં, બીસીસીઆઇએ ટુર્નામેન્ટને એક અઠવાડિયા માટે સ્થગિત કરવાનો નિર્ણય લીધો હતો. જોકે, હવે આ રમત શ્રેણી ૧૭મીથી શરૂ થઇ હોવા સાથે એક સપ્તાહ વધુ વિસ્તારાઇ હોવાથી હોટલોને બુકિંગમાં પડનાર મોટો ફટકો ટળી ગયો છે. અલબત્ત મેચના અમુક સ્થળોમાં ફેરફાર થઇ શકે છે.

દરમિયાન, ઘટતા વ્યવસાયને ધ્યાનમાં રાખીને હોટેલ્સે હવે માર્જિન બચાવવા માટે પગલાં લેવાનું શરૂ કર્યું હોવાનું જાણવા મળે છે. સરહદે સ્થિતિ વણસ્યા બાદ સર્જાયેલી પરિસ્થિતિમાં, ઘણી હોટલોએ વ્યવસાય ઘટતા ખર્ચને નિયંત્રિત કરવાના પગલાં લેવા માટે ઉચ્ચસ્તરીય બેઠકો યોજી હતી. તેમાંથી કેટલીક હોટલો નવી ભરતી અટકાવે તેવી અપેક્ષા છે, જે હાલમાં ટૂંકાગાળાની કામચલાઉ પોસ્ટ માટેની ભરતીને પણ ઘટાડી શકે છે અને તેમની મિલકતોમાં ઓક્યુપન્સીને ઑપ્ટિમાઇઝ કરીને એચએલપી (હીટિંગ, લાઇટિંગ અને પાવર) ખર્ચને નિયંત્રિત કરી શકે છે.

આ સંદર્ભે ટોચની ફાઇવ સ્ટાર હોટલ ચેઇનમાં કાર્યરત એક એક્ઝિક્યુટિવે જણાવ્યું હતું, કે ઓક્યુપન્સીને ઑપ્ટિમાઇઝ કરવાનો અર્થ એ થશે કે ખાસ કરીને વીજળીના વપરાશને નિયંત્રિત કરી ઘટાડવો અને વીજળીનો વપરાશ સુનિશ્ચિત કરવા માટે ચોક્કસ માળ પર રિઝર્વેશન આપવું, નાની પોસ્ટની ભરતી અટકાવવી વગેરેનો સમાવેશ થાય છે. જોકે, સીઝફાયર થયા પછી પરિસ્થિતિમાં સુધારો આવશે એવી આશા છે. ■

---

## આ તો સ્કેમ છે... સ્કેમ છે..!

## ખજાનાની ઉચાપતની ફરિયાદ છતાં નહેરુ સરકાર રહી ચૂપ

પ્રફુલ શાહ
feedback@bombaysamachar.com



નેતાજી સુભાષચંદ્ર બોઝે સ્થાપેલી પ્રોવિઝનલ ગવર્નમેન્ટ ઑફ આઝાદ હિન્દ (પી.જી.એ.એચ.) અર્થાત આઝાદ હિન્દની કામચલાઉ સરકાર તૂટી પડ્યા બાદ અમુકે એનો ખજાનો રફેદફે કરી દીધો એવી શંકા સાવ અસ્થાને નથી ને નથી જ. આવું થયાની શક્યતા વ્યક્ત કરતાં સેંકડો દસ્તાવેજો દાયકાઓ સુધી ઑફિશિયલ સિક્રેટ એક્ટ હેઠળ પી.એમ.ઓ. (પ્રાઈમ મિનિસ્ટર્સ ઑફિસ) અને વિદેશ મંત્રાલયના કબજામાં સબડતા રહ્યા હતા. ગુપ્ત અહેવાલો, ટેલિગ્રામ્સ અને પત્રો ધરાવતા આ દસ્તાવેજો 'નેતાજી ફાઈલ્સ' તરીકે ધૂળ ખાતા રહ્યા.

એવું નહોતું કે તે સમયની સરકારને આ ગફલાની જાણ નહોતી. જાણકારી હતી પણ આંખ આડા કાન કરાયા અને પાછા કાનમાં ય આંગળા ખોસી દેવાયા. પછી 'નેતાજી ફાઈલ્સ' રૂમનાં અંધારામાં ધરબાઈ ગઈ અને જ્યારે આ ડિક્લાસિફાઈડ ફાઈલ્સ ખુલી ત્યારે અતીતના ઘણાં વટાણા વેરાયા અને એનાથી અનેકને આઘાત લાગ્યો.

આ ફાઈલ્સમાં ગૂંગળાતાં અમુક સત્યો પર નજર નાખીએ. (૧) નહેરુ સરકારે આજના સમયે કરોડો રૂપિયાનો થાય એવા આઈ.એન.એ.ના ખજાનામાં થયેલી સંભવિત ઉચાપતની ઘોર અવગણના કરી. (૨) ૧૯૪૭થી ૧૯૫૩ વચ્ચે ટોકિયો દૂતાલયના વિવિધ વડાએ વારંવાર આપેલી માહિતી અને ચેતવણીની લેશમાત્ર નોંધ ન લેવાઈ. (૩) દૂતાલય તો ઠીક એ સમયના અન્ડર સેક્રેટરી અને પછી વિદેશ સચિવ બનેલા આર. ડી. સાઠેએ વડા પ્રધાન જવાહરલાલ નહેરુને પત્ર લખ્યો હતો કે અવસાન અગાઉ નેતાજીએ સાયગોન (હવે વિયેતનામનું ચિ મિન્ટ શહેર)માં રાખેલા ખજાનામાંથી સોનાના ઘરેણાં તથા હીરા-મોતી-માણેક જેવી અમૂલ્ય ચીજોને પગ આવી ગયા છે. તેમણે શબ્દો ચોર્યા વગર સાફ-સાફ જણાવ્યું હતું કે શંકાસ્પદ કાવતરાખોરોએ આ ખજાનામાંથી ઘણું સગેવગે કરી નાખ્યું છે.

આમ છતાં સરકારનું પેટનું પાણી કેમ ન હલ્યું? શું કૉંગ્રેસને આઝાદી બાદ પણ સુભાષબાબુ સાથે વાંધો હતો? અને વાંધો હોય તો પણ તેમણે ભારતીય પ્રજાજનો પાસેથી મેળવેલી સહાય દેશમાં પાછા લાવવામાં નુકસાન થોડું થાય? કે પછી નેતાજી કે એમની સેવા અંગે બ્રિટિશરોને કોઈ મૌખિક કે લેખિત વચન અપાયું હશે. અંગ્રેજોને નેતાજી પર ખુન્નસ હતું કારણ કે તેમણે શસ્ત્રો ઉપાડ્યાં હતાં ને દેશની આઝાદી માટે લડવા વિદેશી સરકારની મદદ લીધી હતી અને પરદેશી ધરતી પર સૈન્યને એકઠું કર્યું હતું. એટલું જ નહિં વિશ્વ યુદ્ધમાં ય તેઓ બ્રિટિશરોની વિરોધી છાવણીની પડખે રહ્યા હતા.

વધુ આઘાતજનક બાબત એ છે કે બધી ચેતવણી-જાણકારીની ઘોર અવગણના કરવામાં આવી હતી. આ રાજદ્વારીઓ દ્વારા ખજાનાની ઉચાપતની આઈ.એન.એ.ના માજી હોદ્દેદારો સામે શંકાની સોઈ ચિંધાઈ હતી. એમની વિરુદ્ધ કોઈ જાતની સમ ખાવા કે દેખાડા પૂરતી ય તપાસ યોજાઈ નહોતી. અરે આવા અમુક તથાકથિત 'દાગી'ને શિરપાવ અપાયા હતા!

અને સરકાર એક જ પીપુડું વગાડતી રહી કે નેતાજી અંગેની ડિક્લાસિફાઈડ ફાઈલ્સ જાહેર કરવામાં જાહેર હિતને ફાયદો થવાનો નથી.

આ મામલામાં એક સમયે નેતાજી અને આઈ.એન.એ. સાથે રહેનારા એમ. રામમૂર્તિ અને એસ. એસ. ઐયરના નામ સ્પષ્ટપણે ફરિયાદમાં લખાયેલા હતા. આ ફાઈલમાં જે. મૂર્તિ, સર જોહન ફિગિસના નામ પણ હતા.

એ રકમ, ખજાનો નેતાજીનો હતો પણ એના પર આમ ભારતીયનો હક હતો. તેમણે પોતાની કાળી મજૂરીથી રળેલી આવક અને ઘરેણાં નેતાજીની આઝાદીની લડતમાં મદદ માટે સ્વેચ્છાએ આપ્યા હતા. આઝાદી મળી ગઈ અને નેતાજી અવસાન પામ્યા એટલે દલ્લા પર કોઈ અન્યનો હક કેવી રીતે હોઈ શકે? આ ખજાનાની ઉચાપત કરનારાઓએ નેતાજી, આઝાદ હિન્દ ફૌજ, ભારત દેશ અને ભારતીય પ્રજા સાથે ઘોર છેતરપિંડી કરી. કાશ આઝાદી બાદ સરકારે તાત્કાલિક પગલાં ભર્યાં હોત તો થોડું ઘણું બચાવી શકાયું હોત અને કૌભાંડકારોને જેલ ભેગા કરી શક્યા હોત. (ક્રમશ:)■

---

પ્રાસંગિક__અમૂલ દવે
feedback@bombaysamachar.com

## ચીન-પાકિસ્તાન રમે છે મેલી રમત બાંગ્લાદેશમાં...

### ભારત વિરુદ્ધ રમાતી આ રાજકીય ગેમનું કોઈ સચોટ મારણ તાત્કાલિક આપણે શોધી કાઢીને અમલમાં મૂકવું પડશે



મોહમ્મદ યુનુસ - શી જિનપિંગ

આ ઘોર કળિયુગમાં કોઈ ઉપકારનો બદલો કોઈ અપકારમાં આપે તો આઘાત નહીં પામવાનું. ભારત સાથે આવું નરાધમકૃત્ય બાંગ્લાદેશે કર્યું છે. ભારતે ૧૯૭૧માં બાંગ્લાદેશીઓને પાકિસ્તાનના જુલમથી બચાવવા યુદ્ધ કરીને પાકિસ્તાનના બે ભાગલા પાડ્યા અને બાંગ્લાદેશ નામના દેશને જન્મ આપ્યો હતો.

હવે એ જ બાંગ્લાદેશ અન્ય પાડોશી એવા ચીન અને પાકિસ્તાનની ચડામણીથી તેની જનની સમા ભારત સાથે દુશ્મનથી પણ બદતર વર્તાવ કરી રહ્યું છે. ભારત અને બાંગ્લાદેશના સંબંધો છેક તળિયે જતા રહ્યા છે એમાં હાલના પાકિસ્તાન અને ભારતના લશ્કરી સંઘર્ષમાં પણ બાંગ્લાદેશે પાકિસ્તાનને સાથ આપ્યો હતો. એક સમયનું ધર્મનિરપેક્ષ એટલે કે સેક્યુલર રાષ્ટ્ર પાકિસ્તાન જેવું ઇસ્લામિક સ્ટેટ બનવા તરફ આગળ વધી રહ્યું છે. જે પાકિસ્તાન સામે બાંગ્લાદેશીઓએ લડત ચલાવી હતી એ જ પાકિસ્તાનના ખોળામાં બેસવા બાંગ્લાદેશ તૈયાર થઈ ગયું છે. બાંગ્લાદેશના ભૂતપૂર્વ વડાં પ્રધાન શેખ હસીનાએ ગયા ઉનાળામાં દેશ અને પદ છોડી દીધા બાદ બાંગ્લાદેશ પર ચીન અને પાકિસ્તાનનો પ્રભાવ વધતો જાય છે. નોબેલ પારિતોષિક વિજેતા અને બાંગ્લાદેશની હંગામી સરકારના મુખ્ય સલાહકાર મોહમ્મદ યુનુસે તાજેતરમાં ચીનની મુલાકાત પણ લીધી હતી. આ જ દર્શાવે છે કે દક્ષિણ એશિયાનો લેન્ડસ્કેપ ઝડપથી બદલાઈ રહ્યો છે. યુનુસ તો કટ્ટર ભારત વિરોધી છે. હસીના વડાં પ્રધાન હતાં ત્યારે એમણે ભારત - ચીન બન્ને સાથે સારા સંબંધો રાખ્યા હતા અને પાકિસ્તાનને છેટું રાખ્યું હતું. હસિના અમેરિકા વિરોધી હોવાથી અમેરિકાએ ચીન અને પાકિસ્તાનની મદદથી તેમને ઉથલાવી પાડ્યા.યુનુસના નેતૃત્વમાં ઢાકા બીજિંગ અને ઈસ્લામાબાદની નજીક સરકી ગયુ છે.

ઓગસ્ટ ૨૦૨૪ પછી બાંગ્લાદેશ અને પાકિસ્તાન વચ્ચે અનેક સ્તરે બેઠકો યોજાઈ છે. પાકિસ્તાનના નાયબ વડા પ્રધાન ઈશાક દાર બાંગ્લાદેશની મુલાકાતે જવાના છે, જે ૧૩ વર્ષમાં પાકિસ્તાની કોઈ પ્રધાને બાંગ્લાદેશની યાત્રા કરી હોય એવો પ્રથમ પ્રસંગ હશે. બાંગ્લાદેશના નૌકાદળે પાકિસ્તતાનની લશ્કરી કવાયતમાં ભાગ લીધો હતો. બાંગ્લાદેશ અને પાકિસ્તાન વચ્ચે સીધો વેપાર ચાલુ થઈ ગયો છે. ઢાકાએ પાકિસ્તાનથી ૫૦,૦૦૦ ટન ચોખાની આયાત કરી હતી. બન્ને દેશ વચ્ચે સીધી ફ્લાઇટ શરૂ થઈ છે.

બાંગ્લાદેશની ચીન અંગેની નીતિ પણ બદલાઈ ગઈ છે...

યુનુસે માર્ચમાં ચીનની લીધેલી સરકારી મુલાકાતે સંદેશો આપી દીધો છે કે બાંગ્લાદેશ માટે ચીન કેન્દ્ર બિંદુ છે. ચીન ઢાકાને જકાત મુક્ત માલ મોકલે છે. એણે બાંગ્લાદેશ માટે ૨.૧ અબજ ડૉલરની લોન, રોકાણ અને કરાર આપવાની જાળ પણ બિછાવી છે. ચીન બાંગ્લાદેશનો સૌથી મોટો વેપાર ભાગીદાર બની ગયો છે. ૨૦૨૪માં બન્ને વચ્ચેનો વેપાર ૨૪ અબજ ડોલરનો થયો હતો. બાંગ્લાદેશે ચીન સાથે એક અબજ ડૉલરના તીસ્તા રીવર મેનેજમેન્ટ પ્રોજેક્ટની વાતચીતની શરૂઆત કરી છે.

આમ બંગાળની ખાડીમાં બાંગ્લાદેશને લીધે ચીનની હાજરી વધતી જાય છે. ચીન બાંગ્લાદેશના હથિયારોનો મોટો સપ્લાયર છે. ૨૦૧૦થી ૨૦૨૦ સુધીમાં બાંગ્લાદેશની સંરક્ષણ આયાતમાં ૭૦ ટકા હિસ્સો ચીનનો હતો. બીજા શબ્દોમાં કહીએ તો પાકિસ્તાન, બાંગ્લાદેશ અને ચીનની ત્રિપુટી ભારત માટે ખતરનાક બનતી જાય છે. હાલના આપણા 'ઓપરેશન સિંદૂર'માં પણ ચીન અને બાંગ્લાદેશે પાકિસ્તાનનો સાથ આપ્યો હતો. ભારતને આશંકા છે કે બાંગ્લાદેશ ભારત વિરોધી પ્રવૃત્તિનું કેન્દ્ર બની જશે. બાંગ્લાદેશમાં પાકિસ્તાની આઈએસઆઈ આતંકવાદીની છાવણી ખોલી શકે. પાકિસ્તાન જમાતે ઈસ્લામીની મદદથી ભારત વિરોધી ભાવનાને બાંગ્લાદેશમાં ભડકાવી રહ્યું છે.

બાંગ્લાદેશમાં લઘુમતી હિંદુ પર થતા હુમલાને લીધે પણ સંબંધો તંગ બન્યા છે. ભારતના વિદેશ પ્રધાન વેદમ જયશંકરે આક્ષેપ કર્યો છે કે બાંગ્લાદેશમાં ૨૦૨૪માં હિન્દુઓ પર અત્યાચારના ૨,૪૦૦ અને ૨૦૨૫માં ૨૫ બનાવ બન્યા છે. હસીનાએ બાંગ્લાદેશમાંથી ભાગીને ભારતમાં આશરો લીધો છે એનાથી પણ બાંગ્લાદેશ નારાજ છે. બાંગ્લાદેશ હસીનાના પ્રત્યાર્પણની માગણી કરી રહ્યું છે. અગરતલામાં બાંગ્લાદેશના આસિસ્ટન્ટ હાઈ કમિશન પર હુમલો થતા પણ વાત વણસી છે. બાંગ્લાદેશીઓ લાખોની સંખ્યામાં ભારતમાં ઘૂસણખોરી કરે છે એને લીધે પણ બન્ને દેશના સંબંધો ખરાબ થયા છે.

ભારતે બાંગ્લાદેશ સામે કડક પગલાં લીધાં છે. ભારતે એપ્રિલ ૨૦૨૫માં બાંગ્લાદેશના કાર્ગોને અપાતી ટ્રાન્સ શિપમેન્ટની સુવિધા પાછી ખેંચી લીધી છે. આનાથી બાંગ્લાદેશના વેપારને મોટો ફટકો પડ્યો છે. ભારતે ૧૭ મેથી બાંગ્લાદેશના રેડીમેડ ગારમેન્ટ અને બીજી વસ્તુની આયાત પર અંકુશ મૂક્યા છે. હવે બાંગ્લાદેશ ફક્ત કોલકાતા અને ન્હાવા સેવાથી કપડાની આયાત કરી શકશે. આવો અંકુશ પ્રોસેસ્ડ ફૂડ, કોટન, પ્લાસ્ટિક અને લાકડાના ફર્નિચર પર મૂકવામાં આવ્યો છે. બાંગ્લાદેશે ભારતની યાર્ન અને ચોખાની નિકાસ પર અંકુશ મૂકતાં ભારતે જવાબી અંકુશો મૂક્યા છે. બાંગ્લાદેશે ભારતીય કાર્ગો પર ટ્રાન્ઝીટ ફી લાદી છે. ભારતની ગારમેન્ટની આયાત પર મૂકેલા અંકુશોથી બાંગ્લાદેશને મોટું નુકસાન થશે. બાંગ્લાદેશની ૭૭ કરોડ ડૉલરની કાપડની નિકાસ પર આની અસર થશે. બાંગ્લાદેશના નિકાસકારો તો ભારતના આ નિર્ણયથી હચમચી ગયા છે. જ્યારે ભારતના ટેકસ્ટાઈલ ઈન્ડસ્ટ્રીના માંધાતાનું કહેવું છે કે આનાથી ભારતમાં ગારમેન્ટનું ૧૦૦૦-૨૦૦૦ કરોડનું ઘરેલું ઉત્પાદન વધી જશે.

આવી તંગ પરિસ્થિતિમાં યુનુસ કોઈ પણ રીતે સત્તા પર ચીટકી રહેવા માગે છે. યુનુસ કહે છે કે બાંગ્લાદેશમાં ચૂંટણી સુધારા અમલમાં મુકાયા બાદ૨૦૨૫ના અંત ભાગમાં કે ૨૦૨૬ના મધ્યમાં સામાન્ય ચૂંટણી થઈ શકે. હસીનાના પક્ષના ચૂંટણીમાં સહભાગી થવા પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે.

બીજી તરફ, અત્યારના સિનારિયોને ધ્યાનમાં રાખીને ભારતે હસીના પર મદાર રાખવાનું છોડીને 'બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટી' સાથે સંબધ સુધારવાનું શરૂ કર્યું છે. ભારતના હાઈ કમિશનર ગયા વર્ષે એ પક્ષના નેતાઓને મળ્યા હતા. ચીન અને પાકિસ્તાન અત્યારે જે રીતે નેપાળ, માલદીવ અને બાંગ્લાદેશ જેવા દેશોમાં પ્રભુત્વ જમાવીને ભારતને ઘેરવાનો વ્યૂહ રચી રહ્યું છે એનું ભારતે કોઈ સચોટ મારણ-તારણ શોધી કાઢવું પડશે. ■

ઔર યે મૌસમ હંસીં...
દેવલ શાસ્ત્રી
feedback@bombaysamachar.com


# એ લખોટીઓ તો મારા-તમારા બાળપણનો વૈભવ હતો...

મારી પાસે લાંબા સમય સુધી ખાસ ધાતુનો નળાકાર ડબ્બો હતો, જેમાં બાળપણની ધનસંપત્તિ એવી પચાસ- સાઠ લખોટી હતી. એમાંય ચાર- પાંચ બ્લ્યુ કલરની મસ્ત લખોટી હતી, જાણે હિમાલયની પહાડીઓ જોવામાં કલાકો ગાળતા હોય એ રીતે દુનિયાભરનાં સમુદ્ર સમાયા હોય એવી લખોટીઓ જોયા કરવી ગમતી. એની પાછળ કલાકો માણ્યા કે ગાળ્યા પણ હશે.

આજ ઉનાળાના વેકેશનમાં ખિસ્સામાં લખોટીઓ ખખડતી ત્યારે આપણી પાસે સંપત્તિ હોય એવું લાગતું હતું. દરેક પાસે એકાદ લકી લખોટી હોય, જેનાથી આંચવામાં આવે મિન્સ તાકવામાં આવે. આ લકી લખોટીને સાચવીને મૂકી રાખતા.

જો કે મારે એક સમસ્યા એ હતી કે આપણી આસપાસ આંતરરાષ્ટ્રીય કક્ષાના હોય એવા ધુરંધર લખોટીના ખેલાડીઓ હતાં એટલે મને તો જીતવાનો મોકો ખાસ મળ્યો નથી. ધીમેધીમે ટોળામાં રમવા કરતાં લખોટીઓનું કલેક્શન ગમવા લાગ્યું, પછી એકલા એકલા જ બે પ્લેયર બનીને રમવું વધારે સેફ લાગ્યું.

આજે મને લાગે છે કે સ્કૂલમાં લખોટીની રમત રમાડવી જોઈએ. લખોટીની રમત ધ્યાન શીખવા સૌથી વધુ કામ લાગી શકે. એમાં પણ એક ક્વોલિટી શીખવાની છે કે ઘણા મિત્રો ઉદારતાથી લખોટીઓની આપ-લે કરતાં હતા. બાળકો રમતમાં જીતીને વધુ લખોટીઓ મેળવે છે. ત્યારે પોતાની આવડત પર ગર્વ કરતાં શીખે છે. લખોટીઓનો સંગ્રહ એક પ્રકારની 'સંપત્તિ' બની જાય છે, જે ગૌરવનું પ્રતીક છે. આવી રમતો દરમિયાન બનેલી યાદો, મિત્રો સાથેની હરીફાઈ, હસવું-રમવું અને નાની-નાની વાતો પર થયેલા ઝગડાઓ હૃદયમાં ઊંડું સ્થાન બનાવે છે. લખોટીઓ બાળપણની ખુશીઓનું પ્રતીક હતું.



બાળપણમાં દશ પૈસાથી પચીસ પૈસામાં મળતી લખોટીઓ માટે લગાવ થવા લાગ્યો. તેમાં આવતા કલર શેડ અજ્ઞાત કારણોવશ આકર્ષતા. જે લખોટીઓ બાળપણનું વૈભવ હતું. એ જ લખોટીઓ ઈન્ટિરિયર ડેકોરેશનમાં ઘરનો વૈભવ વધારે છે. લખોટીઓનો ઉપયોગ કાચનાં વાસણો, બાઉલ અથવા ટ્રેમાં ભરીને ટેબલ ડેકોરેશન માટે થાય છે. ફૂલદાનીઓમાં ફૂલોની સાથે લખોટીઓ ઉમેરવામાં આવે છે, જે ફૂલદાનીને વધુ આકર્ષક બનાવે છે અને ફૂલોને ટેકો પૂરો પાડે છે. લખોટીઓનો વ્યાપક ઉપયોગ ફોટો ફ્રેમ કે અન્ય આર્ટ ફોર્મ થકી હસ્તકલામાં થાય છે. આજકાલ બાળકોના રૂમમાં એક જારમાં લખોટીઓ ભરીને મૂકવામાં આવે છે.



આપણે ત્યાં બે રીતે લખોટીઓ રમાતી. મોટું સર્કલ કરીને બધાની લખોટીઓ ભેગી કરવામાં આવે. સર્કલથી એક દોઢ મીટર દૂર લાઇન દોરવામાં આવે અને સર્કલમાં લખોટીઓ નાખવામાં આવે. પછી એકને તાકવાનું કહેવામાં આવે. કેટલાક એકદમ એક્સપર્ટ હોય અને જે તાકી નાખે એની લખોટીઓ થઇ જાય.

બીજી રમતમાં નાના સર્કલમાં લખોટીઓ મૂકવામાં આવે અને પછી એક વ્હેત ભરીને બીજા ખેલાડીની લખોટી તાકવાની. એમાં પણ કેટલાય ખેલાડીઓ શાનદાર પર્ફોર્મન્સ આપતા. સાંજ પડે ઘણા દોસ્તોના બંને ખિસ્સા લખોટીઓથી છલકાતા હોય. બસ, એ જ ધનિક લાગતા. કદાચ જિંદગીનું એક લેસન ત્યાંથી શીખ્યા કે ખિસ્સા ભરેલા હોય એ ધનિક કહેવાય! બીજા શબ્દોમાં કહીએ તો જેને ટારગેટ તાકતા આવડે એ ધનિક બને-બની શકે બાકી આઉટ...!

હા, લખોટીના નવા બનેલા ધનિકો જાણીને દોડતા જાય, જેથી એમનું ધન-વૈભવ ખખડે. આપણે ઇર્ષા સિવાય બીજું શું કરીએ? નવી ગેમ રમવી જ નહીં, જે છે એ સાચવીને બેસી રહેવું જેવું મધ્યમવર્ગીય લેસન લખોટીઓએ શીખવ્યું...!

લખોટીઓ માટે દરેકને પ્રેમ. આજે ઘણા કહેશે કે અમારી પાસે કલેક્શન હતું. તે જમાનામાં તો ઘણા પાસે તો ડબ્બાઓ ભરીને લખોટીઓ પડી હોય અને એમાંથી બે- પાંચ આપણને આપે તો સમાજ સેવા (સીએસઆર!) મુજબ પ્રોફિટમાંથી ડોનેશન કરતો હોય એવો લાગે. પ્રોફિટમાંથી દાન... ગજબ હતી એ દુનિયા...

આમ જોવા જાવ તો લખોટીઓ લગભગ દરેક પ્રાચીન સંસ્કૃતિઓમાં મળી છે, ગ્રીસ, ઇજિપ્ત અને મોહેંજો દડોમાંથી માટીમાંથી નાની દડીઓ સ્વરૂપે મળી છે. તે યુગમાં માટી, હાડકાં અને ગોળાકાર પથ્થરનો પણ લખોટીઓ બનાવવા ઉપયોગ થયો હતો. મધ્યકાલીન યુગમાં લખોટીઓ રમવા પર ઘણી જગ્યાએ પ્રતિબંધ પણ હતાં. ત્યાંનો યુવાવર્ગ લખોટીઓ રમવા બહારના પ્રદેશોમાં જતો. ગમે તેમ તો શોખ બડી ચિઝ હૈ.

લખોટીનું આધુનિક સ્વરૂપ વર્ષ ૧૬૦૦ પછી જર્મનીમાં શરૂ થયું હતું, પોલિશ કરેલી પથ્થરની લખોટીઓ બનવા લાગી અને જર્મનીની લખોટીઓ દુનિયાભરમાં ફેલાવા લાગી.

કાચનું ઉત્પાદન હજાર બારસો વર્ષથી છે, પણ કાચની લખોટીઓ દોઢસો બસો વર્ષથી છે. કાચના કારીગરોએ પોતાનાં બાળકો માટે એ બનાવતા પછી તો એનો ફેલાવો થવા લાગ્યો.. સો વર્ષ પહેલાં જાતજાતનાં રમકડાં આવતાં થયાં પછી લખોટીની વિશ્વભરમાં લોકપ્રિયતા ઘટી, પણ ડિમાન્ડ નહીં. જાપાને પણ ડિઝાઇન લખોટીઓ બનાવવા અપ્રતિમ યોગદાન આપ્યું છે... છેલ્લાં વીસ વર્ષમાં યુરોપ અમેરિકામાં લખોટીઓની અસંખ્ય સ્પર્ધા યોજાઇ ગઇ.

અમેરિકામાં લખોટીઓ બનાવતી ફેક્ટરી સળગી ગઇ. ત્યાં ખોદકામ થતાં હજારો લખોટીઓ મળી. બ્રિટન અને અમેરિકામાં લખોટીઓનું મ્યુઝિયમ બન્યું, પણ આપણું મ્યુઝિયમ હજી ધાતુઓના ડબ્બામાં છે.

ચાલો, એક પ્રયોગ કરીએ, ઘરમાં લખોટીઓ પડી હોય તો તેને સ્પર્શ કરજો, મોબાઈલ પણ એ મજા નહીં આપી શકે. ઘરમાં લખોટીઓ ન હોય તો પાંચ- દશ ખરીદી શકો એટલા તો ધનવાન છો. બાકી શેક્સપિયર હોય કે પ્રાચીન રોમન કવિ ઓવીડ સહિત બધા યુગના સાહિત્યમાં બધાને લખોટીઓનું આકર્ષણ હતું. આપણે ત્યાં પશ્ચિમ ભારતમાં પણ બીજી સદીથી લખોટીઓની જાતજાતની રમતો રમાતી હોવાના પુરાવા મળે છે.

ફરી ફ્લેશબેકમાં જઈને આપણી વાતો યાદ કરીએ... શિયાળામાં, ધોમધોખતા તાપમાં હોય કે વરસાદ વચ્ચે કાદવમાં કે ખાબોચિયા આસપાસ લખોટીઓ રમેલી જનરેશન ક્યારેય હાઇજીન હાઇજીન કરતી હતી? સમુહને બદલે સ્વતંત્ર નિર્ણય લેવાની ગેમ એટલે લખોટી હતી. પાંચમાંથી પચીસ અને પચીસથી પાંચનું કરવાનું લેશન લખોટીઓમાંથી શીખવા મળ્યું હતું. લખોટીઓની માસૂમ રમતને લીધે તમારા મનમાં આવતા મેનેજમેન્ટ લેશન તમને મુબારક બાકી દરેક યુગ મુજબ રમતો બદલાતી રહે છે. જાણી જોઈને ચોક્કસ ઘર પાસે લખોટી પહોંચાડવી એ પણ એક માસૂમના નામે દાવ હતો, હમકો સબ પતા હૈ, આજ ભી તુમ વો હી ખેલ ખેલતે હો, સિર્ફ કાંચે બદલ દીયે હૈ...! ■

**ધ એન્ડઃ**
*દરેક વ્યક્તિમાં એવું બાળક છુપાયેલું છે જેને બાળરમતો રમવી છે. (અજ્ઞાત)*

વ્યંગ___ભરત વૈષ્ણવ
feedback@bombaysamachar.com

# સજ્જને કેમ હોદ્દા પરથી રાજીનામું આપવું પડ્યું?

'ટ્રિન ટ્રિન ટ્રિન ટ્રિન'

સજ્જનના ફોનની રીંગ રણકી. સજ્જનનો ફોન હમણા હમણા વ્યસ્ત રહેતો. પક્ષ પ્રત્યે એની નિષ્ઠા અને કામગીરીની કદર કરી સજ્જનને પેજ પ્રમુખનો મોટો હોદ્દો આપવામાં આવેલો. કરોડો કાર્યકર ધરાવતા પક્ષના એક કે અડધા ટકા કાર્યકર અભિનંદનનો ધોધ વરસાવે તો સજ્જનનો ફોન હેંગ થઇ જાય કે નહીં.

'હેલાવ, હું સજ્જન સાહેબ (ઘણા લોકો ફોનમાં પોતાને સાહેબ કહેતા હોય છે. પછી ઘરવાળી ભલે એની છીંકણી ન લેતી હોય!) પેજ પ્રમુખ બોલું છું.' સજ્જને ફોન કોલનો જવાબ આપ્યો.

'વેઇટ સજ્જનભાઇ, પ્રમુખ સાહેબ તમારી સાથે વાત કરશે.' પ્રમુખના હજારમાં પીએએ આટલું કહી ફોન દુર્જન દાંડ સ્ટેટ પ્રેસિડેન્ટના હાથમાં થમાવી દીધો.

'સજ્જન' ઘેરો પહાડી અવાજ સજ્જનના કાનમાં રેલાયો.

'પ્રમુખ સાહેબ, વંદે માતરમ. સુપ્રભાતમ. ભારત માતા કી જય.' સજ્જને પ્રોટોકોલ મુજબ પોલ્સન સ્વાગત, અભિવાદન અને અભિનંદન કર્યા.

'વંદેમાતરમ. વંદેમાતરમ.' કમને દુર્જન દાંડ બોલ્યા.

'સાહેબ, સવાર સવારમાં મને યાદ કર્યો. કોઇ અગત્યનું કામ હોય અને કહેણ મોકલ્યું હોત તો તમને પાયલાગણ કરવા આવી જતે. પેજ પ્રમુખ બન્યા પછી થાબડી પેંડાના વીસ બોકસ લઇને આભાર માનવા આવવાનું બાકી છે.' સજ્જને માખણનો ડબ્બો ખોલ્યો. સરકારી નોકરીમાં બોસની ખુશામત કરવાની હોય એવું ન હોય. પાર્ટીમાં પણ પોલ્સનબાજી આમ તેમ જ ખાસ બાબત છે.

'સજ્જન, તમારે આવવાની જરૂર નથી.' ઊખડેલા અવાજે દુર્જન બોલ્યા.

'કેમ સાહેબ? કાંઇ ભૂલ થઇ ગઇ. કૃપાદ્રષ્ટિ રાખજો.' સજ્જન કરગર્યો.

'સજ્જન, તમે પેજ પ્રમુખ તરીકે રાજીનામું આપી દો.' દુર્જને આદેશ આપ્યો.

'હેંએએં શું કહ્યું? પ્રમુખ સાહેબ?' સજ્જન પર વીજળી ત્રાટકી હોય તેમ હેબતાઈ ગયો.



'સજ્જન, તમે જે સાંભળ્યું એ બરાબર સાંભળ્યું છે. તમે 'બિનશરતી, અંગત કે સ્વાસ્થ્યના કારણસર પેજ પ્રમુખના હોદ્દાની જવાબદારી વહન કરી શકો તેમ નથી' એટલું જ લખી મને રાજીનામું મોકલી આપો. તમારું રાજીનામું એન્ટીસોશિયલ મીડિયામાં અપલોડ કે વાયરલ કરવાનું નથી તેનું ધ્યાન રાખજો, નહીંતર.' આટલું કહી દુર્જને વાક્ય અધૂરું રાખ્યું.

'સાહેબ, હજી ગયા સોમવારે તમે મને હોદ્દો આપ્યો છે. જુમ્મા જુમ્મા ચારદિન થયા છે. મને મળેલા બુકે, ફૂલહાર કરમાયા કે લંઘાયા નથી. મારી નિયુક્તિના સમાચારની શાહી સુકાઇ નથી. હજુ તો મારે જમણવાર, મીઠાઈનાં બિલો પણ ચૂકવવાના બાકી છે. તમે મારી સ્થિતિ કફોડી કરી નાખી. મને કૂવામાં ઉતારી દોરડું કાપી નાખ્યું.' સજ્જને બળાપો કાઢ્યો.

'સજ્જન, હું કાંઇ ન જાણું. તમારે રાજીનામું તો આપવું પડશે, કેમ કે,ઉપરથી એટલે કે હાઇકમાન્ડનો હુકમ છે. હું સ્ટેટ પ્રમુખ ખરો. પરંતુ, હું ચિઠ્ઠીનો ચાકર છું.' દુર્જને સજ્જનને સ્પષ્ટતા કરી.

'દિલ્હી હાઇકમાન્ડ એક છૂંછા જેવા પેજ પ્રમુખને રાજીનામું આપવાનું કહે ખરા?' સજ્જને સળગતા કાકડા જેવો સવાલ પૂછ્યો.

'મારે તમને સ્પષ્ટતા આપવાની જરૂરત નથી. હું તમારો નોકર નથી. આ દિલ્હી નહીં-ગાંધીનગર હાઇ કમાન્ડનો હુકમ છે.' દુર્જન અજિતભાઉ પવારની જેમ છંછેડાઈ ગયો.

'સાહેબ, આપણે ત્યાં ક્યાં રાજીનામું આપવાની કરપ્ટ, કુંટુબવાદી, કૌમી કોંગ્રેસ જેવી નકામી પરંપરા છે. હોદ્દો મળ્યો હોય તો ચિટકી રહેવું એ તો આપણો એકાત્મવાદ છે. આપણા દેશમાં રેલવે અકસ્માત થાય તો રેલવેમંત્રી રાજીનામા આપવા મંડે તો દર બીજા દિવસે નવો રેલવેમંત્રી રાખવો પડે. આતંકી હુમલા થાય તો નાના-મોટા બધા સાહેબોએ રાજીનામું આપવું પડે. આપણે લાલબહાદુર શાસ્ત્રી કે માધવરાવ સિંધિયાના કિસ્સામાંથી એટલું જ શીખ્યા છીએ કે બહુ આળા ન થવું. સંવેદનશીલ ન થવું. ખુરશી વારંવાર મળતી નથી. ગેંડા કે મગર જેવા બની ખુરશીને ચિપકી અને ચિટકી રહેવું.' સજ્જને દલીલ કરી.

'સજ્જન, કહ્યુંને - દલીલ ન કરો. તમે રાજીનામું નહીં આપો તો અમારે ના છૂટકે અનુશાસનહીનતા આચરવા માટે તમને બરતરફ કરવા પડશે. એમાં તમારું નાક કપાશે.' દુર્જન નામ મુજબ દુર્જન થયા.

'પરંતુ, મારો વાંક શું? ગુનો શું?' સજ્જને કેશુબાપા જેવી કેસેટ વગાડી.

'તમારો વાંક તો છે જ' દુર્જને હોઠ ભીડી જવાબ આપ્યો.

'અરે, મેં કયાં કયાં વ્યાપમ જેવું સ્કેમ કર્યું છે કે પાર્ટી પ્રમુખ હોવા છતાં સ્ટિંગ ઓપરેશનમાં ઓન કેમેરા રૂપિયા લીધા છે?' સજ્જન બગડ્યો.

'બીજું કાંઇ?' દુર્જને પૂછ્યું.

'અત્યારે આપણી પાર્ટીમાં નેતાને નીચા દેખાડવા લેટરબોમ્બ ફોડાય છે. અસંતુષ્ટ નેતાને રાજી રાખવા કોઇ યુવતીની બરબાદીનો ઘોડો કઢાય છે. મેં કોઇના વિશે કશી ફરિયાદ કરી નથી. મારી વિરુદ્ધ બખાળો કરનાર સામે એકશન લેવાના બદલે મોટો હોદ્દો અપાયો છે.' સજ્જને બળાપો કાઢ્યો.

'હઅમ્' દુર્જન આટલું જ બોલ્યો.

'મેં કોઇ લેન્ડ ગ્રેબિંગ કર્યું નથી. ટેન્ડરો મંજૂર કરવા મલાઇ ખાધી નથી. ગેરકાયદે બાંધકામ તોડવા અરજી કર્યા પછી ભીનું સંકેલવા રૂપિયા લીધા નથી. પક્ષની મહિલા કાર્યકર સાથે રંગરેલિયા મનાવી નથી.' સજ્જને કોઇએ પણ રાજીનામું આપવા તે માટેના સોલિડ કારણો આપ્યાં.

'જુવો, સજ્જનભાઇ આપણો પક્ષ એક તક કાર્યકરને આપે છે. બીજી ટર્મ મળે પણ ખરી અને ન પણ મળે. તમારે તમારી ક્ષમતા મુજબ રૂપિયા બનાવવાના. પાર્ટીને ભાગે આવતા પૈસા ઇલેકટોરલ બોન્ડ પેટે પરત કરવાના. કોઇને અડવાનું નહીં. કોઇને નડવાનું નહીં. બસ, રૂપિયા ગણવાના. 'દુર્જને પાર્ટીની અનકહી અને અનસુની પોલિસી શેર કરી.

'પણ સાહેબ' સજ્જન કંઇક બોલવા જતો હતો.

'લુક મિસ્ટર સજ્જન, તમે કોર્પોરેટર થઇ બે-ચાર મોલ બનાવો, ફાર્મહાઉસ ખરીદો, હોદ્દો મળ્યા પહેલાં તૂટીફૂટી સાઇકલમાં પડેલ પંકચર રિપેર કરવાના ફદિયા ન હોય, પણ હોદો મળ્યા પછી ચાર બંગડીવાળી ગાડીમાં ફરો તો કોઇ નહીં પૂછે...... તમારા વાજામાં વિસંવાદી સૂર વગાડતા નહીં. પાર્ટીને કોઇ વાંધો નથી. તમારે એક જ વાતનો ખ્યાલ રાખવાનો રહે છે.' દુર્જને સજ્જનને પાર્ટી વિથ ડિફરન્સનો ફંડા શીખવાડ્યો.

'શેનો ખ્યાલ?' સજ્જને જિજ્ઞાસાથી પૂછ્યું.

'પાર્ટીમાં કોઇને પ્રખંડ અધ્યક્ષ બનાવે, ખજાનચી બનાવે, ચૂંટણીની ટિકિટ મળે, નગરાધ્યક્ષ બનાવે એના ખુદના કે ગામના પૈસે છાપામાં પાના ભરી જાહેરાત આપો. નવનિયુકત પદાધિકારીને બુકે આપો, હાર પહેરાવો તો કોઇને આપત્તિ નથી. જૂથબંધી, ટાંટિયાખેંચ, કાવાદાવા કયાં પક્ષમાં નથી? પણ એ વાતનો ખ્યાલ રહે કે સાહેબનો દોસ્ત આપણો દોસ્ત અને સાહેબનો દુશ્મન એ આપણો દુશ્મન જ નહીં, પણ મોટો ગદાર છે.' દુર્જને કાર્યકર આચારસંહિતા જણાવી.

'હું સમજ્યો નહીં, સાહેબ' સજ્જન ચકરાવે ચડી ગયો.

'સજ્જન, કાલા થઇને કાછડીમાં હાથ ન નાખો. તમે પેલા ગદાર સંજયને 'ફેસબુક' પર જન્મદિવસની શુભેચ્છા કેમ આપી? તે સાહેબનો કટર દુશ્મન છે. તમે સાહેબના દુશ્મનના દોસ્ત બની સાહેબને દુશ્મન બનાવો તો તમને વિધાનસભા કે સંસદની ચૂંટણી લડવા ટિકિટ મળે તેમ માનતા હો તો ખાંડ ખાવ છો. સાહેબનો નિયમ છે કે ઉગતા દુશ્મનને કુચલી નાખવો.' દુર્જન બોલતો રહ્યો.

કોઇને જન્મદિવસે 'શતમ્ જીવમ્ શરદમ્' કહેવું એ અનુશાસનહીનતા કહેવાય અને તે કારણસર સજ્જન જેવા પેજ પ્રમુખ તરીકે પરાણે રાજીનામું આપવું પડે તે જગતનો પ્રથમ બનાવ હશે! ■

તસવીરની આરપાર
____ભાટી એન.
feedback@bombaysamachar.com

# કયુ ગ્રુપ આ નવતર કીડિયારું પૂરે છે?!

ભારત દેશમાં અનેકાનેક પ્રકારની ધાર્મિકતા, ભક્તિ, શ્રદ્ધા, વિશ્વાસ રાખી માનવ સેવા કે જીવમાત્રની સેવા કરે છે, કોઈ દાન પુણ્ય કરે છે, આપણો દેશ મંદિર, મસ્જિદ પર જઈ દુઆ માંગે છે, આપણામાં શ્રદ્ધા ભરચક છે, અમુક અંધ શ્રદ્ધા ને ય માને છે...!?. જી, હા,ભૂવા, દોરાધાગા કે મેલી વિદ્યાને માને છે, આવું તો કંઈક અક્ષરજ્ઞાનનો અભાવ હજુ છેવાડાનાં ગરીબ લોકો કે પછાત લોકોમાં છે, તેમાં હજુ ઘણા સપડાયેલા છે, આજના વિજ્ઞાન યુગમાં અંધ શ્રદ્ધાનો આસરો લે છે, તેમ છતાં જાગૃકતા આવતી જાય છે, તે સારી બાબતની સંજ્ઞા કરે છે, આજનો નાનામાં નાનો માણસ સમાજ સેવાની જ્યોતિ પ્રગટાવે ત્યારે આપણા રોમેરોમમાં ટાઢકનો મીઠો શેરડો પડે છે, તો આજે એક એક એક્સ્ટ્રાઓર્ડિનરી સેવા કાર્યની વાત કરવી છે.



મોરબી જિલ્લાનું વાંકાનેર તાલુકાનું ધમલપર ગામ સિટીને અડીને આવેલ ગામડું છે, તેમાં ઠાકોર સમાજની વસતિ મોટા પ્રમાણમાં છે આથી તેઓ વેલનાથબાપાનાં પરમ ભક્ત છે, વેલનાથબાપાએ સમાજને ધાર્મિકતા, ભક્તિભાવ, જીવમાત્રની સેવા કરવી અક્ષરજ્ઞાન આપવું ને એકતામાં રહી દેશનો વિકાસ, સમાજનો વિકાસ કરવો આવા સંત એટલે વેલનાથબાપાની ભક્તિભાવ કરતો ઠાકોર સમાજ, જેમણે ધમલપર રોડ પર વેલનાથબાપાનું ભવ્ય મંદિર બનાવી અનેકાનેક સમાજ સેવા પ્રવૃત્તિ ચાલુ કરી છે. તેમાં જીવ માત્રની ચિંતા કરતા ધમલપર ગામના નવ યુવાનોને નવી પ્રેરણા મળી.

સરધારકા રોડ પર આવેલ ધમલપરમાં ગેલ માતાજીનું ભવ્ય મંદિર છે, તેને માનનારો વર્ગ મોટો છે, ગેલ માતાજી હાકા પાહા છે, બધા સાચી શ્રદ્ધા રાખનારની મનોકામના પૂર્ણ થતા ત્યાં પ્રસાદી, શ્રીફળ વધેરે છે, પણ ત્યાં વર્ષે ત્રણેક હજાર શ્રીફળ પડ્યા રહે છે, આથી ગેલ માતાજીના પરસોત્તમભાઈ ભૂવા (પસા ભૂવા) ખૂબ જીવ દયા પ્રેમી છે. બધાને સાચો રાહ રસ્તો બતાવે અંધ શ્રધ્ધા નહીં શ્રધ્ધા પર વિશ્વાસ રાખવા કહે છે. તેઓનાં મનમાં એક વિચાર આવ્યો કે પ્રતિ વર્ષ ત્રણ કે ચાર હજાર શ્રીફળ પડ્યા રહે છે તો તેનો સદ ઉપયોગ થાય તો કેવું સારું. આથી તેમણે વેલનાથ મંદિરનાં યુવાનોને એક વાત કરી કે હું ને તમે મળી કીડિયારુંનું કાર્ય કરીએ તો...!?



પરસોત્તમભાઈ ભૂવાની વાત સાંભળી યુવાનો કહે કેમ કીડિયારું પૂરીએ તેમણે માંડીને વાત કરી કે હું તમને વર્ષે ત્રણથી ચાર હજાર શ્રીફળ આપું વિના મુલ્યે મફત. તમારે શું કરવાનું શ્રીફળની છાલ ઉતારી ડ્રિલથી શ્રીફળમાં મોટો હોલ કરવાનો તેમાં લોટ, રવો, ખાંડ, મધ, ગંગાનું પાણી જેવું મિસરણ કરી આખા શ્રીફળમાં કીડિયારું દોઢસો ગ્રામ જેટલું ભરી ચોમાસામાં જંગલમાં જઈ જ્યાં જીવ જંતુ કીડી, મકોડા હોય ત્યાં શ્રીફળને મૂકી દેવાનું પછી ભૂખ્યા જીવ જંતુ આ શ્રીફળમાંથી કીડિયારું સાથે શ્રીફળ ને ખાઈ પોતાનું પેટ ભરશે આ નવતર પ્રયોગ વેલનાથ ગ્રુપના યુવાનોને ગળે ઊતરી ગયો.



નવ યુવાનોમાં નવો જુસ્સો આવ્યો લગભગ ત્રણ હજાર પ્રતિ વર્ષ શ્રીફળ ગેલ માતાજી મંદિરેથી લાવી ડ્રિલથી હોલ કરી બનાવેલ કીડિયારું યુવાનો તેમાં ભરે છે અને જંગલમાં કોઈ જગ્યા હોય કે પોતે જાતે જઈ શ્રીફળ મૂકી આવે છે. સાથે સુખડી બનાવી જીવદયાનું કાર્ય રાત ઉજાગરા કરી કરે છે. આવી પ્રવૃત્તિની જાણ મને થતા હું રાત્રે બાર વાગ્યે ચાલુ પ્રવૃત્તિ જોવા ગયેલ, પણ આ જીવ સેવા તદ્દન ભિન્ન લાગતા હુંય ખુશ ખુશાલ થઈ ગયો કે માણસે સેવા કરવી હોય તો ગમે તેમ કરી સેવાનું કાર્ય થઈ શકે છે. વાંચક મિત્રો આપણે પણ આવું રૂડું કાર્ય કરી કીડિયારું પૂરીએ તો ભગવાન આપણી જિંદગીમાં સપ્તરંગો પૂરશે તો એક તદ્દન ભિન્ન કીડિયારું પૂરનાર પરસોત્તમભાઈ ભૂવાને અને વેલનાથ ગ્રુપને લાખ લાખ અભિનંદન. ■

# અજબ ગજબની દુનિયા

હેન્રી શાસ્ત્રી henry.shastri@bombaysamachar.com

## કોળિયો ખવડાવનાર કોળિયો કરી જાય



'વિફરેલી વાઘણ' નામની ગુજરાતી ફિલ્મ જોવી અને જંગલમાં વિફરેલી વાઘણ હોવી એ બે જુદા અંતિમ છે. જોકે, નારી છંછેડાય ત્યારે વિકરાળ વાઘણ જેવી જ હિંસક બની જાય એવા અનેક ઉદાહરણ ઈતિહાસના ચોપડે નોંધાયાં છે.

યુએસએ નજીક આવેલા કેરેબિયન સમૂહના દેશ પૈકી એક હૈતીમાં વિફરેલી વાઘણનો અનન્ય કિસ્સો જોવા મળ્યો. છેલ્લાં કેટલાંક વર્ષથી હૈતી ગેંગ વાયોલન્સથી પરેશાન છે. અનેક પરિવાર અત્યાચારી અને હિંસાચારી ગેંગનો શિકાર બન્યા છે. અનેક લોકો મૂંગે મોઢે બધું સહન કરી લે છે, પણ 'ઈંટ કા જવાબ પત્થર સે' જેવાં જૂજ ઉદાહરણ પણ જોવા મળ્યાં છે. રસ્તા પર ખૂમચો નાખી લોકોને સ્પેશિયલ પેસ્ટ્રીઝ ખવડાવનારી સન્નારીએ 'તમે અમારા વિસ્તારમાં રક્ષણ કરો છો એના બદલામાં મારા તરફથી આ પેસ્ટ્રીઝનો આનંદ માણો' એમ કહી ગેંગ માટે આદર ભાવના વ્યક્ત કરી. જોકે, પેસ્ટ્રીઝનો કોળિયો લેનારા ગેંગસ્ટર્સ મોતનો કોળિયો બની ગયા. પરિવારના સભ્યોને ગેંગના આતંકમાં ગુમાવનારી પેસ્ટ્રીઝ પદમણીએ ઈયળ મારવા માટે વપરાતું ઓઈલ એ પેસ્ટ્રીમાં ભેળવી દીધું હતું, જે ખાધા પછી ગેંગના ૪૦ સભ્યોના રામ બોલો ભાઈ રામ થઈ ગયા. ગેંગના અન્ય સભ્યોને પેસ્ટ્રી હુમલાની જાણ થતા મહિલાના ઘરની તોડફોડ કરી આગ ચાંપી દીધી. મહિલા હેમખેમ નીકળી ગઈ અને પોલીસ સમક્ષ ગુનો કબૂલ કરી રક્ષણ માગ્યું છે. પોલીસ હત્યા બદલ સજા કરે છે કે ગેંગના કેટલાક સભ્યોનો સફાયો કરવા બદલ શિરપાવ આપે છે એ જોવાનું રહે છે.

## ઊંચી એડીવાળા સ્ટિલેટો માટે પરવાનગી



ફેશન પ્રિય અને ખાસ કરી પગરખાં માટે પારાવાર પ્રીતિ ધરાવતી લલનાઓ નાકનું ટેરવું ચડાવે એવી વાત છે. હાઈટ વધારવા અને સ્ટાઈલ દેખાડવા માનુનીઓ 'સ્ટિલેટો' તરીકે ઓળખાતા ઊંચી એડીવાળા - હાઈ હિલ્સના ફૂટવેર પહેરતી હોય છે. જોકે, યુએસના કેલિફોર્નિયા સ્ટેટના ફક્ત ૩૨૨૦ની વસતિ ધરાવતા કેરમલ બાય ધ સી નામના ટચૂકડા ટાઉનમાં બે ઇંચથી વધુ ઊંચાઈ ધરાવતા અથવા જેનો નીચેનો હિસ્સો એક ચોરસ ઈંચથી પણ સાંકડો હોય એવા સ્ટિલેટો પહેરી લટાર મારવા નીકળવું હોય તો પરમિટ લેવી જરૂરી છે. અલબત્ત, આ પરવાનો વિનામૂલ્ય છે અને આસાનીથી મળી જાય છે. આ કોઈ તુઘલકી નિર્ણય નથી. સમજી વિચારી આવું કરવામાં આવ્યું છે. આ ટાઉનની સડકો ઊબડખાબડ હોવાથી સ્ટિલેટો પહેરી લટાર મારતી સન્નારીઓના ક્ષેમકુશળ માટે ૧૯૬૩માં વ્યવહારુ ઉકેલ તરીકે આ નિયમ દાખલ કરવામાં આવ્યો હતો. હા, સહેલાણીઓ સાથે પોલીસ કડક હાથે કામ નથી લેતી, પણ વાત નારીના હિતની હોવાથી એનું પાલન કરવાનો આગ્રહ રાખવામાં આવે છે.

## મન મેં હૈ વિશ્વાસ, પૂરા હૈ વિશ્વાસ




આજનો વિદ્યાર્થી આવતી કાલે દેશનો મહાન નેતા - અભિનેતા કે પછી અન્ય કોઈ પણ ક્ષેત્રમાં નામ રોશન કરવાની તમન્ના ધરાવતો હોય છે. અરમાનોનો પતંગ ખુલ્લી હવામાં છૂટો મૂક્યા પછી એ ઊંચે લહેરાય એ બે હાથની કમાલ હોય છે.

તાજેતરના બે વિદ્યાર્થીના પ્રસંગ 'મન મેં હૈ વિશ્વાસ, પૂરા હૈ વિશ્વાસ, હમ હોંગે કામિયાબ એક દિન'ની ભાવનાના પ્રતિબિંબ જેવા છે. સોલાપુરમાં ઈમરાન શેખ નામના વિદ્યાર્થીએ એસએસસી પરીક્ષા પાસ કર્યા પછી એનું રિઝલ્ટ અને એની મહત્ત્વાકાંક્ષા ચર્ચાના ચોતરે ચડ્યા છે. ઈમરાનને દરેક વિષયમાં ૧૦૦માંથી માત્ર ૩૫ માર્ક આવ્યા છે. મતલબ કે એ બોર્ડર લાઈન પર પાસ થયો છે. આવા અનોખા પરિણામને લીધે મીડિયા દ્વારા પૂછપરછ કરવામાં આવતા 'મારે ડોક્ટર બનવું છે' એવી અભિલાષા ઈમરાને વ્યક્ત કરી છે. પિતાશ્રી ફેક્ટરીમાં દાડિયું (દૈનિક વેતન)થી કામ ચલાવે છે. પ્રતિકૂળ આર્થિક પરિસ્થિતિમાં અભ્યાસ કરી આગળ વધવાનું મનોબળ ટકાવી રાખનાર ઈમરાનનો ઈરાદો સ્પષ્ટ છે કે 'મારે સાયન્સમાં એડમિશન લઈ ડોક્ટર બની તબીબી સારવાર માટે ટળવળતા લોકોની પડખે ઊભા રહેવું છે.'

બીજું ઉદાહરણ છે હરિયાણાની કિશોરી કાફીનું. ત્રણ વર્ષની કુમળી ઉંમરે એસિડ એટેકના કારણે દ્રષ્ટિ ગુમાવી પણ મનોબળ ન તૂટ્યું. બ્લાઈન્ડ સ્કૂલમાં અભ્યાસ કરી કાફીએ તાજેતરમાં બારમા ધોરણની પરીક્ષામાં ૯૬ ટકા માર્ક મેળવ્યા છે. હવે સિવિલ સર્વિસ એક્ઝામમાં કમાલ દેખાડી કાફી બારહવી પાસ હોના કાફી નહીં હૈ એવો મંત્ર જપી આઈએએસ ઓફિસર બનવાના ખ્વાબ જોઈ રહી છે....આને કહેવાય 'બ્રેવો ગર્લ'!

## વામનનો વિરાટ વૈભવ



નકશામાં જાપાન એક નાનકડો દેશ ગણાય છે. ચીન જેવા એશિયાઈ રાષ્ટ્રો અને ખાસ તો વિરાટ યુએસએ સામે એ વામન લાગે. કદમાં જાપાન યુએસના કેલિફોર્નિયા રાજ્યથી પણ નાનું છે. જોકે, એક વાતમાં આ વામન દેશનો વિરાટ વૈભવ જોવા મળ્યો છે. હવાઈ મુસાફરી કરનારા એરપોર્ટ પર બેગેજ ગુમાવી દેવાની સમસ્યાથી વાકેફ હશે. માહિતી અનુસાર યુએસમાં ડોમેસ્ટિક ફ્લાઇટમાં દર વર્ષે ૩૦ લાખ લોકો બેગ બિસ્તરા ગુમાવે છે. કરોડો બેગોની હેરફેર થતી હોય ત્યાં કેટલીક લાખ બેગ ટલ્લે ચડી જાય એ અનિવાર્ય છે એવી દલીલ પણ કરવામાં આવે છે. જોકે, અત્યંત વ્યસ્ત રહેતા જાપાનના કન્સાઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર છેલ્લાં ત્રણ દાયકામાં એક બેગ સુધ્ધાં ગેરવલ્લે નથી થઈ એ અનન્ય સિદ્ધિ છે. ૧૯૯૪ના સપ્ટેમ્બર મહિનામાં શરૂ થયેલા ઓસાકા શહેરના આ એરપોર્ટ પર પણ દર વર્ષે લાખોની સંખ્યામાં લોકો ઉમટે છે, પણ કન્સાઈ એરપોર્ટના સ્ટાફની ચીવટ અને ધગશના સરવાળાના પરિણામે ૩૧ વર્ષમાં એક સુધ્ધાં બેગ ગુમાઈ હોવાની ફરિયાદ પણ નથી નોંધાઈ. સફેદ શર્ટ ડાઘ વગરનું રાખવું આસાન નથી.

## લ્યો કરો વાત!

*સૌરાષ્ટ્રની ભાષામાં કહીએ તો બાપુગાડીની જેમ ચાલતી ગ્વાલિયરની ઐતિહાસિક ટ્રેન પર આ વર્ષે પડદો પડી જશે. ૫૨૧૭૧ નંબરની ગ્વાલિયર શિઓપુર કલાન પેસેન્જર ટ્રેન ૧૯૮ કિલોમીટર કાપવા ૧૨ કલાક લે છે. સિંધિયાનું રાજ હતું ત્યારે ૧૮૮૫થી ૧૯૦૯ વચ્ચે આ નેરોગેજ રેલવે લાઈન શરૂ થઈ હતી. ટ્રેનને સાત ડબ્બા હોય છે અને પ્રત્યેક ડબ્બામાં ૩૫ પ્રવાસીઓ બેસી શકે છે. પાટા પર દોડતા ગાડા તરીકે ઓળખાતી આ ટ્રેન ઉપડે ત્યારે એક ઇંચ જગ્યા બચતી નથી. છાપરા પર પણ લોકો ગોઠવાઈ જાય છે. ભાડું માત્ર ૪૫ રૂપિયા છે, જે ગ્વાલિયર અને શિઓપુર શહેરની બસ સર્વિસના ૨૦૦ રૂપિયાનું ચોથા ભાગનું છે. ટૂંક સમયમાં ટ્રેન બ્રોડગેજમાં ધસમસતી જોવા મળશે.*

# સટ્ટાક સવાલ... ફટ્ટાક જવાબ

## રમૂજી સવાલના મનમોજી જવાબ

દર્શન ભાવસાર

**ઘરકામ માટે રોબોટની જેમ ડ્રોનને કામે લગાવી શકાય?**
* કેમ...ઘરમાં તમે અને તમારાં પત્ની વચ્ચે યુદ્ધનું વાતાવરણ જામી રહ્યું છે?!

**પત્નીના આશીર્વાદ ક્યારે લેવાય?**
* આપે ત્યારે.

**ભાગ્યશાળીનું ભૂત રળે...તો કમભાગીનું?**
* ભૂત રડે....

**દિવસ રાત ભેગા થાય તો?**
* -તો સિમ્પલ ...૨૪ કલાક થાય!

**પંખો ગોળ કેમ ફરે છે?**
* કારણ કે એ લંબચોરસ નથી ફરી શકતો એટલે!

**બુદ્ધિ વેચાતી મળે તો શું કરવું ?**
* મળે તો સ્ટોક કરી લેવો....

**અંધારપટ દર અઠવાડિયે થાય તો?**
* વીજ કંપનીનો નફો ઘટવા માંડે....

**કોઈ ફાંકો મારે તો ક્યાં વાગે?**
* દિલમાં...દિમાગમાં.

**જુઠ બોલે કોવા કાટે.. અગર સચ બોલે તો?**
* કોવા ભાગે...

**કઈ બુક સૌથી વધુ વંચાય છે ?**
* બેન્કની પાસ બુક !

**ઘરમાં આત્મનિર્ભર કેવી રીતે રહેવાય?**
* વાસણ કપડાં-સફાઈનાં કામ જાતે કરીને....

**સૌથી અઘરી 'કી' કઈ?**
* ચાલા-કી.....

**ફ્રોડ કેમ વધે છે?**
* એમાં મૂડીરોકાણ વિના નફો મળે....

**મૈ અપને આપ સે શરમાયા ગયા હૂં. હવે શું કરું?**
* પશ્ચાતાપ કરો,... બેશર્મ બનીને!.

**સાસરિયાને કેવી રીતે સાચવવા?**
* પિયરિયા તરફ આંખમિચામણાં કરીને...

**રેડિયો-ટીવી બૈરીમાં શું સામ્ય?**
* એ ત્રણેયનાં ટ્યૂનિંગ ક્યારે ખોરવાઈ જાય એ નક્કી નહીં!

કચ્છી ચોવક___કિશોર વ્યાસ
kishor.vyas@bombaysamachar.com

# વિશેષ વ્યક્તિઓની સ્મૃતિ અપાવે રૂઢિ પ્રયોગ!

પ્રત્યેક ભાષામાં ક્યારેક વ્યક્તિવાચક નામોના પ્રયોગ જાતિવાચક તેમજ વિશેષણોના રૂપમાં થતા જોવા મળે છે. ખાસ કરીને રૂઢિપ્રયોગોમાં તેમના નામ, ગુણ કે પાત્રતા તેમના ભૌતિક દેહ નષ્ટ થયા પછી પણ સ્મૃતિરૂપે રહે છે, એ જ્યારે રૂઢિપ્રયોગના રૂપે પ્રયુક્ત થાય છે ત્યારે તે રૂપો સાંભળતાં જ પ્રાચીન સ્મૃતિઓ જાગૃત થઈ જતી હોય છે.

કચ્છના જનજીવનમાં વણાયેલા, કેટલીક વિશિષ્ટ વ્યક્તિઓના સ્મારકરૂપે કેટલાક રૂઢિપ્રયોગો આજે પણ પ્રયોજાતા હોય છે. જેમ કે: **'ફૂલણસી આય'**. કચ્છના એક રાજવીનું નામ લાખો ફૂલાણી હતું અને એ દાનેશ્વરી હતા. દાન આપવામાં પાછા ન પડતા. પરંતુ આજે ગજું ન હોવા છતાં દાન આપવામાં ચડસાચડસીમાં ઊતરનાર વ્યક્તિને સંબોધીને વ્યંગમાં કહેવામાં આવે છે: 'ફૂણલસી'.

બહુ ઓછા લોકોને વિદિત હશે કે, મધ્યકાલીન ગુજરાતમાં કચ્છ પ્રદેશ 'લાટ મંડળ'ની સત્તા હેઠળ હતો. લાટના રાજપુરુષો કચ્છ આવતા. તેઓ સ્વરૂપવાન, પ્રતિભાશાળી અને પ્રભાવશાળી વ્યક્તિત્વ ધરાવતા હતા. કચ્છમાં તેમના સમયથી **'લાટ આય'** એટલે કે 'સુંદર છે' એવો શબ્દ પ્રયોગ રૂઢ થયેલો છે. કચ્છમાં એ લાટ રાજપુરુષોની યાદ અપાવી દે તેવો રૂઢિપ્રયોગ પ્રચલિત છે: **'લાટ માડું લગે તો'**.

એ એક અનોખો અને રસપ્રદ વિષય છે. ગુજરાતના ઈતિહાસમાં સિદ્ધરાજનું નામ અજાણ્યું નથી. એ સિદ્ધરાજના અમાત્યનું નામ 'દાદાક' હતું, અને તે બહુ મુત્સદી પણ હતા. તેમના નામ પરથી કચ્છમાં એક પ્રયોગ રૂઢ થયો હોવાનું તારણ મળે છે કે, 'જબરો' છે એમ કહેવા માટે કચ્છીમાં **'ધા-ધાક આય'** જેવા શબ્દોનો પ્રયોગ આજ પણ થતો રહ્યો છે.

અપ્સરા સમાન સુંદર સ્ત્રીનાં સૌંદર્યની નવાજિશ કરવા તેને 'હોથલ પદમણી' કહેવાનું હજુ આજે પણ પ્રયોજાય છે. એટલું જ નહીં એ જ શબ્દોનો પ્રયોગ વ્યંગ કે કટાક્ષમાં પણ કરવામાં આવતો હોય છે. જેમકે કોઈ કાળી કે કુરૂપ કન્યા કે સ્ત્રી માટે 'હોથલ પદમણી' કહીને વ્યંગ કરવામાં આવે છે!

સાધુ, સંત કે ગુરુ જેવી સન્માનીય વ્યક્તિઓની યાદોને વણી લેતા રૂઢિપ્રયોગો પણ કચ્છીમાં જોવા મળે છે. **'ગુરૂકેણા'** એટલે કે કોઈને ગુરુપદે સ્થાપવા. **'ટૂબી ડીણી'** એ પ્રયોગ જ્ઞાનસાગરમાં ડૂબકી આપનાર માટે કરવામાં આવે છે. શબ્દાર્થ છે: ડૂબકી મારવી. **'અભધૂત ભનણું'** (અવધૂત બનવું) અર્થાત્ સદ્કાર્ય પાછળ મગ્ન બની જવું. **'અડો જમાયણું'** એ આમ તો સાધુ-બાવાઓ જ્યાં સ્થાનક સ્થાપે તે સ્થળ હોવાનો અર્થ અભિપ્રેત છે. તો વળી ગુંડા - મવાલીઓ જ્યાં પડયા પાથર્યા રહેતા હોય કે, જુગારીઓ જ્યાં નિયમિત જુગાર રમવા મળતા હોય એ સ્થળોને પણ 'અડો' કહેવામાં આવે છે.

કોઈ વ્યક્તિ જ્યારે કોઈની સંપત્તિ હડપ કરીને તેને ભીખ માગવી પડે તેવી સ્થિતિમાં મૂકી દે ત્યારે તેના માટે એમ કહેવાય છે કે, **'કચલી જલાયણી'** કચલી એટલે ફોડેલા નાળિયેરનો કોપરું કાઢી લીધા પછીનો અડધો ભાગ! કાચલી કહેવાય ગુજરાતીમાં. કાચલી પકડાવી દેવી એટલે ભીખ માગતા કરી દેવું!

આવા પારકી સંપત્તિ પચાવી પાડીને એશ કરવા વાળા માટે કચ્છીમાં ચોવક છે: **'પારકે પૈસે તાગડ ધીનાં'**. આવા લોકોને સમાજમાં આદર થોડો જ મળે? લોકો તેમને ધિક્કારતા હોય છે અને 'લ્યાનત' આપતા હોય છે: **'લખજી લાનત, હી કિતરા ઐં ઘે'** લાખ લાખ લ્યાનત આપતો નારાજગી અને કચવાટનો સૂર આ ચોવકમાં જોવા મળે છે. એવા લોકો માટે કુદરતી ન્યાયનું દર્પણ બતાવતી એક ચોવક: **'હરામ જો ઢીંગલો, હકજી કોરી ખણધો વિંઝે'** પારકાનું પડાવી લીધેલું કંઈ પચે નહીં, એ જવાનું જ હોય અને જ્યારે જાય ત્યારે હકની કમાણી પણ તેની સાથે ચાલી જાય છે. 'કાચલી' પકડાવનારે પોતે 'કાચલી' હાથમાં લેવી પડે! ■

મગજ મંથન_
વિઠ્ઠલ વઘાસિયા
feedback@bombaysamachar.com

# પર દોષ દર્શનથી વિભાજન ને સ્વ દોષ દર્શનથી એકતા...

## તુલના અને સ્પર્ધામાં જીવતા માણસે પોતાના દોષ જોવા એ પણ એક મોટી સાધના છે



**માનવ** સ્વભાવ એવો છે કે એ આજુબાજુના લોકોને ભૂલો અને ખામીઓને ઝડપી લેવામાં તરત સક્રિય થઈ જાય છે. કોઈની નબળાઈ કે દુર્ગુણ જોવા સહેલાં હોય છે, પરંતુ પોતાનામાં રહેલી ખામીને ખોળવી-ઓળખવી ને સ્વીકારવી અત્યંત મુશ્કેલ હોય છે. જીવનમાં સાચો વિકાસ અને આત્મોન્નતિ ત્યારે જ શક્ય બને છે જ્યારે આપણે બીજાના દોષ શોધવાના બદલે પોતાની અંદર ઊંડાણપૂર્વક ઝાંખી કરીએ.

શ્રીમદ્ ભગવદ્ગીતામાં પણ શ્રીકૃષ્ણ ભગવાન કહે છે કે 'પોતાનામાં નિરંતર અવલોકન કરવું જોઈએ.' જ્યારે આપણે બીજાના દોષ જોવાનો અભ્યાસ કરીએ છીએ ત્યારે ઈર્ષા, દ્વેષ અને ક્રોધ જેવા નકારાત્મક ભાવ જન્મે છે. આવા ભાવ આપણા મનને કલૂષિત બનાવે છે.

બીજી તરફ, જો આપણે આપણી ભૂલ અને દોષની શોધ કરીએ અને તેને સુધારવાનો પ્રયાસ કરીએ તો આપણા વ્યક્તિત્વમાં સુધારો થાય છે. પોતાને સુધારવાથી જ સમાજ સુધરશે. કોઈની ટીકા કરવી સહેલી છે. પોતાને સુધારવા માટે આત્મવિશ્લેષણ અને સાહસની જરૂર પડતી હોય છે.

અહંકાર, લાલચ, ક્રોધ, મદ, મોહ જેવા દોષ દરેક માણસમાં કોઈને કોઈ સ્વરૂપે હોય છે. જો આપણે નિષ્ઠાપૂર્વક પોતાનું અંતરમન જોવાનું શરૂ કરીએ અને સાચી રીતે આત્મમંથન કરીએ, તો આપણામાં રહેલા આવાં દુર્ગુણો બહાર આવે છે. આવું કરવાથી આપણે વધુ સહનશીલ, વિનમ્ર અને ઉત્તમ વ્યક્તિત્વ ધરાવનાર બનીએ છીએ.

આજની દુનિયામાં મીડિયા અને સોશ્યલ પ્લેટફોર્મથી લોકો વધુ તુલનાત્મક અને વિવેચક બનેલા છે. દરેકને બીજાના જીવનમાં ખામી શોધવાની તલાશ રહે છે, પરંતુ જો એ ઊર્જા પોતાને ઓળખવા અને સુધારવા માટે ખર્ચે તો વ્યક્તિ જીવનમાં સાચી શાંતિ અને સફળતા હાંસલ કરી શકે.

આથી, આવશ્યક છે કે આપણે પ્રમાણિકપણે પોતાના દોષને ઓળખવાની ટેવ વિકસાવવી જોઈએ. દરરોજ દિવસ દરમિયાન થયેલી ભૂલોના લેખા- જોખા કરવા જોઈએ. પોતાની જાતને પૂછવું જોઈએ કે, આજે મેં શું ખોટું કર્યું?તેને સુધારવાનો શું પ્રયાસ કર્યો? આમ કરવાથી અન્યના દોષ નહીં દેખાય, પરંતુ સહાનુભૂતિ જન્મશે. આપણે આપણી ખામીઓને સુધારવાનો પ્રયાસ કરવો જોઈએ. આમ કરવાથી જીવનને વધુ સંતુલિત, સંતોષકારક અને સામાજિક રીતે લાભદાયક બનાવી શકાય છે..જે વ્યક્તિ પોતાને સુધારવાનો માર્ગ પસંદ કરે છે, તે જ સાચા અર્થમાં ઉજ્જવળ જીવન જીવે છે.

આપણા પૂર્વજો આત્મદોષ દર્શન કરતા. રામાયણમાં ભગવાન રામે પોતાની ભૂલ પર વિચાર કર્યો હતો. ભગવાન કૃષ્ણએ પણ દરેક સમયે પોતાનું અવલોકન કરીને કાર્ય કર્યું હતું. મહાત્મા ગાંધીજીએ પણ પોતાની આત્મકથા 'સત્યના પ્રયોગો'માં પોતાના દોષોનો ડગલે ને પગલે સ્વીકાર કર્યો છે અને એ પ્રમાણે જીવી બતાવ્યું. આપણે દુનિયાને બદલવી હોય તો આપણે જાતે પહેલા બદલવું પડે.

ટૂંકમાં, પોતાના દોષ ઓળખવાથી વ્યક્તિમાં નમ્રતા આવે છે અને નમ્રતાથી માનસિક શાંતિ મળે છે.પોતાના દોષ ઓળખવાથી માણસ ઈમાનદાર બને છે અને જીવનમાં સાચો સંતોષ અનુભવે છે. ■

# પાલઘર કલેક્ટર ઓફિસને બોમ્બની ધમકીનો ઇ-મેઇલ મળ્યો: પોલીસે ઇમારતો ખાલી કરાવી

પાલઘર: પાલઘરમાં કલેક્ટર ઓફિસમાં મંગળવારે બોમ્બ મુકાયો હોવાની ધમકી આપતો ઇ-મેઇલ મળતાં ગભરાટ ફેલાયો હતો. પોલીસ અધિકારીઓએ ઘટનાસ્થળે આવીને ઇમારતો ખાલી કરાવ્યા બાદ તપાસ આદરી હતી. જોકે ત્યાં કોઇ પણ વાંધાજનક વસ્તુ મળી આવી નહોતી, એમ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

પાલઘર કલેક્ટર ઓફિસના સત્તાવાર ઇ-મેઇલ આઇડી પર મંગળવારે સવારે ૬.૨૩ વાગ્યે ઇ-મેઇલ મોકલવામાં આવ્યો હતો, જેમાં ઓફિસના પરિસરમાં આરડીએક્સ મૂકવામાં આવ્યો હોવાનો દાવો કરાયો હતો અને બપોરે ૩.૩૦ વાગ્યે વિસ્ફોટ થવાની ચેતવણી અપાઇ હતી.

દરમિયાન ધમકીભર્યા ઇ-મેઇલ અંગે પોલીસને જાણ કરવામાં આવી હતી, જેને પગલે જિલ્લાના એસપી બાળાસાહેબ પાટીલ સહિત વરિષ્ઠ અધિકારીઓ ઘટનાસ્થળે આવી પહોંચ્યા હતા. કલેક્ટર ઓફિસ સહિત અન્ય સરકારી ઇમારતોને ખાલી કરાવાયા બાદ ત્યાંના અધિકારી તથા કર્મચારીઓને સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા હતા.

પોલીસે બાદમાં ડોગ સ્કવોડ અને બોમ્બ સ્કવોડની મદદથી ઇમારતો અને પરિસરમાં તપાસ હાથ ધરી હતી, પણ ત્યાં કોઇ જ વાંધાજનક વસ્તુ મળી આવી નહોતી. દરમિયાન આ પ્રકરણે પાલઘર પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો અને ધમકીભર્યો ઇ-મેઇલ જ્યાંથી મોકલવામાં આવ્યો હતો તેની માહિતી મેળવવા માટે મહારાષ્ટ્ર સાયબર સેલની મદદ લેવામાં આવી રહી છે. ■

# કર્જતથી માથેરાન ફક્ત ૨૦ મિનિટમાં પોસ્ટ સેવા

## પર્વતીય વિસ્તારોમાં હવે ડ્રોન પહોંચાડશે ટપાલ

મુંબઈ: હાલના સમયમાં યુદ્ધથી લઈને ખેતરોમાં જંતુનાશક દવાના છંટકાવ માટે ઉપયોગમાં લેવાતા ડ્રોન ટેક્નોલોજીનો ઉપયોગ હવે દૂરના વિસ્તારોમાં ટપાલ સેવાઓ પહોંચાડવા માટે થઈ રહ્યો છે. જોકે, આ ડ્રોનનો ઉપયોગ માથેરાનમાં ટપાલ પહોંચાડવા માટે થઈ શકે છે કે કેમ તે જોવા માટે હાલમાં ચકાસણી ચાલી રહી છે. ગયા શુક્રવારે આ સંદર્ભે કરવામાં આવેલ પરીક્ષણ સફળ રહ્યું હતું. આમ કર્જત પોસ્ટ ઓફિસથી માથેરાન સુધી ડ્રોન દ્વારા ટપાલ સેવા શરુ કરવાનો માર્ગ મોકળો થયો છે. અલબત્ત, આ અંગે જરુરી પરવાનગી લીધા બાદ જ આ સેવા શરૂ થઈ શકશે.

માથેરાનમાં ઠંડા વાતાવરણને કારણે બારે મહિના પ્રવાસીઓ આવતા રહે છે. કર્જતથી માથેરાન ૨૫ કિમી દૂર છે, પરંતુ તે પર્વતીય માર્ગ હોવાને કારણે સંદેશાવ્યવહાર અને પરિવહનમાં સમય લાગે છે.

ટપાલ સેવા પણ તેમાં અપવાદ નથી. હાલમાં દિવસમાં માત્ર એક જ વાર વાહન દ્વારા કર્જતથી માથેરાન સુધી ટપાલ પહોંચાડવામાં આવે છે. તેથી ટપાલ પહોંચાડવામાં ઓછામાં ઓછો એક દિવસ લાગે છે. પરંતુ ડ્રોન શરુ થયા પછી ટપાલ સેવાને પહોંચવામાં માત્ર ૨૦ મિનિટ લાગશે.

શુક્રવારે એમ્બર વિંગ્સ ડ્રોનનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું. આશરે ૧૦ કિલો વજન ધરાવતા આ ડ્રોનની ક્ષમતા ૨૦ કિલો છે. શુક્રવારે સાંજે કર્જત પોસ્ટ ઓફિસથી ડ્રોન દસ કિલો ટપાલ લઈને ઉડ્યું અને માત્ર ૨૦ મિનિટમાં માથેરાન પહોંચ્યું. ટપાલ પહોંચાડ્યા બાદ ડ્રોન કર્જત પરત ફર્યું હતું.

જો કે ડેમ, પાવર જનરેશન પ્લાન્ટ વગેરે જેવા પ્રતિબંધિત, સંવેદનશીલ વિસ્તારોમાં ડ્રોન ઉડાવવા પર પ્રતિબંધ છે કારણ કે ડ્રોન દ્વારા ફોટો અને વીડિયો લેવાતા હોવાથી તેનો દુરઉપયોગ થવાની શક્યતા રહે છે. તેથી ડ્રોન દ્વારા ટપાલ સેવા શરૂ કરતા પહેલા આ પાસાઓ પર વિચાર કરવો પડશે. ■

# તેજસ્વી તારલાઓને અભિનંદન

## દસમા ધોરણના વિદ્યાર્થીઓ


દર્શ જયેશ મિસ્ત્રી ૮૯.૫ ટકા


દિયા જયેશ ભટ્ટ ૯૧.૩૦ ટકા


જાહ્નવી જયેશ ભદ્રા ૮૬.૬૦ ટકા


જિયલ નિલેશ સાવલા ૯૨ ટકા


કાવ્યા અલ્પેશ મિસ્ત્રી ૮૬.૧૭ ટકા


કિર્તન દિપેશ ભાનુશાલી ૯૯ ટકા


લેખા ઉત્પલ પટેલ ૯૬.૮૦ ટકા


માહિ વ્યાસ ૯૪.૪૦ ટકા


મહેક વ્યાસ ૯૩.૨૦ ટકા


નિખિલ સુરેશ ભદ્રા ૯૨.૬૨ ટકા


દેસાઈ સ્તુતિ અજય ૯૭.૪૦ ટકા


પટેલ પ્રિયાંશ કૈલાશ ૯૬.૪૦ ટકા


ચોરસિયા પર્લ પરમાનંદ ૯૫.૮૦ ટકા


મિશ્રા સાક્ષી દેવેન્દ્રકુમાર ૯૫ ટકા


ગુપ્તા ત્રિક્ષિકા ગણેશ ૯૪.૬૦ ટકા


પાંડે અશ્વિન સિદ્ધાર્થ ૯૪.૪૨ ટકા


પટેલ આયુષી જયેશ ૯૪.૪૦ ટકા


પટેલ સ્મિત પરસોત્તમ ૯૮.૮૦ ટકા


ધવલ સુભમ સંતોષ ૯૩ ટકા


રાઠોડ વિધિ ભરત ૯૨.૮૦ ટકા


ગાંવનકર અંતરા સંપટ ૯૨.૬૦ ટકા


જૈન ચાહત લોકેશ ૯૨.૪૦ ટકા


પટેલ વંશ અશોક ૯૨ ટકા


વિધિ જિતેશ દામા ૯૯ ટકા


વિહાન નિલય શાહ ૯૧ ટકા


યશ વિજેન્દ્ર પંચાલ ૯૧ ટકા


યુવરાજ મેહુલ ખાનિયા ૯૦ ટકા

## બારમા ધોરણના વિદ્યાર્થીઓ


આયન અમિત ગડા ૯૨.૫ ટકા



નયશા ઋષભ દેઢિયા ૯૩ ટકા

મહારાષ્ટ્ર બોર્ડના દસમા અને બારમા ધોરણના ૮૦%થી વધુ માર્ક મેળવનારા વિદ્યાર્થીઓ પોતાનો ફોટો અને માર્કશીટ 'મુંબઈ સમાચાર'ને મોકલી આપે.

ઈ-મેઈલ એડ્રેસ : resultonms@gmail.com | વૉટ્સઍપ : 7045430579

# ખગોળવિદ્ ડૉ. જયંત નારળીકરનું નિધન

## રાજકીય સન્માન સાથે અંતિમસંસ્કાર કરવામાં આવશે



પુણે: દેશ અને વિદેશમાં ખ્યાતિ મેળવનારા પ્રખ્યાત ખગોળવિદ ડો. જયંત વિષ્ણુ નારળીકરનું મંગળવારે નિધન થયું હતું. તેમના પરિવારે આપેલી માહિતી અનુસાર પદ્મ વિભૂષણ પ્રાપ્તકર્તા ડો.નારળીકરનું અવસાન થયું હતું. તેઓ ૮૭ વર્ષના હતા.

મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ અને એનસીપી (એસપી)ના પ્રમુખ શરદ પવારે ડો. નારળીકરને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. તેમના અંતિમ સંસ્કાર સંપૂર્ણ રાજ્ય સન્માન સાથે કરવામાં આવશે એમ મુખ્ય પ્રધાન ફડણવીસે એક્સ પર જણાવ્યું હતું.

ફડણવીસે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર જણાવ્યું હતું કે 'મહારાષ્ટ્રના વરિષ્ઠ ખગોળશાસ્ત્રી અને વિજ્ઞાન લેખક મહારાષ્ટ્ર ભૂષણ જયંત નારળીકરના નિધનના સમાચાર ખૂબ જ દુ:ખદ છે. તેમણે વૈજ્ઞાનિક વિષયો પર સાહિત્ય રચીને વિજ્ઞાનના પ્રસારમાં ખૂબ જ મૂલ્યવાન ભૂમિકા ભજવી હતી.'

નાયબ મુખ્ય પ્રધાનો અજિત પવાર અને એકનાથ શિંદેએ પણ ડૉ. નારળીકરને શ્રદ્ધાંજલિ આપી હતી. (પીટીઆઈ) ■

# કલ્યાણમાં પુલ પર રિક્ષાને ટક્કર માર્યા બાદ રેલિંગ તોડીને ટ્રક નદીમાં ખાબકી

## રિક્ષામાં હાજર મહિલાનું મોત, બે જણ ડૂબ્યાની આશંકા

થાણે: થાણે જિલ્લાના કલ્યાણમાં પૂરપાટ વેગે જઇ રહેલી ટ્રકે પુલ પર રિક્ષાને ટક્કર માર્યા બાદ રેલિંગ તોડીને નદીમાં ખાબકી હોવાની ઘટના મંગળવારે સવારે બની હતી. આ અકસ્માતમાં રિક્ષામાં હાજર મહિલાનું મૃત્યુ થયું હતું, જ્યારે તેનો દીકરો ઘવાયો હતો. ટ્રકમાં સવાર બે લોકો નદીમાં ડૂબ્યા હોવાની આશંકાને પગલે તેમની શોધ ચલાવાઇ હતી.પોલીસના જણાવ્યા અનુસાર કલ્યાણ પશ્ચિમમાં ગાંધારી નદીના પુલ પર મંગળવારે સવારના સાત વાગ્યાની આસપાસ અકસ્માત થયો હતો, જેમાં મૃત્યુ પામેલી મહિલાની ઓળખ મંગલા વાઘમારે તરીકે થઇ હતી, જે બાપગાંવની રહેવાસી હતી. મંગલાનો પુત્ર નીલેશ ઘાયલ થયો હોઇ તેને સારવાર માટે કલ્યાણની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. ટ્રકની ટક્કર એટલી જોરદાર હતી કે રિક્ષાનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો.

નીલેશ મંગળવારે સવારે તેની માતા સાથે રિક્ષામાં બાપગાવથી કલ્યાણ જવા નીકળ્યો હતો. રિક્ષા ગાંધારી નદીના પુલ પરથી પસાર થઇ રહી હતી ત્યારે પૂરપાટ વેગે આવી રહેલી ટ્રકના ડ્રાઇવરે કાબૂ ગુમાવ્યો હતો અને તે સામેથી આવનારી રિક્ષા સાથે ટકરાઇ હતી. ટ્રક ત્યાર બાદ પુલની ૧૦ ફૂટની રેલિંગ તોડીને નદીમાં ખાબકી હતી.

અકસ્માતની જાણ થતાં ખડકપાડા પોલીસ સ્ટેશનના અધિકારી, ટ્રાફિક પોલીસ તથા અગ્નિશમન દળના જવાનો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. અકસ્માતમાં ઘાયલ થયેલા ડ્રાઇવર અને તેની માતા મંગલાને રિક્ષામાંથી બહાર કાઢી હોસ્પિટલમાં લઇ જવામાં આવ્યાં હતાં, જ્યાં ડોક્ટરોએ મંગલાને તપાસીને મૃત જાહેર કરી હતી. દરમિયાન પુલની રેલિંગ તોડીને નદીમાં ખાબકેલી ટ્રકને કાઢવા માટે ક્રેનને ઘટનાસ્થળે બોલાવવામાં આવી હતી, જ્યારે ટ્રકમાં સવાર બે જણ નદીમાં ડૂબ્યા હોવાની આશંકાને પગલે બોટની મદદથી શોધ ચલાવવામાં આવી હતી. ■

# ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી બુધવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ **funworld1822@gmail.com** પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

અંગ્રેજી - ગુજરાતી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| KENNEL | માર્ગ |
| TUNNEL | ગળણી |
| FUNNEL | શ્વાનઘર |
| CHANNEL | તકતી |
| PANEL | બોગદું |


## ઓળખાણ પડી?



ઈંગ્લેન્ડ સામેની એક ટેસ્ટ મેચમાં લાગલગાટ ૨૧ મેઈડન ઑવર નાખવાનો વિશ્વવિક્રમ કરનારા ભારતીય બોલરની ઓળખાણ પડી?


અ) વેંકટરાઘવન બ) સુભાષ ગુપ્તે ક) દિલીપ દોશી ડ) બાપુ નાડકર્ણી

## ગયા વખતનો ઉકેલ



## શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ



### આડી ચાવી

૧. તરખાટ (૫)
૪. સૂક્ષ્મ જીવાણુંઓ (૪)
૭. જળાશય, કૂવા કાંઠો (૪)
૯. છૂપો ભેદ, ગૂઢાર્થ (૩)
૧૧. ઉચ્ચાલન, શરીરનું આંતરિક અંગ (૩)
૧૩. પણ, નિશ્ચય (૨)
૧૪. વિવિધ (૪)
૧૫. અફવા, ખોટી વાત (૨)
૧૬. ટીકા (૩)
૧૭. --- ભીખીને જીવન ના જીવાય (૨)
૧૯. મનગમતું (૨)
૨૦. ચંદ્ર (૪)
૨૩. ગડી, કાપો, આંકો (૨)
૨૪. જાદુ એટલે હાથની --- (૪)
૨૫. સંખ્યા, આંકડો (૩)
૨૭. ---નું રાજ્ય રાજા અશોકે જીત્યું (૩)
૨૮. સુધી (૨)
૩૦. દેખી --- ના ડરું હું, શી ફિકર છે પાપની (૩)
૩૧. પગલું (૨)
૩૩. જાસૂસ (૨)
૩૪. ઘણીવાર (૬)

### ઊભી ચાવી

૧. ઉનાળામાં મળતું રસદાયક ફળ (૫)
૨. સભ્ય (૩)
૩. યાદી, નોંધ (૨)
૪. એક શિકારી જંગલી પ્રાણી (૨)
૫. સોનિયા ગાંધીનો દેશ (૩)
૬. અવ્યવસ્થિતપણે (૬)
૮. છે લછ બીલું, વિવિધ રંગવાળું (૪)
૧૦. હકનો દસ્તાવેજ (૪)
૧૨. ઓળખાણ, લાગવગ (૨)
૧૪/અ. ચામડાનું કામ કરનાર (૩)
૧૮. પોતાનું વતન, સ્વર્ગ (૩)
૧૯. આંટો, આમળો (૨)
૨૦. પગેરું, નિશાન, ચિન્હ (૩)
૨૧. કાપી નાખવું તે (૩)
૨૨. એક રસદાર ફળ (૪)
૨૩. પિત્તળની દીવી (૩)
૨૪. લીલું ફળ, અંદરથી લાલ હોય (૪)
૨૬. સમજૂતી, ઠરાવ, આરામ (૩)
૨૭. --- લીમડામાં એક ડાળ મીઠી (૩)
૨૯. ---નાં જંગલમાં સિંહનો વાસ (૨)
૩૨. એક જાતનો મુખવાસ (૨)

## ચતુર આપો જવાબ — અર્થ જણાવો

'રાજાની નિયત ફરે ત્યારે રૈયત સુખી ન રહે' કહેવતમાં નિયત શબ્દનો અર્થ જણાવો.

અ) આદેશ બ) શાસન ક) રાજધાની ડ) હેતુ

## માતૃભાષાની મહેક

બાપુની કહેવતો અને રૂઢિપ્રયોગોમાં વિવિધ ભાવ ડોકિયાં કરતા નજરે પડે છે એ નોંધવા જેવી વાત છે. બાપનો માલ એટલે બાપુજીએ આપેલી કાયદેસર રીતે મળેલી મિલકત. જોકે, વ્યવહારમાં આ પ્રયોગનો ઉપયોગ નકારાત્મક અર્થમાં વધુ જોવા મળે છે. બાપનો માલ સમજી બેઠો છે કે પૂછ્યા વિના ઉપાડીને હાલતો થયો?

## સુડોકુ-૮૦૯૩

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૫ | ૭ | ૬ | | | | ૧ | |
| | | ૮ | ૯ | | | | | |
| | | ૩ | ૨ | ૪ | | ૬ | | |
| ૫ | | | | | | | ૯ | ૩ |
| | | | | ૧ | | | | |
| ૯ | ૭ | | | | | | | ૧ |
| | | ૫ | | ૭ | ૬ | ૧ | | |
| | | | | | ૨ | ૩ | | |
| | ૩ | | | | ૫ | ૭ | ૪ | ૮ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

## સુડોકુ-૮૦૯૨

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | ૮ | ૯ | ૪ | ૧ | ૭ | ૩ | ૫ | ૨ |
| ૩ | ૪ | ૨ | ૮ | ૯ | ૫ | ૬ | ૭ | ૧ |
| ૫ | ૭ | ૧ | ૬ | ૩ | ૨ | ૯ | ૪ | ૮ |
| ૯ | ૧ | ૬ | ૨ | ૫ | ૮ | ૭ | ૩ | ૪ |
| ૨ | ૫ | ૭ | ૩ | ૪ | ૧ | ૮ | ૯ | ૬ |
| ૪ | ૩ | ૮ | ૯ | ૭ | ૬ | ૧ | ૨ | ૫ |
| ૮ | ૯ | ૩ | ૫ | ૬ | ૪ | ૨ | ૧ | ૭ |
| ૭ | ૬ | ૫ | ૧ | ૨ | ૯ | ૪ | ૮ | ૩ |
| ૧ | ૨ | ૪ | ૭ | ૮ | ૩ | ૫ | ૬ | ૯ |

## ગુજરાત મોરી મોરી રે

'લાડ કરવાથી વધુ તોફાન કરવા લાગ્યા' એ ભાવાર્થની કહેવતના શબ્દો આડાઅવળા થઈ ગયા છે જે યોગ્ય રીતે ગોઠવી કહેવત જણાવો.

લગાડ્યાં માથે ચડ્યાં મોઢે તો

## ઈર્શાદ

*તું જે કહે કબૂલ છે ચર્ચા કર્યા વગર;*
*ચાહું છું હું કશીય અપેક્ષા કર્યા વગર.*

*-- ભગવતીકુમાર શર્મા*

## માઈન્ડ ગેમ

ખળખળ અવિરત વહેવું નદીનો સ્વભાવ છે. આપેલા વિકલ્પોમાંથી કઈ નદી જુદા જુદા દસ દેશમાંથી પસાર થાય છે એ શોધી કાઢો.

અ) થેમ્સ બ) નાઈલ ક) ફ્રેઝર ડ) ડેન્યુબ

## ગયા બુધવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| PALE | નિસ્તેજ, ઝાંખું |
| PAIL | બાલદી |
| PLEA | અરજી, દલીલ |
| PAL | મિત્ર |
| PALM | હથેળી |

ગુજરાત મોરી મોરી રે
ચાર દિવસની ચાંદની ફિર અંધારી રાત

ઓળખાણ પડી?
અબ્દુલ કારદાર

માઈન્ડ ગેમ
જ્યોર્જિયા

ચતુર આપો જવાબ
અર્થ જણાવો
વેર

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) ડો. પ્રકાશ કટકિયા (૩) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૪) મુલરાજ કપૂર (૫) ભારતી બુચ (૬) સુભાષ મોમાયા (૭) નીતા દેસાઈ (૮) હર્ષા મહેતા (૯) નુતન વિપીન શાહ (૧૦) ખુશરૂ કાપડિયા (૧૧) શ્રદ્ધા આશર (૧૨) લજિતા ખોના (૧૩) તાહેર ઔરંગાબાદવાલા (૧૪) શીરીન ઔરંગાબાદવાલા (૧૫) અબ્દુલ્લા એફ. મુનીમ (૧૬) પુષ્પા પટેલ (૧૭) જ્યોતિ ખાંડવાલા (૧૮) મીનળ કાપડિયા (૧૯) મહેન્દ્ર લોઢાવિયા (૨૦) નિખિલ બંગાળી (૨૧) અમીશી બંગાળી (૨૨) ફાલ્ગુની શેઠ (૨૩) મનીષા શેઠ (૨૪) મહેશ દોશી (૨૫) અંજુ ટોલિયા (૨૬) ભાવના કર્વે (૨૭) જગદીશ ઠક્કર (૨૮) કિશોર બી. સંઘરાજકા (૨૯) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૦) દેવેન્દ્ર સંપટ (૩૧) વિણા સંપટ (૩૨) પ્રવીણ વોરા (૩૩) અરવિંદ કામદાર (૩૪) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૫) પુષ્પા ખોના (૩૬) નીતિન જયંતીલાલ બજરિયા (૩૭) નયના ગિરીશ મિસ્ત્રી (૩૮) જ્યોત્સના ગાંધી (૩૯) રમેશ દલાલ (૪૦) હિના દલાલ (૪૧) અંબરીષ ઓઝા (૪૨) દિપીકા દોશી (૪૩) અલકા વાણી (૪૪) જયવંત પદમશી ચિખલ

# મુંબઈ ધોધમાર

## મોડી સાંજે ઉપનગરો સહિત દક્ષિણ મુંબઈમાં વરસાદની તીવ્રતા વધી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈમાં મંગળવારે મોડી સાંજે વીજળીના કડાકા-ધડાકા સાથે જોશભેર વરસાદ તૂટી પડયો હતો. હવામાન ખાતાના કહેવા મુજબ સાંજે પડેલો વરસાદ પ્રી-મોન્સુન શાવર હતો અને વરસાદની તીવ્રતા પાછલા દિવસોમાં પડી ગયેલા વરસાદ કરતા વધુ તીવ્ર હતી.

મંગળવારે આખો દિવસ વાદળિયું વાતાવરણ રહ્યા બાદ મોડી સાંજે પૂર્વ અને પશ્ચિમ ઉપનગરના મલાડ, અંધેરી, સાંતાક્રુઝ, બોરીવલી, કાંદિવલી, ઘાટકોપર, વિક્રોલી, ભાંડુપ, પવઈ વગેરે વિસ્તાર સહિત મીરા રોડમાં જોશભેર વરસાદ તૂટી પડયો હતો અને બાદમાં દક્ષિણ મુંબઈમાં પણ વરસાદ ચાલુ થયો હતો. અચાનક આવી પડેલા વરસાદને કારણે

(જુઓ પાનું ૪) ▶▶

### ચોમાસામાં કટોકટીને પહોંચી વળવા એનડીઆરએફ રહેશે ખડેપગે

મુંબઈમાં આ વર્ષે ચોમાસાનું આગમન જૂન મહિનાના પહેલા અઠવાડિયામાં થવાનો અંદાજો ભારતીય હવામાન ખાતાએ વ્યક્ત કર્યો છે ત્યારે મુંબઈમાં ચોમાસા માટે ખાસ નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ (એનડીઆરએફ)ને તહેનાત કરવામાં આવવાની છે. એટલું જ નહીં પણ ચોમાસા દરમ્યાન કોઈ કટોકટી સર્જાય તો ઘટના સ્થળે એનડીઆરએફ સમયસર પહોંચી શકે તે માટે ખાસ ગ્રીન કોરિડોર તૈયાર કરવાનો નિર્દેશ પણ

(જુઓ પાનું ૪) ▶▶

## ભુજબળ ઓબીસીનો અવાજ: ફડણવીસ

### ભ્રષ્ટાચાર અંગે ભાજપના બેવડા ધોરણોનો પર્દાફાશ: વિપક્ષ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે મંગળવારે છગન ભુજબળને 'ઓબીસીનો અવાજ' ગણાવીને પ્રધાનમંડળમાં સામેલ કરવાના નિર્ણયનો બચાવ કર્યો હતો, જ્યારે વિપક્ષોએ ભાજપ પર ભ્રષ્ટાચાર અંગે 'બેવડા ધોરણ' અપનાવવાનો આરોપ લગાવ્યો હતો અને તેમની સામેના આરોપોનો ઉલ્લેખ કર્યો હતો.



૭૭ વર્ષના ભુજબળને મહારાષ્ટ્રના રાજ્યપાલ સી. પી. રાધાકૃષ્ણન દ્વારા રાજભવન ખાતે નાયબ મુખ્ય પ્રધાનો અજિત પવાર અને એકનાથ શિંદે અને અન્ય વરિષ્ઠ નેતાઓની હાજરીમાં શપથ લેવડાવ્યા હતા.

'ભુજબળ એક વરિષ્ઠ નેતા અને ઓબીસીનો અવાજ છે. વિવિધ વ્યક્તિઓ પર વિવિધ લોકોના અલગ અલગ મંતવ્યો છે. ભુજબળ સરકારને મદદરૂપ થશે, એમ તેમણે કહ્યું હતું.

'એનસીપીએ ભુજબળને પ્રધાન મંડળમાં સામેલ કરવા માટેની ભલામણ કરી હતી અને અમે તેનું સ્વાગત કર્યું છે,' એવા શબ્દોમાં કાર્યકર્તા અંજલી દમણિયા દ્વારા સરકાર પર ભ્રષ્ટ રાજકારણીઓના 'પ્રતિકાત્મક' વિરોધ માટે આક્ષેપ

(જુઓ પાનું ૪) ▶▶

### ભુજબળે રાજકારણમાં પરિવર્તનો વચ્ચે પોતાનું સ્થાન અકબંધ રાખ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના અનુભવી નેતા છગન ભુજબળે મહારાષ્ટ્રના રાજકારણમાં ઘણા તોફાનોનો સામનો કર્યો છે, પરંતુ તેઓ સુસંગત રહેવામાં સફળ રહ્યા છે અને રાજ્યના પ્રધાન મંડળમાં સૌથી વૃદ્ધ પ્રધાન તરીકે સામેલ થયા છે. એક અગ્રણી ઓબીસી નેતા ભુજબળની રાજકીય કારકિર્દી ઘણા દાયકાઓ સુધી ચાલેલી અને ઘટનાઓથી ભરપૂર રહી છે અને છેલ્લા કેટલાક વર્ષોમાં મહારાષ્ટ્રના રાજકારણમાં પરિવર્તનો વચ્ચે પણ તેમણે પોતાનું સ્થાન અકબંધ રાખ્યું છે.

૧૫ ઓક્ટોબર, ૧૯૪૭ના રોજ નાસિકમાં જન્મેલા ભુજબળની રાજકીય કારકિર્દી ૧૯૮૦ના દાયકામાં શિવસેનાથી શરૂ થઈ હતી, ૧૯૮૬ અને ૧૯૯૦માં મઝગાંવ વિધાનસભા બેઠક (મુંબઈ) જીતી હતી. તેમણે

(જુઓ પાનું ૪) ▶▶

### પાલિકાની નોટિસ છતાં જોખમી ઈમારતમાં રહેવાનું ભારે પડ્યું

## ચોથા માળનો સ્લેબ તૂટી પડતાં ગ્રાઉન્ડ ફ્લોર સુધી મોટો ખાડો પડી ગયો

(અમારા પ્રતિનિધિ તરફથી)


મુંબઈ: થાણે જિલ્લામાં આવેલા કલ્યાણ પૂર્વના ચિકણીપાડામાં મંગળવારે બપોરના ચાર માળની શ્રી સપ્તશ્રૃંગી બિલ્ડિંગનો ચોથા માળનો સ્લેબ ગ્રાઉન્ડ ફ્લોર પર તૂટી પડતાં બે વર્ષના બાળક, એક સિનિયર સિટિઝન મહિલા સહિત કુલ છનાં મોત થયા હતા. તો ચાર-ચાર વર્ષના બે બાળક સહિત કુલ ચાર લોકો ગંભીર રીતે જખમી થયા હતા.

કલ્યાણ પૂર્વમાં ચિકણીપાડા તિસગાવ રોડ પર શિવસેના ઓફિસ નજીક ગ્રાઉન્ડ પ્લસ ચાર માળની શ્રી સપ્તશ્રૃંગી બિલ્ડિંગ આવેલી છે. મંગળવારે બપોરના સવા બે વાગે બિલ્ડિંગના ચોથા માળનો સ્લેબ નીચે ગ્રાઉન્ડ ફ્લોર પર આવેલા ઘર પર તૂટી પડ્યો હતો, જેમા ત્રીજા માળ, બીજા માળ સહિત પહેલા માળના ઘરની સિલિંગ તૂટીને ગ્રાઉન્ડ ફ્લોર તૂટી પડી હતી. ઘટના સ્થળે ફાયરબ્રિગેડ, ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ સહિત એનડીઆરએફની ટુકડીએ રેસ્કયુ ઓપરેશન હાથ ધર્યું હતું.

સ્થાનિક રહેવાસીના દાવા મુજબ આવેલી શ્રી સપ્તશ્રૃંગી બિલ્ડિંગનું બાંધકામ ૨૦૦૬ની સાલમાં કરવામાં આવ્યું હતું. ગયા વર્ષે જ ડોંબિવલી-કલ્યાણ પાલિકાએ બિલ્ડિંગને જોખમી જાહેર કરી હતી. છતાં

(જુઓ પાનું ૪) ▶▶

### બે વર્ષનાં બાળક સહિત છનાં કરુણ મોત



## 'મારું ઘર, મારો અધિકાર' માટે ₹ ૭૦,૦૦૦ કરોડનું રોકાણ

### રાજ્યનાં ઓછી આવક ધરાવતા જૂથો માટે નવી આવાસ નીતિ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મહારાષ્ટ્ર કેબિનેટે ૭૦,૦૦૦ કરોડ રૂપિયાના રોકાણ સાથે નવી હાઉસિંગ નીતિને મંજૂરી આપી છે, જેમાં ઓછી આવક ધરાવતા જૂથો, વરિષ્ઠ નાગરિકો, મહિલાઓ, ઔદ્યોગિક કામદારો અને વિદ્યાર્થીઓ જેવા વર્ગોને પરવડે તેવા આવાસને પ્રાથમિકતા આપવામાં આવી છે. આ નીતિમાં ઝૂંપડપટ્ટી પુનર્વસન, પુનર્વિકાસ અને ભાડાના મકાનોનો સમાવેશ થાય છે, જેમાં ટકાઉપણું અને આધુનિક ટેકનોલોજી પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે. 'મહા આવાસ' નામનું એક જ પોર્ટલ, બધા હિસ્સેદારો અને યોજનાઓને એકીકૃત કરશે.

મહારાષ્ટ્ર કેબિનેટે મંગળવારે નવી હાઉસિંગ પોલિસીની જાહેરાત કરી, જેમાં ઝૂંપડપટ્ટીના પુનર્વસનથી લઈને પુનર્વિકાસ સુધીના વ્યાપક કાર્યક્રમનો સમાવેશ થાય છે, જેમાં ૭૦,૦૦૦ કરોડ રૂપિયાનું રોકાણ કરવામાં આવશે. કેબિનેટની બેઠક બાદ પત્રકારો સાથે વાત કરતા મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે જણાવ્યું હતું કે આ નીતિ 'મારું ઘર - મારો અધિકાર'ના સૂત્ર સાથે સામાન્ય માણસ માટે આવાસ પર ધ્યાન

(જુઓ પાનું ૪) ▶▶

## મહારાષ્ટ્રમાં સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાની ચૂંટણીઓ વર્ષના અંત સુધીમાં યોજાઈ શકે: વોર્ડ રચનાની પ્રક્રિયા શરૂ થઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: સુપ્રીમ કોર્ટના ચાલુ મહિનાના પ્રારંભમાં આવેલા આદેશ પછી મહારાષ્ટ્ર રાજ્ય ચૂંટણી પંચે સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાની ચૂંટણીઓ સંદર્ભે વોર્ડ રચનાની પ્રક્રિયા શરૂ કરી દીધી છે.

એક ટોચના અધિકારીએ સોમવારે એવી માહિતી આપી હતી કે, વિવિધ ઔપચારિકતાઓ પૂર્ણ થયા પછી વર્ષના અંત સુધીમાં સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાની ચૂંટણીઓ યોજાઈ શકે છે.

છઠી મેના રોજ સર્વોચ્ચ અદાલતે ઓબીસી અનામતના મુદ્દાને કારણે પાંચ વર્ષથી વધુ સમયથી અટકી પડેલી મહારાષ્ટ્ર સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાની ચૂંટણીઓ આડેનો માર્ગ મોકળો કર્યો હતો, રાજ્ય ચૂંટણી પેનલને ચાર અઠવાડિયામાં તેનું નોટિફિકેશન બહાર પાડવાનો આદેશ આપ્યો હતો.

'વોર્ડ રચનાની પ્રક્રિયામાં લગભગ ૭૦ દિવસ લાગશે. ત્યારબાદ અનામતનો સમય લાગશે, જેમાં બીજા ૧૫ દિવસ લાગશે. મતદાર યાદી અપડેટ કરવાની પ્રક્રિયામાં બીજા ૪૦ દિવસ લાગશે. સ્થાનિક સંસ્થાઓની

(જુઓ પાનું ૪) ▶▶

## પુણેમાં યુવા સેનાના નેતાની કાર પર ગોળીબાર

પુણે: પુણેમાં શિવસેનાની યુવા પાંખ યુવા સેનાના નેતાની કાર પર અજાણ્યા શખસોએ ગોળીબાર કર્યો હોવાની ઘટના સોમવારે મોડી રાતે બની હતી.યુવા સેનાના નેતા નીલેશ ઘારે સોમવારે મોડી રાતે વારજે વિસ્તારમાં કારમાંથી ઊતર્યા બાદ પોતાની ઓફિસમાં પ્રવેશ્યા બાદ તેમની કાર પર ગોળીબાર કરવામાં આવ્યો હતો.પ્રાથમિક માહિતી અનુસાર બે અજાણ્યા શખસ મોટરસાઇકલ પર આવ્યા હતા અને તેમાંથી એક શખસે નીલેશ ઘારેની કાર પર ગોળીબાર કર્યો હતો. (પીટીઆઇ)■

## પવઈમાં ઠલવાતા ૧૮ મિલિયન લિટર ગંદા પાણીની લાઈન અન્ય વાળવામાં આવશે

### સ્યુએજ વોટર પર પ્રક્રિયા કરવા સ્યુએજ વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ ઊભો કરાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: પવઈ તળાવની નૈસર્ગિક સમુદ્ધી વધારવા અને તેમાં ઊગી નીકળેલી વનસ્પતિને ફેલાતી રોકવા માટે તેમાં ઠલવાતા ગંદા પાણીને રોકીને પાઈપલાઈનને અન્ય જગ્યાએ વાળવવાની સાથે જ ગંદા પાણી પર પ્રક્રિયા કરવા સ્યુએજ વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ ઊભો કરવાની યોજના સુધરાઈએ બનાવી છે, તે માટે ટેન્ડર પ્રક્રિયા અંતિમ તબક્કામાં છે.

પૂર્વ ઉપનગરમાં આવેલા પવઈ તળાવમાં મોટા પ્રમાણમાં વનસ્પતિ ઊગી નીકળી છે અને તેને કારણે પાણી ઢંકાઈ ગયું છે. તેથી પાણીની નીચે રહેલા જળચરોને સૂર્યપ્રકાશ મળતો બંધ થઈ ગયો છે. આ વનસ્પતિ ઝડપથી વધી રહી છે તે માટે તેમાં રહેલી સ્યુએજ વોટર પાઈપલાઈન મારફત ઠલવાતું ગંદુ પાણી જવાબદાર છે. તેથી સુધરાઈ લાંબા સમયથી મશીનની મદદથી તળાવમાં ઊગી નીકળેલી વનસ્પતિને કાઢી રહી છે. અત્યાર સુધી ૨૫ હજાર મેટ્રિક ટન વનસ્પતિ કાઢવામાં

(જુઓ પાનું ૪) ▶▶



**સમસ્યા:** મુંબઈ ઈસ્ટર્ન એક્સપ્રેસ-વે પર મંગળવારે ગંભરી ટ્રાફિક જેમ સર્જાયો હતો. બે-ત્રણ કિલોમીટર સુધી વાહનોની લાઈન જોવા મળી હતી. (પીટીઆઈ)

## ગઢચિરોલીમાં ચાર મહિલા સહિત પાંચ નક્સલવાદી પકડાયાં: ઘાતક શસ્ત્રો જપ્ત

મુંબઈ: ગઢચિરોલી પોલીસના સી-૬૦ કમાન્ડો અને સીઆરપીએફના જવાનોએ આખા ગામને ઘેરી લઈ રહેવાસીઓને નુકસાન ન પહોંચે તેની સતર્કતા જાળવી ચાર મહિલા સહિત પાંચ નક્સલવાદીને પકડી પાડ્યાં હતાં. પોલીસ જવાનો પર હુમલો કરી ભાંગફોડિયા કાવતરાને અંજામ આપવાને ઇરાદે નક્સલવાદીઓ મોટી સંખ્યામાં ભેગા થયા હતા. પકડાયેલા નક્સલવાદીઓના માથે સરકારે ૩૬ લાખ રૂપિયાનું ઇનામ જાહેર કર્યું હતું.

પોલીસે ધરપકડ કરેલી ત્રણ મહિલા નક્સલવાદીની ઓળખ ઉંગી મંગરુ હોયામ ઉર્ફે સુમલી (૨૭), પલ્લવી કેસા મીડિયમ ઉર્ફે બંડી (૧૯) અને દેવે કોસા પોડિયામ ઉર્ફે સબિતા (૧૯) તરીકે થઈ હતી. પકડાયેલા બે નક્સલવાદીમાં એક સગીરાનો સમાવેશ થાય છે. બન્નેની ઉંમર સંબંધી પુરાવા હાથ લાગ્યા ન હોવાથી તેમને તાબામાં લેવાયા હતા. બન્નેને જુવેનાઈલ કોર્ટ સમક્ષ હાજર કરીને વધુ કાર્યવાહીની ભલામણ કરાઈ હતી.

### પોલીસ જવાનો પર હુમલો કરવા ૫૦થી ૬૦ નક્સલવાદી ભેગા થતાં સી-૬૦ કમાન્ડો અને સીઆરપીએફે ગામને ઘેરી લીધું



ગઢચિરોલી જિલ્લાના ભામરાગડ પાસેના બિનાગુંડા ગામમાં ૫૦થી ૬૦ નક્સલવાદી પોલીસ જવાનો પર હુમલો કરવાને ઇરાદે ભેગા થયા હોવાની માહિતી પોલીસને મળી હતી. માહિતીને આધારે ગઢચિરોલી પોલીસના સ્પેશિયલ સી-૬૦ કમાન્ડોની આઠ ટીમ અને સીઆરપીએફની બટાલિયન નંબર-૩૭ની એક ટુકડીના જવાનોએ જંગલ પરિસર અને તેની પાસેના

(જુઓ પાનું ૪) ▶▶

## મેટ્રોની જેમ હવે રેલવે સ્ટેશનો પર હશે એક્સેસ કન્ટ્રોલ

### અંધેરી, બોરીવલી સહિત ૧૨ સ્ટેશનોની યાદી તૈયાર

મુંબઈ: મેટ્રો જેવી એસી લોકલ ટ્રેનના સફળ અમલીકરણ બાદ હવે સ્ટેશનો પર પણ મેટ્રો જેવી સિસ્ટમ બેસાડવાની યોજના છે. આ સિસ્ટમ અંતર્ગત રેલવે પ્લેટફોર્મ પર મેટ્રો જેમ જ એક્સેસ કન્ટોલ લગાવવામાં આવશે, જેના કારણે સ્ટેશનો પર ટિકિટ વિના પ્રવેશવું મુશ્કેલ પ્રાપ્ત માહિતી અનુસાર, પશ્ચિમ રેલવેએ ૧૨ સ્ટેશનોની યાદી રેલવે બોર્ડને મોકલી છે. રેલવેના વરિષ્ઠ અધિકારીઓએ જણાવ્યું કે આ યાદીમાં મુંબઈના બાંદ્રા ટર્મિનસ, બોરીવલી અને અંધેરી અને ગુજરાત વિભાગના નવ સ્ટેશનનો સમાવેશ થાય છે.

આ પ્રોજેક્ટ હેઠળ મુસાફરોએ મેટ્રોની જેમ જ ટિકિટ ચેકિંગ, સુરક્ષા તપાસ અને પ્લેટફોર્મ સુધી પહોંચવા માટે ચોક્કસ રૂટમાંથી પસાર થવું પડશે. મેટ્રોમાં મુસાફરી કરતી વખતે, ટિકિટ કાઉન્ટર અને પ્લેટફોર્મ વિવિધ સ્થળોએ સ્થિત છે. પરંપરાગત રેલવે સ્ટેશનો પર આવી સુવિધાઓ ઉપલબ્ધ નથી. આથી મુંબઈમાં કેટલાક સ્ટેશનો પર ડેક બનાવવામાં આવી રહ્યા છે. સંબંધિત અધિકારીએ કહ્યું કે ભવિષ્યમાં આ ડેક પર ટિકિટ ખરીદી, સુરક્ષા તપાસ અને નિયંત્રિત



પ્રવેશ કરવામાં આવશે. આ પાયલોટ પ્રોજેક્ટથી રેલવે સ્ટેશનો પર ભીડ ઓછી થશે. ■

## જૂન મધ્ય સુધીમાં કોસ્ટલ રોડ પર ૨૪ કલાક આવ-જા કરી શકાશે

મુંબઈ: મુંબઈ મહાનગરપાલિકા ૧૫ જૂન સુધીમાં સંપૂર્ણ કોસ્ટલ રોડ તૈયાર કરવાનું લક્ષ્ય ધરાવે છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે વાહનોની અવરજવર માર્ગનું કામ પૂર્ણ થયા પછી જ રસ્તો અઠવાડિયાના સાતેય દિવસ ૨૪ કલાક માટે ખોલવામાં આવશે. આજની તારીખમાં આ રસ્તો સવારે સાત વાગ્યાથી મધરાત સુધી ખુલ્લો રહે છે. કોસ્ટલ રોડમાં ફક્ત સાયકલ માટે ટ્રેક હશે. આ ટ્રેક તે ચાલનારાઓ અને જોગર્સ માટે વરદાનરૂપ બનશે, કારણ કે આ લોકો અંડરપાસ દ્વારા તેનો ઉપયોગ કરી શકશે. પ્રિયદર્શિની પાર્ક (પીડીપી) અને સી લિન્કના વરલી-છેડા વચ્ચે ૭.૫ કિ.મી.નો સળંગ વિસ્તાર હશે જે ૨૦ મીટર પહોળો હશે. ■

## આઈપીએસ ઑફિસર રશ્મી કરંદીકરના પતિની ₹ ૨૪ કરોડની છેતરપિંડીના કેસમાં ધરપકડ

મુંબઈ: મુંબઈ પોલીસની ઇકોનોમિક ઓફેન્સ વિંગે (ઇઓડબ્લ્યુ) મહારાષ્ટ્ર પોલીસ સાથે જોડાયેલાં આઇપીએસ (ઇન્ડિયન પોલીસ સર્વિસ) ઓફિસર રશ્મી કરંદીકરના પતિ પુરુષોત્તમ ચવાણની ૨૪ કરોડ રૂપિયાની છેતરપિંડીના કેસમાં મંગળવારે ધરપકડ કરી હતી.

ઇઓડબ્લ્યુએ માર્ચ, ૨૦૧૫થી એપ્રિલ, ૨૦૨૪ દરમિયાન થયેલા કથિત ગુનાઓ માટે ફેબ્રુઆરીમાં ચવાણ સામે બે કેસ દાખલ કર્યા હતા.

ઇઓડબ્લ્યુના અધિકારીએ જણાવ્યું હતું કે ચવાણની પહેલા કેસમાં ધરપકડ કરવામાં આવી હતી, જેમાં ચવાણ અને અન્ય ૧૧ લોકો પર આરોપ છે કે તેમણે સરકારમાં પોતાના પ્રભાવનો ઉપયોગ કરી મુંબઈ, પુણે અને થાણેમાં સરકારી ક્વોટાના ફ્લેટ સસ્તા દરે અપાવવાને બહાને ૨૦ વ્યક્તિ સાથે ૨૪.૭૮ કરોડ રૂપિયાની છેતરપિંડી આચરી હતી.

મે, ૨૦૨૪માં ૨૬૩ કરોડ રૂપિયાના ઇન્કમ ટેક્સ રિફંડ (આઇટીઆર) ફ્રોડ કેસમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઇડી) દ્વારા ચવાણની ધરપકડ કરવામાં આવી હતી અને ત્યારથી ચવાણ અદાલતી કસ્ટડીમાં છે.

બીજા એફઆઇઆરમાં ચવાણે સુરત સ્થિત બિઝનેસમેન અને અન્યો સાથે ૭.૪૨ કરોડ રૂપિયાની છેતરપિંડી આચરી હોવાનો આરોપ છે. સરકારી ક્વોટામાંથી રાહત દરે પ્લોટ મેળવી આપવાને નામે ચવાણે વેપારી પાસેથી રૂપિયા સ્વીકાર્યા હતા.

ઉપરાંત નાશિકમાં મહારાષ્ટ્ર પોલીસ એકેડમીમાં ટી-શર્ટ સપ્લાય કરવાનો કોન્ટ્રાક્ટ મેળવવામાં મદદ કરવાનો વેપારીને તેણે દાવો કર્યો હતો. જોકે તેણે ક્યારેય પોતાનાં વચન

(જુઓ પાનું ૪) ▶▶

## ધારાવી માસ્ટરપ્લાનમાં રોજગાર નજીક રહેઠાણને પ્રાધાન્ય

મુંબઈ: ધારાવીના રિડેવલપમેન્ટ માસ્ટરપ્લાનમાં અનોખી 'લિવ એન્ડ વર્ક' કલ્ચર (રોજગાર નજીક રહેઠાણ)ને પ્રાધાન્ય આપવામાં આવશે એમ આયોજન પ્રક્રિયાથી પરિચિત સૂત્રોએ જણાવ્યું હતું.

સૂત્રોએ આપેલી જાણકારી અનુસાર લોકો તેમના રોજગાર ધંધા ના સાનિધ્યમાં રહી શકે એ બાબત પર માસ્ટર પ્લાનિંગમાં ભાર મૂકવામાં આવ્યો છે. વજનદાર ઔદ્યોગિક મશીનોનું વજન ખમી શકે એ રીતે પોડિયમ સ્ટ્રક્ચર્સનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આમ કરવાથી ઔદ્યોગિક પ્રવૃત્તિ ભોંયતળિયે અને પ્રથમ માળે થઈ શકે અને એ જ બિલ્ડિંગના ઉપરના માળ પર લોકોના નિવાસસ્થાન હોય.

વધુ જાણકારી આપતા સૂત્રોએ જણાવ્યું હતું કે 'ધારાવીના રહેવાસીઓ માટે જીવન શક્ય તેટલું અનુકૂળ બનાવવાના પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. જોકે, સર્વેના અભાવે કુંભારવાડા અને રિસાયકલર્સ જેવા વિસ્તારોમાં કેટલાક ઉદ્યોગો અને રહેઠાણોની ભાવિ સંભાવનાઓ અંદાજિત ધોરણે ઉપલબ્ધ માહિતીના આધારે નક્કી કરવામાં આવી છે. અંતે તેમને વર્તમાન પુનર્વિકાસ યોજનામાં આવરી લેવામાં આવશે કે કેમ તે મહારાષ્ટ્ર સરકાર દ્વારા નક્કી કરવામાં આવશે.'વધુ જાણકારી આપતા તેમણે જણાવ્યું હતું કે પુનર્વસન પ્રાથમિકતા છે અને રહેવાસીઓ માટેના આવાસ આરોગ્યને પ્રાથમિકતા આપશે. ■

# એચડીએફસી બૅન્ક, આઈસીઆઈસીઆઈ અને રિલાયન્સ જેવાં બ્લ્યુચીપ શૅરોમાં નફારૂપી વેચવાલીએ સતત ત્રીજા સત્રમાં પીછેહઠઃ સેન્સેક્સ-નિફ્ટીમાં એક ટકાનો ઘટાડો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં આજે મુખ્યત્વે એચએફડીસી બૅન્ક, આઈસીઆઈસીઆઈ અને રિલાયન્સ જેવાં બ્લ્યુચીપ શૅરોમાં તેમ જ ઑટોમોબાઈલ, ફાઈનાન્સ અને ડિફેન્સ ક્ષેત્રના શૅરોમાં નફારૂપી વેચવાલીનું દબાણ રહેતાં સતત ત્રીજા સત્રમાં બૅન્ચમાર્કમાં પીછેહઠ જોવા મળી હતી, જેમાં બૉમ્બે સ્ટોક એક્સચેન્જનાં ૩૦ શૅરના બૅન્ચમાર્ક સેન્સેક્સમાં ૮૭૨.૯૮ પૉઈન્ટનો અને નેશનલ સ્ટોક એક્સચેન્જના ૫૦ શૅરના બૅન્ચમાર્ક નિફ્ટીમાં ૨૬૧.૫૫ પૉઈન્ટનો ઘટાડો નોંધાયો હતો.

એકંદરે આજે બજારની શરૂઆત સુધારાના અન્ડરટોને થતાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ ગઈકાલના ૮૨,૦૫૯.૪૨ના બંધ સામે ૮૨,૧૧૬.૧૭ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન ઉપરમાં ૮૨,૨૫૦.૪૨ સુધી મજબૂત થયા બાદ નીચામાં ૮૧,૧૫૩.૭૦ સુધી ઘટ્યા બાદ અંતે ગઈકાલના બંધ સામે ૮૭૨.૯૮ પૉઈન્ટ અથવા તો ૧.૦૬ ટકાના ઘટાડા સાથે ૮૧,૧૮૬.૪૪ની સપાટીએ બંધ રહ્યો હતો. તે જ પ્રમાણે નેશનલ સ્ટોક એક્સચેન્જનો ૫૦ શૅરનો બૅન્ચમાર્ક નિફ્ટી ગઈકાલના ૨૪,૯૪૫.૪૫ના બંધ સામે વધીને ૨૪,૯૯૬.૨૦ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન ૨૪,૬૬૯.૭૦થી ૨૫,૦૧૦.૩૫ની રેન્જમાં અથડાઈને અંતે ગઈકાલના બંધ સામે ૨૬૧.૫૫ પૉઈન્ટ અથવા તો ૧.૦૫ ટકા ઘટીને ૨૪,૬૮૩.૯૦ના મથાળે બંધ રહ્યો હતો. વિશ્લેષકોના મતાનુસાર ટ્રેડરો અમેરિકા-ભારત વચ્ચેનાં વેપાર કરાર અંગેની વધુ સ્પષ્ટતા માટે રાહ જોઈ રહ્યા હોવાથી નવી ખરીદીમાં સાવચેતીનું વલણ જોવા મળ્યું હતું.

એકંદરે બજારમાં તેજી માટેનાં નક્કર પરિબળોના અભાવ અને પ્રવર્તમાન અમેરિકાની રાજકોષીય સ્થિરતાની અનિશ્ચિતતાને ધ્યાનમાં લેતા રોકાણકારોએ નફારૂપી વેચવાલી કરવાનું અને નવી ખરીદીમાં સાવચેતીનું વલણ અપનાવ્યું હતું. વધુમાં ટ્રેડરો અને રોકાણકારો અમેરિકા-ભારત વચ્ચેનાં વેપાર કરાર અંગેની વધુ સ્પષ્ટતાની રાહ જોઈ રહ્યા હોવાને કારણે ઓલરાઉન્ડ વેચવાલીનું દબાણ વધ્યું હોવાનું જિઓજીત ફાઈનાન્સિયલ સર્વિસીસનાં રિસર્ચ હેડ વિનોદ નાયરે જણાવતા ઉમેર્યું હતું કે તાજેતરનાં પ્રીમિયમ ધોરણના વૅલ્યુએશન્સ અને ટ્રેડ ડીલમાં થઈ રહેલા વિલંબને જોતા આગામી દિવસોમાં બજારમાં કોન્સોલિડેશન જોવા મળે તેવી શક્યતા છે. વધુમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારો પણ તેની પોઝીશનો હળવી કરી રહ્યા હોવાથી બજારમાં અમુક અંશે દબાણ જોવા મળી રહ્યું છે.

વધુમાં મહેતા ઈક્વિટીઝનાં રિસર્ચ વિભાગના વાઈસ પ્રેસિડૅન્ટ પ્રશાંત તાપ્સેએ જણાવ્યું હતું કે ભારત-પાક વચ્ચે શાંતિ સ્થપાવાની સાથે, અમેરિકા-ચીન વચ્ચે ટૅરિફ અંગેની સમજૂતી અને વિદેશી સંસ્થાકીય




રોકાણકારોની મજબૂત લેવાલીને ટેકે તેજીનું વલણ રહ્યા બાદ ગત સપ્તાહથી બજારમાં પુલબેક રેલી જોવા મળી રહી છે. આ રેલીનું મુખ્ય કારણ રોકાણકારો હજુ વૈશ્વિક સ્તરે આર્થિક અનિશ્ચિતતા જોઈ રહ્યા હોવાનું તેમણે ઉમેર્યું હતું. આજે બીએસઈ ખાતે કુલ ૪૧૦૪ શૅરોમાં કામકાજ થયા હતા, જેમાં ૧૪૩૫ શૅરના ભાવ વધીને, ૨૫૩૪ શૅરના ભાવ ઘટીને અને ૧૩૫ શૅરના ભાવ ટકેલા ધોરણે બંધ રહ્યા હતા. તેમ જ ૮૨ શૅરના ભાવ બાવન સપ્તાહની ટોચે અને ૨૯ શૅરના ભાવ બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા. તથા ૧૧ શૅરના ભાવમાં ઉપરની અને સાત શૅરના ભાવમાં નીચલી સર્કિટ લાગી હોવાનું સ્ટોક એક્સચેન્જની આંકડાકીય માહિતી પરથી જાણવા મળ્યું છે.

વધુમાં આજે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ હેઠળના ૩૦ શૅર પૈકી માત્ર ત્રણ શૅરના ભાવ વધીને બંધ રહ્યા હતા, જેમાં ટાટા સ્ટીલ, ઈન્ફોસિસ અને આઈટીસીમાં અનુક્રમે ૦.૭૩ ટકાનો, ૦.૦૮ ટકાનો અને ૦.૦૭ ટકાનો સુધારો આવ્યો હતો. આ સિવાય અન્ય તમામ શૅર ઘટીને બંધ રહ્યા હતા, જેમાં મુખ્યત્વે ઈટર્નલમાં ૪.૧૦ ટકાનો, મારુતિ સુઝુકીમાં ૨.૭૬ ટકાનો, મહિન્દ્રા ઍન્ડ મહિન્દ્રામાં ૨.૧૩ ટકાનો, અલ્ટ્રાટેક સિમેન્ટમાં ૨.૦૪ ટકાનો, પાવર ગ્રીડ કોર્પોરેશનમાં ૨.૦૧ ટકાનો અને નેસ્લેમાં ૧.૯૨ ટકાનો ઘટાડો આવ્યો હતો. આ સિવાય એચડીએફસી બૅન્કમાં ૧.૨૬ ટકાનો અને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝમાં ૧.૧૩ ટકાનો ઘટાડો નોંધાયો હતો. તેમ જ નિફ્ટી હેઠળના ૫૦ શૅર પૈકી માત્ર આઠ શૅરના ભાવ વધીને બંધ રહ્યાના અને ૪૨ શૅરના ભાવ ઘટીને બંધ રહ્યાના અહેવાલ હતા. આજે બીએસઈ ખાતેનાં મિડકેપ તથા સ્મોલકેપ ઈન્ડેક્સમાં અનુક્રમે ૧.૬૫ ટકાનો અને ૦.૯૬ ટકાનો ઘટાડો નોંધાયો હતો. તેમ જ બીએસઈ ખાતેના સેક્ટોરિયલ ઈન્ડેક્સમાં ઑટો ઈન્ડેક્સમાં ૨.૧૩ ટકાનો, કન્ઝ્યુમર ડિસ્ક્રેશનરી ઈન્ડેક્સમાં ૧.૮૧ ટકાનો, યુટિલિટી ઈન્ડેક્સમાં ૧.૬૪ ટકાનો, સર્વિસીસ ઈન્ડેક્સમાં ૧.૫૩ ટકાનો, ઈન્ડસ્ટ્રિયલ ઈન્ડેક્સમાં ૧.૩૬ ટકાનો અને ટેલિકોમ્યુનિકેશન ઈન્ડેક્સમાં ૧.૩૫ ટકાનો ઘટાડો આવ્યો હતો. એશિયન બજારોમાં આજે જાપાનનો નિક્કી ૨૫૦ ઈન્ડેક્સ, શાંઘાઈનો એસએસઈ કમ્પોઝિટ ઈન્ડેક્સ અને હૉંગકૉંગનો હૅન્ગસેન્ગ સુધારાના અન્ડરટોને બંધ રહ્યો હતો, જ્યારે દક્ષિણ કોરિયાનાં કોસ્પીમાં સાધારણ નરમાઈનું વલણ જોવા મળ્યું હતું. તેમ જ મધ્યસત્ર દરમિયાન યુરોપના બજારોમાં પણ સુધારો જોવા મળ્યો હતો.

વધુમાં આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૧૧ ટકા ઘટીને બેરલદીઠ ૬૫.૪૭ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ૧૯ પૈસા નબળો પડીને ૮૫.૬૧ના મથાળે રહ્યો હોવાના અહેવાલ હતા.

## વિદેશી ફંડોનો બાહ્ય પ્રવાહ બૉન્ડની યિલ્ડ મજબૂત થતાં રૂપિયો ૧૯ પૈસા તૂટ્યો

મુંબઈઃ આંતરરાષ્ટ્રીય વિનિમય બજારમાં અમેરિકાના ૧૦ વર્ષીય બૉન્ડની ઉપજમાં જોવા મળેલા બાઉન્સબૅક અને સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં નરમાઈ અને ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં વેચવાલી રહી હોવાના નિર્દેશો સાથે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં આજે ડૉલર સામે રૂપિયો ૧૯ પૈસા તૂટીને ૮૫.૬૧ના મથાળે બંધ રહ્યો હતો. જોકે, આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં તથા બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં નરમાઈનું વલણ રહ્યું હોવાથી રૂપિયામાં ધોવાણ મર્યાદિત રહ્યું હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું. આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૫.૪૨ના બંધ સામે સાધારણ નરમાઈના અન્ડરટોને ૮૫.૪૭ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૫.૬૫ અને ઉપરમાં ૮૫.૩૯ની રેન્જમાં અથડાઈને અંતે ૧૯ પૈસાના સુધારા સાથે ૮૫.૬૧ની સપાટીએ બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે ડૉલર સામે રૂપિયામાં ૧૫ પૈસાનો સુધારો આવ્યો હતો. તાજેતરમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં જોવા મળી રહેલી વેચવાલી અને સ્થાનિક બજારમાં નરમાઈનું વલણ રહેતું હોવાથી આગામી ટૂંકા સમયગાળા દરમિયાન રૂપિયામાં નરમાઈનું વલણ જોવા મળી શકે છે. તેમ છતાં અમુક અંશે ડૉલર ઈન્ડેક્સની નરમાઈ રૂપિયાને ટેકો આપી શકે છે તેમ જોતા રૂપિયાની રેન્જ ૮૫.૩૦થી ૮૫.૯૦ની રહે તેવી શક્યતા, એમ મિરે એસેટ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ વ્યક્ત કરી હતી. દરમિયાન આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૮૭૨.૯૮ પૉઈન્ટનો અને ૨૬૧.૫૫ પૉઈન્ટનો ઘટાડો આવ્યો હોવાથી તેમ જ ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૫૨૫.૯૫ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાથી રૂપિયો દબાણ હેઠળ રહ્યો હતો. તેમ છતાં આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૧૯ ટકા ઘટીને ૧૦૦.૨૩ આસપાસ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૧૪ ટકા ઘટીને બેરલદીઠ ૬૫.૪૫ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હોવાથી રૂપિયામાં ઘટાડો મર્યાદિત રહ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

## સોનામાં ₹ બાવીસનો અને ચાંદીમાં ₹ ૪૫નો સાધારણ સુધારો

મુંબઈઃ રશિયા અને યુક્રેન વચ્ચે શાંતિ સ્થપાવાના આશાવાદ સાથે આજે લંડન ખાતે સોનામાં સત્રના આરંભે સલામતી માટેની માગ નિરસ રહેતાં હાજર અને વાયદામાં તેમ જ ચાંદીના ભાવમાં ઘટાડાતરફી વલણ રહ્યા બાદ અમેરિકી ટૅરિફની સ્પષ્ટતાની રાહ વચ્ચે બન્ને કિંમતી ધાતુઓમાં ધીમો સુધારો આવ્યો હતો. આમ વૈશ્વિક બજારમાં બેતરફી વધઘટ અને સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં આજે ડૉલર સામે રૂપિયો ૧૯ પૈસા નબળો પડ્યો હોવાથી આયાત પડતરો વધી આવતા સત્રના અંતે સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. બાવીસનો અને ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૪૫નો સધારણ સુધારો નોંધાયો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં મધ્યસત્ર દરમિયાન ૯૯૯ ટચ ચાંદીમાં વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે કિલોદીઠ રૂ. ૮૦૧ના ઘટાડો આવ્યો હતો, પરંતુ સત્રના અંતે વિશ્વ બજાર પાછળો ઘટાડો ધોવાઈને અંતે સાધારણ કિલોદીઠ રૂ. ૪૫ના સુધારા સાથે ભાવ રૂ. ૯૫,૮૦૦ના મથાળે રહ્યા હતા. જોકે, જ્વેલરી ઉત્પાદકો અને ઔદ્યોગિક વપરાશકારોની લેવાલી છૂટીછવાઈ ખપપૂરતી રહી હતી. તે જ પ્રમાણે સોનામાં પણ મધ્યસત્ર દરમિયાન ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૭૨૪થી ૭૨૭નો ઘટાડો જોવા મળ્યા બાદ અંતે રૂ. બાવીસના સુધારા સાથે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ



સોનાના રૂ. ૯૩,૪૩૧ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૯૩,૮૦૭ના મથાળે રહ્યા હતા. જોકે, બેતરફી વધઘટમાં સ્ટોકિસ્ટો અને રોકાણકારો સહિત જ્વેલરી ઉત્પાદકો તથા રિટેલ સ્તરની માગ પાંખી રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

આજે લંડન ખાતે સત્રના આરંભે બન્ને કિંમતી ધાતુઓમાં સલામતી માટેની માગ નિરસ રહેતાં હાજરમાં સોનાના ભાવમાં ૦.૫ ટકાનો અને વાયદામાં ૦.૬ ટકાનો ઘટાડો આવ્યા બાદ અમેરિકી ટૅરિફની સ્પષ્ટતાની ચિંતા સપાટી પર આવતા હાજર અને વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૨ ટકા વધીને અનુક્રમે ૩૨૩૬.૯૪ ડૉલર અને ૩૨૩૯.૪૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ હાજરમાં ચાંદીના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૪ ટકા વધીને ઔંસદીઠ ૩૨.૪૮ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

મૂડીઝ દ્વારા અમેરિકાના ક્રેડિટ રેટિંગમાં કરવામાં આવેલા ઘટાડા પશ્ચાત્ આજે ડૉલર ઈન્ડેક્સમાં એક સપ્તાહની નીચી સપાટીએથી જોવા મળેલો ધીમો સુધારો તેમ જ રશિયા-યુક્રેન વચ્ચે શાંતિ સ્થપાવાનો આશાવાદ સપાટી પર આવતા સોનાના ભાવ દબાણ હેઠળ આવ્યા હતા. જોકે, ત્યાર બાદ ટૅરિફની સ્પષ્ટતની ચિંતા સપાટી પર આવતા ભાવમાં પુનઃ ઘટ્યા મથાળેથી સુધારો જોવા મળ્યો હોવાનું એક વિશ્લેષકે જણાવતાં ઉમેર્યું હતું કે હાલના તબક્કે જો સોનાના ભાવ ઔંસદીઠ ૩૨૦૦ ડૉલરની અંદર ઊતરે તો લેવાલી નીકળી શકે છે. તેમ છતાં અમારું માનવું છે કે જો રાજકીય-ભૌગોલિક તણાવમાં ઘટાડો થાય અને જોખમી પરિબળો ઓછા થાય તો સોનાના ભાવ વધુ દબાણ હેઠળ આવી શકે છે. સામાન્યપણે રાજકીય-ભૌગોલિક અને આર્થિક અનિશ્ચિતતાના સંજોગોમાં સોનામાં રોકાણકારોની સલામતી માટેની માગ રહેતી હોય છે અને આવા કારણોસર જ આ વર્ષમાં અત્યાર સુધીમાં સોનાના ભાવમાં બાવીસ ટકા જેટલો ઉછાળો આવી ગયો છે.

અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે ગત શુક્રવારે રેટિંગ એજન્સી મૂડીઝે અમેરિકાના દેવા અને વ્યાજમાં થયેલા વધારાને ધ્યાનમાં લેતાં ક્રેડિટ રેટિંગ જે ટ્રીપલ એ હતું તે ઘટાડીને ડબલ એ કર્યું હતું. તેમ જ ફેડરલ રિઝર્વ પણ બજારમાં સ્થિરતાના અભાવ અથવા તો આર્થિક અનિશ્ચિતતાને ધ્યાનમાં લેતા સાવચેતીનું વલણ અપનાવે છે. હાલમાં રોકાણકારોની નજર આજના મોડી સાંજના એક કરતાં વધુ ફેડરલના અધિકારીઓના વક્તવ્ય પર સ્થિર થઈ છે. જોકે, બજાર વર્તુળોનું માનવું છે કે ફેડરલ રિઝર્વ આગામી ઑક્ટોબરથી ડિસેમ્બર દરમિયાન વ્યાજદરમાં ૫૪ બેસિસ પૉઈન્ટ સુધીનો ઘટાડો કરશે.

## આયાતી તેલમાં મિશ્ર વલણ, સિંગતેલમાં ₹ ૨૦નો ઉછાળો

### ૧થી ૨૦ મે દરમિયાન મલયેશિયાની પામતેલની નિકાસમાં ૫.૨૫ ટકાનો વધારો



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શિકાગો ખાતે ગઈકાલે સોયાતેલના વાયદામાં ૫૧ સેન્ટનો અને મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે આજે ૨૮ રિંગિટનો સુધારો આવ્યો હોવાના અહેવાલ છતાં સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં હાજર, ડાયરેક્ટ ડિલિવરી તેમ જ સેલ રિસેલ ધોરણે કામકાજો પાંખાં રહેતાં આયાતી તેલમાં મિશ્ર વલણ રહ્યું હતું, જેમાં ૧૦ કિલોદીઠ આરબીડી પામોલિનમાં રૂ. પાંચનો ઘટાડો, સોયા રિફાઈન્ડમાં રૂ. પાંચનો સુધારો અને સન રિફાઈન્ડમાં ટકેલું વલણ રહ્યું હતું. જોકે, આજે દેશી તેલોમાં માગને ટેકે ભાવમાં સુધારાતરફી વલણ રહેતાં ૧૦ કિલોદીઠ સિંગતેલમાં રૂ. ૨૦, સરસવમાં રૂ. ૧૫ અને કપાસિયા રિફાઈન્ડમાં રૂ. ૧૦ વધી આવ્યા હતા. દરમિયાન આજે કાર્ગો સર્વેયર ઈન્ટરટેક સર્વિસીસ દ્વારા જાહેર કરવામાં આવેલી પ્રાથમિક આંકડાકીય માહિતી અનુસાર ગત તા. ૧તી ૨૦ મે દરમિયાન મલયેશિયાની પામતેલની નિકાસ આગલા એપ્રિલ મહિનાના સમાનગાળાના ૭,૦૪,૫૬૮ ટન સામે ૫.૨૫ ટકા વધીને ૭,૪૧,૫૬૦ ટનની સપાટીએ રહી હોવાનું જણાવ્યું હતું.

સ્થાનિકમાં આજે ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ ગોકુલ એગ્રો, ગોલ્ડન એગ્રી, રૂચી અને રિલાયન્સ રિટેલનાં આરબીડી પામોલિનના ભાવ અનુક્રમે રૂ. ૧૧૯૦, રૂ. ૧૨૧૦થી ૧૨૨૦, રૂ. ૧૨૨૦ અને રૂ. ૧૨૨૬ ક્વૉટ થઈ રહ્યા હતા. આ સિવાય એડબ્લ્યુએલના આરબીડી પામોલિન, સોયા રિફાઈન્ડ અને સન રિફાઈન્ડના અનુક્રમે રૂ. ૧૧૯૦, રૂ. ૧૨૫૦ અને રૂ. ૧૩૭૫, જી-વનના આરબીડી પામોલિન અને સોયા રિફાઈન્ડના અનુક્રમે રૂ. ૧૨૧૧ અને રૂ. ૧૨૨૧ તથા ઈમામીના આરબીડી પામોલિન અને સોયા રિફાઈન્ડના અનુક્રમે રૂ. ૧૨૧૫ અને રૂ. ૧૨૫૦ ક્વૉટ થઈ રહ્યા હતા.

આજે હાજરમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૨૨૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૭૫, સન રિફાઈન્ડના રૂ. ૧૩૮૫, સિંગતેલના રૂ.૧૪૧૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૨૯૦ અને સરસવના રૂ. ૧૩૯૫ના મથાળે રહ્યા હતા, જ્યારે ગુજરાતનાં મથકો પર સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૦ કિલોદીઠ રૂ. ૨૧૬૫માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૩૫૦માં ટકેલા ધોરણે થયા હતા.

વધુમાં આજે ગુજરાતમાં ગોંડલ મથકે ૧૩,૫૦૦ ગૂણી મગફળીની આવક સામે મંડીમાં વેપાર મણદીઠ રૂ. ૧૦૦૦થી ૧૦૮૦માં થયા હતા, જ્યારે રાજકોટ ખાતે ગઈકાલની શેષ ૭૫૦૦ ગૂણીના વેપાર મણદીઠ રૂ. ૧૦૦૦થી ૧૦૮૫માં થયા હતા. તેમ જ જયપુરની મંડીમાં સરસવના વેપાર ક્વિન્ટલે રૂ. ૬૫૨૫થી ૬૫૫૦માં થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

## નાકા ડિલિવરી ધોરણે ખાંડમાં ₹ ૧૦ની પીછેહઠ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્મોલ ગ્રેડની ખાંડમાં સ્થાનિક તેમ જ દેશાવરોની માગ જળવાઈ રહી હોવા છતાં ટેન્ડરોમાં વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ના ઘટાડા સાથે રૂ. ૩૭૭૦થી ૩૮૨૦માં થયાના અહેવાલ હતા. જાકે, આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી તેમ જ રિટેલ સ્તરની માગને ટેકે હાજર ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું, જ્યારે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની માગ જળવાઈ રહી હોવા છતાં મથકો પાછળ ભાવમાં ક્વિન્ટલે રૂ. ૧૦નો ઘટાડો જોવ મળ્યો હતો. આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની માગને ટેકે આવક સામે ઉપાડ જળવાઈ રહ્યો હતો, જેમાં હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૩૨થી ૩૯૮૨માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૪૦૦૨થી ૪૦૭૨માં ટકેલા ધોરણે થયા હતા. જોકે, આજે નાકા ડિલિવરી ધોરણે સ્થાનિક ડીલરો અને ઔદ્યોગિક વપરાશકારોની માગ જળવાઈ રહી હોવા છતાં મથકો પાછળ ભાવમાં ક્વિન્ટલે રૂ. ૧૦નો ઘટાડો આવ્યો હતો, જેમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૪૦થી ૩૮૮૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૦૦થી ૩૯૬૦માં થયા હોવાનું સૂત્રોએ ઉમેર્યું હતું.



## નિકલ તથા કોપર અને બ્રાસની અમુક વેરાઈટીઓમાં નરમાઈ



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ લંડન મેટલ એક્સચેન્જ ખાતે આજે કોપર સહિતની ચોક્કસ ધાતુઓમાં નરમાઈનું વલણ રહ્યું હોવાના નિર્દેશોને ધ્યાનમાં લેતા સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ પાંખાં કામકાજો વચ્ચે ખાસ કરીને નિકલ, બ્રાસ શીટ કટિંગ્સ અને કોપરની ચોક્કસ વેરાઈટીઓમાં સ્ટોકિસ્ટોની વેચવાલી અને નિરસ માગે ભાવમાં કિલોદીઠ રૂ. એકથી ૨૦નો ઘટાડો આવ્યો હતો, જ્યારે માત્ર ટીનમાં સ્ટોકિસ્ટોની લેવાલીને ટેકે ભાવ કિલોદીઠ રૂ. નવ અને વપરાશકાર ઉદ્યોગની લેવાલીને ટેકે ઝિન્ક સ્લેબમાં કિલોદીઠ રૂ. બેનો સુધારો આવ્યો હતો તથા અન્ય ધાતુઓમાં ટકેલું વલણ રહ્યું હતું.

આજે ચીને આર્થિક વૃદ્ધિને ટેકો આપવા માટે વ્યાજદરમાં કાપ મૂક્યો હોવાના અહેવાલો હતા. તેમ છતાં લંડન ખાતે સત્રના આરંભે કોપરનાં એક મહિને ડિલિવરી શરતે ભાવ ગઈકાલના બંધ સામે ૦.૬ ટકા ઘટીને ટનદીઠ ૯૪૬૯.૦૫ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ અન્ય ધાતુઓમાં પણ નરમાઈનું વલણ રહ્યું હતું. આમ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે સ્થાનિકમાં મુખ્યત્વે નિકલ અને બ્રાસ શીટ કટિંગ્સમાં સ્ટોકિસ્ટોની વેચવાલીના દબાણ સામે સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહેતાં ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૨૦ ઘટીને રૂ. ૧૩૪૩ અને રૂ. પાંચ ઘટીને રૂ. ૫૮૦ના મથાળે રહ્યા હતા. આ સિવાય વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગ નિરસ રહેતાં કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ ઘટીને રૂ. ૮૭૯ અને કોપર કેબલ સ્ક્રેપ તથા કોપર સ્ક્રેપ હેવીના ભાવ કિલોદીઠ રૂ. એક ઘટીને અનુક્રમે રૂ. ૮૩૭ અને રૂ. ૮૨૪ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે માત્ર ટીનમાં સ્ટોકિસ્ટોની લેવાલીને ટેકે ભાવ કિલોદીઠ રૂ. નવ વધીને રૂ. ૨૮૮૨ અને ઝિન્ક સ્લેબમાં ઍલૉય ઉદ્યોગની માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. બે વધીને રૂ. ૨૬૦ના મથાળે રહ્યા હતા. આ સિવાય કોપર અને બ્રાસની અન્ય વેરાઈટીઓ, એલ્યુમિનિયમ અને લીડ ઈન્ગોટ્સમાં છૂટીછવાઈ ખપપૂરતી માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હોવાનું બજારનાં સાધનોએ જણાવ્યું હતું.

# ચોમાસાના કાઉન્ટડાઉન વચ્ચે ભેજનું પ્રમાણ વધતાં કચ્છમાં ગરમીની અનુભૂતિ બેવડાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: એક તરફ અરબી સમુદ્રમાં ઊભી થઇ રહેલી મૌસમી પ્રણાલીને પગલે ગુજરાત પર વાવાઝોડાની આશંકા વ્યક્ત કરાઈ રહી છે ત્યારે બીજી તરફ રણપ્રદેશ કચ્છમાં વૈશાખ મહિનાના પ્રખર તાપે જનજીવનને બાનમાં લઇ લીધું છે. ભુજ શહેરમાં ૩૯ ડિગ્રી સેલ્સિયસ જેટલું મહત્તમ તાપમાન નોંધાયું હતું. વાતાવરણમાં ભેજનું પ્રમાણ વધવાની સાથે પવનો મંદ પડી જતાં ગરમીની અનુભૂતિ ૪૪-૪૫ ડિગ્રી સે.જેટલી થવા પામી રહી છે. જે વિશ્વના ગરમ પ્રદેશોની સમકક્ષ છે.

ભારે ગરમીના પગલે ઉનાળુ વેકેશનમાં પણ ભૂલકાંઓને ઘરમાં જ પુરાઈ રહેવું પડી રહ્યું છે. હજુ વૈશાખ મહિનાને થોડો સમય બાકી હોઈ, આ જીવલેણ બફારા સાથેની ગરમી ક્યાં જઈને અટકશે તે વાત ટોક ઓફ ધી ટાઉન બનવા પામી છે. જો વાવાઝોડાની આગાહી પ્રમાણે વેગીલા વાયરાઓ સાથે વરસાદ થાય તો જ જનજીવનને ગરમીમાંથી રાહત મળવાની સંભાવના ઊભી થશે બાકી આ ગરમી લોકોને હજુ તોબા પોકારાવશે એ વાત નક્કી છે. ■



રાજકોટમાં પોલીસ પર પથ્થરમારો તેમ જ પોલીસ વાહનમાં તોડફોડ કરનાર ૨૦ આરોપીઓની ધરપકડ કરાઈ હતી... (તસવીર–પ્રવિણ સેદાણી, રાજકોટ)

# ભાવનગરમાં પૂર્વ નગરસેવિકાના પુત્ર ઉપર નજીવી બાબતે ચાર શખ્સનો જીવલેણ હુમલો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: શહેરની જોગીવાડાની ટાંકી, લીમડી વાળી સડક પર નાસ્તો લેવા માટે ગયેલા પૂર્વ નગરસેવિકાના પુત્ર ઉપર ચાર શખ્સે નજીવી બાબતે છરી અને લોખંડના પાઇપ વડે જીવલેણ હુમલો કરતા ઇજાગ્રસ્ત યુવાનને ગંભીર હાલતે સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવેલ છે. આ બનાવની જાણ થતાં પોલીસ કાફલો બનાવ સ્થળે તેમજ હોસ્પિટલ દોડી ગયો હતો. ઘટનાના પગલે હોસ્પિટલ ખાતે પણ લોકોનાં ટોળાં ઉમટી પડ્યાં હતાં.

ભાવનગરના કરચલીયાપરા, રાણીકા પોલીસ ચોકી સામે આવેલ દાતિયાવાળી શેરીમાં રહેતા અને ગંગાજળિયા તળાવ ઉપર પાર્કિંગનો કોન્ટ્રાક્ટ ધરાવતા પૂર્વ નગરસેવિકા ગીતાબેન મેરનો પુત્ર કુમાર ઉર્ફે ભૂરો તેમજ કુલદીપ સોલંકી ગઈકાલે રાત્રિના ૧૧ વાગ્યા આસપાસ જોગીવાડની ટાંકી, લીમડી વાળી સડક પર નાસ્તો લેવા માટે ગયા હતા ત્યારે નાસ્તાની લારી પર અનીશ મેમણ આવ્યો હતો અને નાસ્તાનો ઓર્ડર આપી પહેલા નાસ્તો આપવાનું કહેતા કુમારભાઈએ કહેલ કે 'મેં ઓર્ડર આપ્યો છે તે ઓર્ડર પૂરો કરી તમને નાસ્તો આપશે', એમ કહેતા અનીશ ઉશ્કેરાઈ ગયો હતો અને કુમારભાઈ સાથે ઝઘડો કરવા લાગ્યો હતો, દરમિયાન આદિલ બાદશાહ, તેનો ભાઈ મોહમ્મદ કૈફ હાથમાં છરી સાથે દોડી આવ્યા હતા અને કુમારભાઈ ઉપર છરીના આડેધડ ઘા ઝીંકવા લાગ્યા હતા આ ઉપરાંત અનીશ પણ ક્યાંકથી છરી લઈ આવ્યો હતો અને હુમલો કર્યો હતો. દરમિયાન અન્ય એક અજાણ્યો શખ્સપણ લોખંડનો પાઇપ લઈને દોડી આવ્યો હતો અને કુમારભાઈ ઉપર આડેધડ હુમલો કર્યો હતો. આ બનાવની જાણ થતા પોલીસની પીસીઆર વેન પણ બનાવ સ્થલે દોડી ગઈ હતી અને ઇજાગ્રસ્ત કુમારને પોલીસની ગાડીમાં જ સુવડાવી તાત્કાલિક હોસ્પિટલ ખસેડ્યો હતો. આ ઘટનાના પગલે ગંગાજળિયા પોલીસ મથકના પી.આઈ સહિતનો પોલીસ કાફલો બનાવ સ્થળે દોડી ગયો હતો અને તપાસ હાથ ધરી હતી.

મારામારીની આ ઘટના અંગે ગીતાબેન મેરે હુમલો કરનાર આદિલ બાદશાહ, મોહમ્મદ કૈફ, અનીશ મેમણ અને એક અજાણ્યા શખ્સ વિરુદ્ધ ગંગાજળિયા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આરોપીઓને ઝડપી લેવા અલગ અલગ ટીમ બનાવી તપાસ હાથ ધરી છે. ■

# તળાજા અલંગ મરીન અને દાઠા પોલીસનું 'ઓપરેશન બેદરકારી' શરૂ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: લોકોના જાન માલ સાથે રાષ્ટ્રની સુરક્ષા માટે તળાજા, અલંગ, અલંગ મરીન અને દાઠા પોલીસે છેલ્લા બે દિવસથી 'ઓપરેશન બેદરકારી' શરૂ કર્યું છે.જેમાં મકાન માલિકો દ્વારા ચોક્કસ આધાર પુરાવાઓ મેળવ્યા વગર જ ઉપરાંત પોલીસ ને જાણ કર્યા વગર મકાન ભાડે આપી દેવામાં આવેલ હોય તેવા મકાન માલિકોની બેદરકારી સામે લાલ આંખ કરી ને ફરિયાદ નોંધવામાં આવી છે.જેમા તળાજા પોલીસે સઘન કામગીરી કરીને એકજ દિવસમાં નવ સામે ગુન્હા નોંધ્યા છે. ચારેય પોલીસ મથક મળી ને કૂલ ૧૭ મકાન માલિકો વિરુદ્ધ કાર્યવાહી કરી છે.

પોલીસે જણાવ્યું હતુ કે આ કાર્યવાહી દરમિયાન પોલીસના ધ્યાને સ્વામિનારાયણ મંદિર નજીક પશ્ચિમ બંગાળી અને બગીચા સામે રેસ્ટોરન્ટ પાછળ નેપાળી વ્યક્તિઓને પોલીસને જાણ કર્યા વગર જ પનાહ આપવામાં આવી છે. ■



રાજકોટ મનપામાં વિરોધ પક્ષના નેતા વશરામ સાગઠિયા ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડ મુદ્દે મેયરને રજૂઆત કરી હતી. તેમણે લેખિતમાં પોતાની રજૂઆત રજૂ કરતા જણાવ્યું કે, ઘટનાને એક વર્ષ વીતી ગયું હોવા છતાં હજુ સુધી જવાબદાર પદાધિકારીઓ સામે કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવી નથી. (તસવીર–પ્રવિણ સેદાણી, રાજકોટ)

# ભાવનગરમાં મિત્રે કરેલ પ્રેમલગ્નમાં સાક્ષી બનનાર યુવાનનું અપહરણ કરી ધોકા વડે કરાયો હુમલો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: શહેરમાં રહેતા યુવાને તેના મિત્ર એ કરેલ પ્રેમ લગ્નમાં સાક્ષી તરીકે રહ્યાની દાઝ રાખી યુવતીના પિતા તેમ જ ૭ અજાણ્યા શખ્સોએ યુવાનનું તેની ઓફિસ પાસેથી અપહરણ કરી ખાર વિસ્તારમાં લઈ જઈ લાકડાના ધોકા વડે માર મારી કરદેજ પાસે છોડી દીધો હતો.

આ બનાવ અંગે પ્રાપ્ત વિગત અનુસાર ભાવનગરના ફુલસર ગામ, પ્રધાનમંત્રી આવાસ યોજના, બી./૨૦૬ માં રહેતા અને ચિત્રા જીઆઇડીસીમાં વેલ્ડર તરીકે નોકરી કરતા યુવાન મીખીલભાઈ ઘનશ્યામભાઈ સુરજીવાળાના મિત્ર સમીરભાઈ જેન્તીભાઈ મકવાણા ( રહે. ચિત્રા એસટી વર્કશોપ, શહીદ ભગતસિંહનગર) એ ગત તા.૮/૪/૨૦૨૫ ના રોજ ભાવનગર કોર્ટમાં વિપુલભાઈ નારણભાઈ મકવાણા ( રહે. હાદાનગર)ની દીકરી દેવલ સાથે પ્રેમ લગ્ન કર્યા હતા.જેમાં તેઓ સાક્ષી તરીકે હાજર રહ્યા હતા. આ બાબતની દાઝ રાખી તા.૧૮/૫ ના સાંજના સમયે મિખિલભાઇ જીઆઇડીસીમાં આવેલ તેમની ઓફિસેથી નીકળી ઘર તરફ જતા હતા ત્યારે તેમની ઓફિસ પાસે બાઈક ઉપર આવેલા વિપુલ નારણભાઈ મકવાણા અને એક અજાણ્યા શખ્સે તેમને ઊભા રાખી તેમને પોતાની બાઈક પર બેસાડી માર મારતાં મારતાં ખાર વિસ્તારમાં લઈ ગયા હતા, તેમની મોટરસાઈકલ પાછળ અન્ય બાઈકમાં અજાણ્યા ઈસમો પણ તેમની પાછળ આવ્યા હતા અને બળજબરીપૂર્વક યુવાનના કપડા કઢાવી વીડિયો ઉતાર્યો હતો અને ધોકા વડે માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ત્યાર બાદ ફોન કરીને કાર બોલાવી હતી અને આ કારમાં મીખિલભાઇને બેસાડીને કરદેજ લઈ ગયા હતા અને પેટ્રોલ પંપ પાસે તેમને ઉતારી દીધો હતો. થોડીવારમાં એક અજાણ્યો માણસ તેમની બાઈક પણ પરત આપી ગયો હતો. મારામારી દરમિયાન તેમના પાકીટમાં રાખેલા રૂ. ૮૦૦/- પણ ક્યાંક પડી ગયા હતા.

આ બનાવ અંગે મીખીલભાઈ ઘનશ્યામભાઈ સુરજીવાળાએ વિપુલભાઈ નારણભાઈ મકવાણા અને સાત અજાણ્યા શખ્સ વિરુદ્ધ બોરતળાવ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. ■

# રાજકોટમાં પાંચ વર્ષમાં ૨,૧૦૦થી વધુ છૂટાછેડાના કેસ નોંધાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજકોટમાં છેલ્લાં પાંચ વર્ષથી છૂટાછેડાના કેસમાં ઉતરોતર સતત વધારો જોવા મળી રહ્યો છે. છેલ્લા ૫ વર્ષની વાત કરીએ તો કુલ ૨,૧૦૨ છૂટાછેડા કેસ નોંધાયા છે અને તેમાં પણ વર્ષ ૨૦૨૩ની તુલનામાં વર્ષ ૨૦૨૪માં આશ્ચર્યજનક ત્રણ ગણો વધારો નોંધાયો છે. રાજકોટ જિલ્લામાં વર્ષ ૨૦૨૦માં ૨૫૩ કેસ, વર્ષ ૨૦૨૧માં ૨૯૦ કેસ, વર્ષ ૨૦૨૨માં ૩૩૪ કેસ, વર્ષ ૨૦૨૩માં ૩૧૪ કેસ અને વર્ષ ૨૦૨૪માં ૯૦૭ કેસ નોંધાયા છે.

રાજકોટ બાર એસોસિએશનના પૂર્વ સેક્રેટરી અને સિનિયર એડવોકેટ દિલીપ જોશીએ જણાવ્યું હતું કે, આજે સમાજમાં ચિંતાજનક રીતે છૂટાછેડાના કેસ વધી રહ્યા છે. સ્ત્રી તરફેના એક તરફી કાયદાનો દૂર ઉપયોગ થતો હોય તેમ પાછલાં વર્ષે તો કુલ ૯૦૭ કેસ છૂટાછેડાના નોંધાયા હતા જેની સામે ચાલુ વર્ષે ૧૫ મે સુધીમાં ૧૦૦૦ જેટલા કેસ રાજકોટ ફેમિલી કોર્ટમાં પેન્ડિંગ છે. ભરણપોષણની સાથે સાથે છૂટાછેડાના કેસ પણ છેલ્લા ૫ વર્ષથી વધી રહ્યા છે. આ બધા પાછળ મુખ્યત્વે દામ્પત્ય જીવનમાં પતિ-પત્ની વચ્ચે સમજણનો અભાવ, સહનશક્તિનો અભાવ, મોબાઈલ અને સોશિયલ મીડિયાનો વધુ પડતો વપરાશ અને નાની નાની વાતમાં માતા-પિતાનું ઇન્ટરફિયર છૂટાછેડાનું કારણ બની રહ્યું છે. ■

# ટીઆરપી ગેમ ઝોન અગ્નિકાંડને એક વર્ષ પૂર્ણ, પીડિતોને ન્યાય નહિ મળ્યાના વિરોધ સાથે કૉંગ્રેસનું હલ્લાબોલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ૨૫ મે, ૨૦૨૪ને શનિવારની ઢળતી સાંજે રાજકોટના કાલાવાડ રોડ પર આવેલા ટીઆરપી ગેમઝોનમાં ભીષણ આગ લાગી હતી. આ આગમાં ૨૭ લોકો જીવતા ભૂંજાઈ ગયા હતા. આ ગેમઝોન પાસે ફાયર એનઓસી જ નહોતું. હાઇ કોર્ટની ઝાટકણી બાદ રાજ્ય સરકારે ગાઇડલાઇન તો જાહેર કરી, પણ હજુ સુધી સ્વજન ગુમાવનારા પરિવારોને ન્યાય મળ્યો નથી. આ ઘટનાની પ્રથમ વરસી નજીક આવતાં પીડિતોને ન્યાય અપાવવા માટે કૉંગ્રેસે ફરી એકવાર આંદોલનનું શસ્ત્ર ઉગામ્યું છે, જેમાં આગામી પાંચ દિવસ સુધી કૉંગ્રેસ દ્વારા વિવિધ કાર્યક્રમો યોજવામાં આવશે, જેની શરૂઆત ૨૦ મે, ૨૦૨૫થી કરવામાં આવી છે.

શહેર કૉંગ્રેસ સમિતિ દ્વારા ત્રિકોણબાગ ખાતે ભાજપ હાય હાય સહિતના નારા સાથે ઉગ્ર વિરોધપ્રદર્શન કરવામાં આવ્યું હતું. ત્રિકોણબાગથી મનપા કચેરી સુધીની રેલી શરૂ કરતાંની સાથે જ પોલીસ દ્વારા કૉંગ્રેસના તમામ કાર્યકર્તાની અટકાયત કરી લેવામાં આવી હતી. કૉંગ્રેસ દ્વારા મ્યુ. કમિશનરનો ઘેરાવ કરવાનું આયોજન કરાયું હતું, જેને પગલે સાવચેતીના ભાગરૂપે મનપા કચેરીએ પોલીસ-બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો. ■

(તસવીર–પ્રવિણ સેદાણી, રાજકોટ)




# કાલાવડમાં ભાજપના કોર્પોરેટર પર જીવલેણ હુમલો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: કાલાવડમાં ભાજપના કોર્પોરેટર સદ્દામભાઈ બારાડી (ઉ.વ.૩૩) પર તેમના બનેવી જુનેદ રાવે છરીથી હુમલો કર્યો હતો. સદ્દામભાઈને ગંભીર ઈજાઓ થતાં રાજકોટની સરકારી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. આ ઘટના પાછળનું કારણ કૌટુંબિક વિવાદ છે. જુનેદે સદ્દામભાઈની બહેન સાથે પ્રેમલગ્ન કર્યા હતાં. લગ્ન બાદ જુનેદે તેની પત્ની સાથે મારપીટ અને ત્રાસ શરૂ કર્યો હતો. આથી પરિણીતા પિયર આવી ગઇ હતી અને કાલાવડ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. આ ફરિયાદનું મનદુઃખ રાખીને જુનેદે પોતાના સાળા સદ્દામભાઈ પર હુમલો કર્યો હતો. ઘટના બાદ ભાગી છૂટેલા જુનેદને કાલાવડ પોલીસે ઝડપી પાડ્યો છે. પોલીસે તેની પાસેથી હુમલામાં વપરાયેલી છરી પણ કબજે કરી છે. આરોપી સામે જાનથી મારી નાખવાની ધમકી આપવા સહિતના ગુના નોંધાયા છે. ■

# અંજાર નજીકથી ૧૮ લાખની કિંમતનો શરાબ-બિયરનો જથ્થો ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: પશ્ચિમ બંગાળના કોલકાતાથી ટાયર નિર્માણમાં વપરાતાં રબરનો પાઉડર ભરેલી ૪૮૦ બોરીઓ લઈને કચ્છના પધ્ધર ગામ ખાતે આવેલા બી.કે.ટી. કંપનીની ફેક્ટરીમાં આવી રહેલી ટ્રકને અંજાર પાસે આંતરીને સ્થાનિક ગુન્હાશોધક શાખાએ ૧૮ લાખના મૂલ્યનો શરાબ અને આલ્કોહોલ મિશ્રિત બિયરનો જથ્થો પકડી પાડ્યો હતો.



(તસવીર–ઉત્સવ વૈદ્ય, ભુજ)

આ કાર્યવાહી અંગે એલસીબીના પી.આઈ એન.એન ચુડાસમાએ માહિતી આપતાં જણાવ્યું હતું કે, નાઈટ પેટ્રોલિંગ કરી રહેલી તેમની ટુકડીને વરસામેડી ગામ ખાતે એક સરકારી પડતર જમીન પર આઈસર ટ્રકમાંથી શરાબના માલનું કટિંગ થઈ રહ્યું હોવા અંગે બાતમી મળી હતી. આ બાતમીના પગલે પોલીસે સ્થળ પર દરોડો પાડ્યો હતો. જો કે, રાતના અંધારામાં પોલીસ વાહનોની લાઈટો જોઈને સ્થળ પર હાજર એવા પૂર્વ કચ્છના લિસ્ટેડ બુટલેગર કાના બઢીયા સહિત ત્રણ આરોપીઓ નાસી છૂટ્યાં હતાં, જ્યારે બે સ્થળ પરથી ઝડપાઈ ગયાં હતાં.

રાજસ્થાન પાસિંગની આઇસર ટ્રકની તલાશી લેવાતાં કલકાતાથી ૪૩ લાખની કિંમતના ટાયર નિર્માણના રબરના પાઉડરની લાદેલી ૪૮૦ જેટલી બોરીઓ નીચે યુક્તિપૂર્વક છુપાવવામાં આવેલી ૧૩.૯૬ લાખની વોડકા-જીનની ૯૭ પેટીમાંથી ૧૮૦ એમએલની ૪૬૫૬ બાટલીઓ મળી આવી હતી. એ જ રીતે, ૪.૧૧ લાખના મૂલ્યના બિયરની ૭૮ પેટીમાંથી ૧૮૭૨ નંગ બિયર ટીન મળી આવ્યા હતા.

પોલીસે અટકમાં લીધેલા ટ્રકના ક્લિનર તિલોકચંદ ભાંબુ (રહે. જોધપુર, રાજસ્થાન) અને ઉત્કર્ષ દીપક પાંડેએ જણાવ્યું હતું કે, આ શરાબનો જથ્થો જોધપુરના સુનિલ બિશ્નોઈ નામના બુટલેગરે ભરી આપ્યો હતો. વરસામેડીમાં રહેતા મુત્તુ સ્વામીએ તેને ફોન કરીને કાનાનો માલ આવવાનો છે તેમ જણાવ્યું હતું.

એલસીબીએ શરાબ અને બિયરના જથ્થા ઉપરાંત ૪૩ લાખના રબર પાઉડરની બોરીઓ, ૧૦ લાખની આઇસર ટ્રક, ૪૦ હજારની મોટરસાઈકલ, બે સ્માર્ટ ફોન, ટ્રકમાંથી મળેલા ડ્રાઈવરના લાઈસન્સ, આર.સી બૂક સહિતના દસ્તાવેજો મળી કુલ ૭૧ લાખ ૮૪ હજાર ૭૪૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

પોલીસને જોઈને નાસી છૂટેલા કાનો બઢીયા, ટ્રકનો ડ્રાઈવર મુકેશ બિશ્નોઈ અને મજૂર મુત્તુ સ્વામી, ઉપરાંત ઝડપાયેલાં બંને યુવકો, ટ્રકમાં માલ ભરી આપનાર રાજસ્થાની બુટલેગર સુનિલ બિશ્નોઈ મળી કુલ છ આરોપીઓ વિરુદ્ધ અંજાર પોલીસ મથકે નશાબંધીની વિવિધ ધારાઓ તળે ફરિયાદ નોંધાવી છે. ■

# શૅરબજારમાં નફાના નામે ગળપાદરની શિક્ષિકા સાથે ૧૮.૭૪ લાખની ઠગાઈ

ભુજ: આજની ડિજિટલ ક્રાંતિમાં ઓનલાઇન ઠગાઈના કેસ વધ્યા છે. ખાસ કરીને ભારતીય શૅરબજારમાં ઓપશન ટ્રેડિંગ, બલ્ક ટ્રેડિંગ, ઇન્ટ્રા ડે ટ્રેડિંગ પ્રત્યે લોકોમાં રુચિ વધવાની સાથે ટીપ આપીને વધુ નફો કમાવી આપવાના નામે બની બેઠેલા ટ્રેડિંગ ગુરુઓ કમ ઓનલાઇન ચીટરોનો વ્યાપ પણ સતત વધી રહ્યો છે.તેવામાં સરહદી કચ્છના ગાંધીધામ તાલુકાના ગળપાદરનાં શિક્ષિકા સાથે શેરબજારમાં નફો કમાવી આપવાના નામે સાયબર ક્રિમિનલોએ રૂ.૧૮.૭૪ લાખની છેતરપિંડી આચરી હતી જ્યારે ગાંધીધામના એક યુવાન સાથે પણ શેરબજારમાં વધુ વળતરના લોભ તળે રૂ. ૯.૬૬ લાખની ઠગાઈ કરવામાં આવી હતી. ગળપાદરમાં હોમ ટ્યૂશન ક્લાસિસમાં શિક્ષિકા તરીકે ફરજ બજાવતા વિજયલક્ષ્મી દીપક સિંઘે અજાણ્યા મોબાઈલ નંબરધારક અનન્યા ગુપ્તા અને શ્રીનીવિશ્વનાથન વિરુદ્ધ સાયબર પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ ગત તા.૨૮-૧-૨૫થી ૨૮-૪-૨૫ સુધીના અરસામાં આ છેતરપિંડીનો બનાવ બન્યો હતો. અનન્યા નામની યુવતીએ ફરિયાદીને એક વોટ્સએપ ગ્રૂપમાં સામેલ કર્યા હતા, જેમાં શૅરમાર્કેટમાં થતા નફા અંગે લોભામણા સંદેશ અને ટીપ્સ આવ્યા કરતી હતી. જાહેરાતને રિસ્પોન્સ આપતાં તેમનું પ્રીમિયમ ખાતું ખોલાવી લીન્ક મોકલીને વેબસાઈટ ઉપર એકાઉન્ટ ખોલાવ્યું હતું. શૅરબજાર બંધ થયા બાદ કેટલીક કંપનીઓ દ્વારા તેના આઈ.પી.ઓ. ઓછા ભાવે વેચે છે. જે બુક કરેલા ભાવથી શૅર તથા આઈ.પી.ઓ. ખરીદી કરવાથી ૬૦થી ૧૦૦ ટકા જેટલો નફો થતો હોવાની 'ટીપ' શિક્ષિકાને આપી હતી. ફરિયાદીએ સોના-ચાંદીના ઘરેણાં ઉપર ગોલ્ડ લોન લઈને જુદા-જુદા ૧૨ જેટલા વ્યવહાર કરી, ૧૮,૭૪,૮૦૪ રૂપિયાનું રોકાણ કર્યું હતું. આગળ જતાં રોકાણ સામેના નફાને ઉપાડવા જતાં કમિશન પેટે વધુ ૧૩ લાખ ભરવાનું વેબસાઈટ પર જણાવવામાં આવતાં તેઓ છેતરાયા હોવાનો ખ્યાલ આવ્યો હતો. ત્યાર બાદ તેમણે ફરિયાદ નોંધાવી હતી. ■

# ધાર્મિક વિધિના બહાને ગૃહિણીનું વશીકરણ કરીને ૩૬ તોલા દાગીના સેરવી જનાર નકલી બાવાઓની ત્રિપુટી અંજારના મિંદીયાળાથી ઝડપાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: ગાંધીધામ શહેરના ટીમ્બર વેપારીની ધાર્મિક વૃત્તિ ધરાવતી પત્ની પાસે ધાર્મિક વિધિ કરવાનું તરકટ રચી, વશીકરણ કરીને ૩૬ તોલા સોનાના ઘરેણાં કપટપૂર્વક સેરવી નાસી ગયેલા અંજારના મિંદીયાળા ગામે ઝૂંપડામાં રહેતાં મૂળ ભચાઉના વાદીનગરના ત્રણ ચીટરોની સ્થાનિક ગુન્હાશોધક શાખાએ ધરપકડ કરી,સોનાના દાગીના સાથે ગુનામાં વપરાયેલાં માલ-સામાનને કબજે કર્યાં હતા.

ગત શનિવારે બપોરે ગાંધીધામના વોર્ડ ૭-ડીમાં રહેતા દિનેશ ભાણજી પટેલના ઘરે અજાણ્યો બાવો પાણી પીવાના નામે આવ્યો હતો. પાણી આપવા બહાર ગયેલાં અને ઘરે એકલાં રહેલાં ગીતાબેનની કમરે મેડિકેટેડ બેલ્ટ પહેરેલો જોઈને બાવાએ તેમને શરીરમાંથી નડતર દૂર કરી આપવાની વિધિ કરી આપવાનું જણાવ્યું હતું અને ગીતાબેનની બાવાએ ફોન પર તેના કહેવાતા ગુરુ સાથે વાત કરાવી જેમાં ગુરુએ આ વિધિ બાદ શરીરમાંથી નડતર દૂર થઈ જશે તેવી બાહેંધરી આપી હતી.

ઘરમાં પ્રવેશેલા અજાણ્યા બાવાએ પહેલા પાણી ભરેલો ગ્લાસ મંગાવ્યો, પછી તંત્ર- મંત્ર ફૂંકીને તે પાણી ગીતાબેન પર છાંટીને 'તમારા ઘરમાં ખોટાં સમયે સોનાના દાગીના આવી ગયાં છે. તેનું તાત્કાલિક શુદ્ધિકરણ કરવું પડશે' કહીને ઘરેણાંને માટલાંમાં લઈ આવવા કહ્યું હતું. આ સમયે વશીકરણમાં આવી ગયેલાં ગીતાબેને તમામ દરદાગીના માટલાંમાં ભરીને બાવાને સોંપી દીધા હતા.

ત્યારબાદ ધાર્મિક વિધિ કરવાના રચેલાં તરકટ દરમ્યાન છળકપટ પૂર્વક માટલાંમાં રહેલા ૩૬ તોલા સોનાના ઘરેણાં લઈને ઘરમાંથી ચાલ્યો ગયો હતો. ગીતાબેને અર્ધ બેભાન અવસ્થામાં પતિને ફોન પર જાણ કરતાં તેઓ ઘરે દોડી આવ્યા હતા અને ગાંધીધામ એ ડિવિઝન પોલીસ મથકે બાવા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

એલસીબીની ટુકડીઓએ ગણતરીના કલાકોમાં જ બાવો બનનાર તૂફાનનાથ ઊર્ફે શેતાનનાથ મીરકાનાથ વાદી, તેનો ગુરુ બનનાર જુલાનાથ રુમાલનાથ વાદી અને ગુનામાં મદદગારી કરનાર દેવનાથ પોપટનાથ વાદી (રહે. ત્રણે મૂળ વાદીનગર, ભચાઉ)નો પગેરું દબાવીને અંજાર તાલુકાના મિંદીયાળા ગામના નિર્જન સીમાડામાંથી ઝડપી પાડ્યાં હતા. ■